પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
JANUARY 1
# અબતક
સાંધ્ય દૈનિક 2026
તા. ૧-૧-૨૦૨૬, ગુરૂવાર
ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨ વર્ષ: ૧૪, અંક : ૨૫૨
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# માવઠાંએ શિયાળુ પાકને "વિંખી" નાખ્યો: ઘઉં, ચણાની સાથે આંબાને નુકશાની થશે

## આ વર્ષે ઠંડીએ જોર પકડ્યું નથી અને તેમાં પણ માવઠાના મારે રવિ સિઝનના ઊભા પાકમાં નુકસાન થવાની ભીતિઃ ઘઉં અને ધાણાના ઉત્પાદનમાં અસર થઈ શકેઃ હવે એક માસ કડકડતી ઠંડી પડે તો શિયાળુ પાકના ઉત્પાદનમાં સરેરાશ આવી શકે

**અબતક, રાજકોટ**

શિયાળાની ઋતુમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. આના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે, કારણ કે થોડા સમય પહેલાં થયેલા કમોસમી વરસાદ થયેલા નુકસાનમાંથી તેઓ હજુ બહાર આવ્યા નથી.

જો આ કમોસમી વરસાદ વધુ પ્રમાણમાં થશે, તો ખેડૂતોના ઉભા પાકને નુકશાન થવાની ભીતિ છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના તજજ્ઞ ડો.ગોહિલે જણાવ્યું હતું કે, આ વર્ષે ઠંડીએ ઝોર પકડ્યું નથી અને તેમાં પણ માવઠું આવતા રવિ સિઝનના ઊભા પાક જેવા કે ઘઉં, રાયડો, જીરું અને બટાકાને નુકસાન થવાની શક્યતા ઊભી થઈ છે. શિયાળામાં પડતો આ વરસાદ ખાસ કરીને રાયડો, એરંડા, જીરું અને ચણાના પાક પર સીધી અસર કરી શકે છે, જે પાક માટે હાનિકારક સાબિત થઈ શકે છે.પાકનું ઉત્પાદન વધારવા ૩ મહિના ઠંડી પડવી ખુબ જ જરૂરી છે. હવે માત્ર ઠંડીને એક માસ બાકી છે. જો આ માસમાં કડકટતી ઠંડી પડશે તો શિયાળુ પાકમાં ફાયદો થાય તેમ છે. માવઠાથી અને સંભવિત ઝાકળને કારણે પાકમાં ફૂગ લાગવી, દાણા કાળા પડવા તેમજ ઉપજમાં ઘટાડો થવાની શક્યતા છે.આ વર્ષે ઘઉં સહિતના પાકોમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી શક્યતા છે.

શિયાળુ પાકમાં તાપમાન વધે અને હવામાં ભેજનું પ્રમાણ વધે તેવા સંજોગામાં પાકમાં રોગનું પ્રમાણ વધતું હોય છે. ત્યારે સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, રાજકોટ જિલ્લો તેમજ કચ્છ

(અનુ. આઠમા પાને)

### માવઠા વરસતા આંબા પરથી મોર ખરી પડવાની શક્યતા



કેરીના પાકમાં હાલ મોર બેસવાનો સમયગાળો ચાલી રહ્યો છે. જેમાં વરસાદી માવઠા વરસતા આંબા પરથી મોર ખરી પડ્યા છે. સાથે જ વરસાદના કારણે હોપર મેંગો નામની જીવાત પણ થઈ શકે છે. હજુ ખાખડી પણ માર્કેટમાં આવી નથી, ત્યાં જ મોર ખરી પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ત્યારે આગામી દિવસોમાં પણ જો વાદળછાયાં વાતાવરણ વચ્ચે માવઠા શરૂ રહેશે તો ખેડૂતોની ચિંતામાં વધે તેમ છે.

### કાલથી ઠંડીનું જોર વધે તેવી સંભાવના




ગુજરાતનું હવામાન હવે સ્થિર રહ્યું નથી. ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમી અને ન વિચાર્યું હોય ત્યારે વરસાદ આવી જાય. બદલાતા આ ઋતુચક્રથી સૌથી વધારે કોઈ પરેશાન હોય તો તે જગતનો તાત છે.ત્યારે હવે કાલથી ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે કચ્છ અને પોરબંદર જિલ્લામાં હળવા વરસાદની શક્યતા છે. આ ઉપરાંત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છમાં હળવા માવઠાની સંભાવના છે.સૌરાષ્ટ્રમાં શહેરમાં વહેલી સવારથી ધુમ્મસભર્યું વાતાવરણ રહ્યું હતું અને પ્રદૂષણના સ્તરમાં પણ વધારો નોંધાયો હતો. ૧૧ જાન્યુઆરીથી આકરી ઠંડીનો રાઉન્ડ શરૂ થવાનો છે. ૧૮ જાન્યુઆરી સુધી ભારે આકરી ઠંડી પડવાની સંભાવના છે.

---

ચીપ 'ચીપ' નથી

# સાઉથ કોરિયાએ ૭૦૦ મિલિયન ડોલરની નિકાસ કરી ડંકો વગાડ્યો

## એઆઈ ચિપ્સની માંગથી સેમસંગ અને એસકે હાઈનિક્સને મોટો ફાયદો થયો



**અબતક**

વૈશ્વિક બજારમાં ચાલી રહેલી ઉથલપાથલ અને અમેરિકાની કડક વેપાર નીતિઓ વચ્ચે પણ દક્ષિણ કોરિયાએ વર્ષ ૨૦૨૫માં નિકાસના ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો છે. એઆઈના વધતા ક્રેઝ અને ચિપ્સની અભૂતપૂર્વ માંગને કારણે દક્ષિણ કોરિયાની નિકાસ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. ચાલો જાણીએ, કેવી રીતે આ દેશે પડકારોને અવસરમાં બદલી નાખ્યા.

ગત વર્ષે દક્ષિણ કોરિયાની કુલ નિકાસ અંદાજે ૫૮ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગઈ છે, જે અગાઉના વર્ષ કરતા ૩.૮% વધુ છે. એઆઈના વધતા ઉપયોગને કારણે ચિપ્સની નિકાસમાં ૨૦% નો જંગી ઉછાળો આવ્યો છે. માત્ર ચિપ્સ વેચીને દેશને ૧૭૩.૪ બિલિયન ડોલરની આવક થઈ છે. સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ જેવી કંપનીઓએ એઆઈ ડેટા સેન્ટર માટે જરૂરી મેમરી ચિપ્સ પૂરી પાડીને મોટો નફો મેળવ્યો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ આયાતી વસ્તુઓ પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જેનાથી દક્ષિણ કોરિયાની અર્થવ્યવસ્થા પર ખતરો હતો. છેલ્લી ઘડીએ થયેલી વાતચીત બાદ આ ટેરિફ ઘટાડીને ૧૫% કરવામાં આવ્યો હતો, જેનાથી કોરિયાને મોટી રાહત મળી છે. અમેરિકા સાથેના વેપાર યુદ્ધ અને વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે પણ, ટેકનોલોજીના જોરે દક્ષિણ કોરિયાએ પોતાની આર્થિક શક્તિ સાબિત કરી છે.

---

# ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ૭૫,૦૦૦ કેસનો ફેંસલો આપી કિર્તીમાન રચ્યો

### મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે વંચિત લોકોના ન્યાય માટે પ્રાથમિકતા આપવા માટે સિસ્ટમ બનાવી

### અપંગ, એસિડ હુમલાના પીડિતો, સિનિયર સિટીઝન ગરીબી રેખા નીચે જીવતા લોકો અને કાનૂની સહાય મેળવનારાઓની સુનાવણી ઝડપથી થશે



**અબતક, રાજકોટ**

૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ૭૫,૦૦૦ કેસોનો નિકાલ કર્યો, સામાજિક, શારીરિક અને આર્થિક રીતે વંચિત લોકો દ્વારા દાખલ કરાયેલી અરજીઓની યાદી અને સુનાવણીને પ્રાથમિકતા આપવા માટે સુપ્રીમ કોર્ટ ના ચીફ જસ્ટીસ સૂર્યકાંતે કેસોની ચાર શ્રેણીઓ બનાવી છે.આ નવી શ્રેણીમાં અપંગ , એસિડ હુમલાના પીડિતો, ૮૦ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સિટીઝન , ગરીબી રેખા નીચે જીવતા લોકો અને કાનૂની સહાય સેવાઓ દ્વારા કોર્ટમાં અરજી કરનારાઓ શામેલ છે,૨૦૨૫ની મુખ્ય ક્ષણોઃ સોમવાર અને શુક્રવારે સૂચિબદ્ધ ૮૦૦ થી વધુ કેસોની ભીડમાં ખોવાઈ ગયા હતા, જે અઠવાડિયાના બે દિવસ છે જ્યારે સુપ્રીમ કોર્ટની ૧૬ બેન્ચ નવી અરજીઓ સાંભળે છે અને નક્કી કરે છે કે તેમને લાંબી સુનાવણીની જરૂર છે કે કેમ.સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી તરફથી પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, "બારના

(અનુ. આઠમા પાને)

---

# ડિજિટલ ઈન્ડિયા રંગ લાવ્યું: નવેમ્બરમાં બ્રોડબેન્ડ કનેક્શન રૂ.૧૦૦ કરોડને પાર

## જિયો ૫૧ કરોડ સાથે પ્રથમ, એરટેલ ૩૧.૪ કરોડ ગ્રાહકો સાથે બીજા ક્રમે



**અબતક**

ભારતમાં 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાન હવે સાચા અર્થમાં રંગ લાવી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઝછ્અઈ) ના તાજા આંકડા મુજબ, નવેમ્બર ૨૦૨૫ સુધીમાં દેશમાં બ્રોડબેન્ડ વાપરતા લોકોની સંખ્યા ૧૦૦ કરોડને વટાવી ગઈ છે. આ એક મોટી સિદ્ધિ છે, કારણ કે માત્ર ૧૦ વર્ષ પહેલા એટલે કે ૨૦૧૫માં આ આંકડો માંડ ૧૩ કરોડની આસપાસ હતો. આમ, છેલ્લા દાયકામાં ઈન્ટરનેટના વપરાશમાં આશરે ૬ ગણો તોતિંગ વધારો જોવા મળ્યો છે.

આ આંકડાઓમાં સૌથી વધુ ફાળો મોબાઈલ દ્વારા ચાલતા ઈન્ટરનેટનો છે. ઓક્ટોબર મહિના સુધી દેશમાં આશરે ૧૦૦ કરોડ ગ્રાહકો હતા, જેમાં ૯૫.૫ કરોડ લોકો મોબાઈલ નેટવર્કથી અને ૪.૫ કરોડ લોકો વાયર્ડ કે ફિક્સ્ડ લાઈન દ્વારા ઈન્ટરનેટ વાપરી રહ્યા હતા. નવેમ્બર આવતા સુધીમાં આ આંકડો ૧૦૦.૪ કરોડ પર પહોંચી ગયો છે, જે દર્શાવે છે કે હવે દેશના ખૂણે ખૂણે લોકો ડિજિટલ સુવિધાઓ સાથે જોડાઈ રહ્યા છે.

કંપનીઓની વાત કરીએ તો, રિલાયન્સ જિયો ૫૧ કરોડ ગ્રાહકો સાથે બજારમાં સૌથી આગળ છે, જેમાં મોબાઈલ અને ઘરના બ્રોડબેન્ડ બંનેનો સમાવેશ થાય છે. ત્યારબાદ એરટેલ ૩૧.૪ કરોડ ગ્રાહકો સાથે બીજા નંબરે છે. વોડાફોન-આઈડિયા પાસે ૧૨.૮ કરોડ અને સરકારી કંપની બીએસએનએલ પાસે આશરે ૩.૫ કરોડ ગ્રાહકો છે. આ આંકડા સાબિત કરે છે કે સસ્તો ડેટા અને સ્માર્ટફોનની સુલભતાને કારણે ભારત દુનિયાના મોટા ડિજિટલ દેશોમાં સામેલ થઈ ગયું છે.

---

# પ્રથમ 'વંદે ભારત સ્લીપર ટ્રેન' દિલ્હી અને કોલકતા વચ્ચે દોડશે

## મહિનાના ત્રીજા અઠવાડિયા વંદે ભારત સ્લીપર ટ્રેન' શરૂ થવાની શક્યતા



**અબતક, નવી દિલ્હી**

દિલ્હીથી કોલકાતા જવું હવે વધુ આરામદાયક અને ઝડપી બનશે. આ મહિનાના અંત સુધીમાં દેશની પહેલી 'વંદે ભારત સ્લીપર ટ્રેન' શરૂ થવાની છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણીઓ યોજાય તે પહેલાં સરકાર આ ખાસ ટ્રેનને લીલી ઝંડી આપીને જનતા માટે ખુલ્લી મૂકી શકે છે. આ ટ્રેન શરૂ થવાથી મુસાફરોને લાંબી મુસાફરીમાં સૂવાની અને આધુનિક સુવિધાઓનો લાભ મળશે.

રેલ્વે વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ નવી ટ્રેનનું તમામ ટેસ્ટિંગ પૂરું થઈ ગયું છે અને તે હવે પાટા પર દોડવા માટે એકદમ તૈયાર છે. સરકારનો ઉદ્દેશ્ય છે કે આખા દેશમાં આવી આધુનિક ટ્રેનો પહોંચાડવામાં આવે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, આ મહિનાના ત્રીજા અઠવાડિયાની આસપાસ આ ટ્રેનમાં લોકો મુસાફરી કરી શકશે તેવી આશા છે. આ ટ્રેન કેટલી સુરક્ષિત અને સ્થિર છે તે બતાવવા માટે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે એક વિડિયો પણ જાહેર કર્યો છે. ટ્રાયલ દરમિયાન આ ટ્રેન ૧૮૦ની સ્પીડે દોડતી હતી, છતાં ટ્રેનની અંદર ટેબલ પર ભરેલો પાણીનો ગ્લાસ જરા પણ હલ્યો નહીં કે પાણી નીચે પડ્યું નહીં. આનો અર્થ એ છે કે ટ્રેન ગમે તેટલી ઝડપથી દોડશે, પણ મુસાફરોને અંદર ધક્કા લાગશે નહીં અને તેમની મુસાફરી ખૂબ જ શાંતિપૂર્ણ રહેશે.

---

ડાયમંડ ફોર એવર

# ધનાઢ્ય લોકો હીરા નહીં પરંતુ કલર હીરા તરફ વધુ આકર્ષાયા

## દુર્લભ પીંક, બ્લુ અને યલો હીરા તરફ અમીરોનું આકર્ષણ: છેલ્લા એક વર્ષમાં આવા હીરાની કિંમતો અને માંગ બન્ને વધ્યાં



**અબતક, નવી દિલ્હી**

ભારતના ખૂબ જ અમીર લોકો હવે પરંપરાગત સફેદ હીરા કરતાં વધુ દુર્લભ પીંક, બ્લુ અને યલો હીરા ખરીદી રહ્યા છે. આ હીરા માત્ર આભૂષણ તરીકે નહીં, પણ રોકાણ તરીકે પણ લોકપ્રિય થઈ રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં કિંમતો વધીને પણ માંગ ૨૦-૨૫ ટકા વધી છે.

વેપારીઓ અને જ્વેલર્સ કહે છે કે, કોવિડ પછી ભારત રંગીન હીરાનો સૌથી ઝડપથી વિકસતો બજાર બન્યું છે. આનું કારણ નવી પેઢીના યુવા અને વૈશ્વિક અનુભવવાળા અલ્ટ્રા હાઈ નેટ વર્થ વ્યક્તિઓ (એચએનઆઈ) છે, જેઓ પોતાની સંપત્તિ વધારવા માટે આમાં રસ લે છે.

રંગીન હીરાની કિંમતો ઘણી વધુ છે. સામાન્ય સફેદ હીરા એક કેરેટના ૧ લાખથી ૭ લાખ રૂપિયા થાય છે, પણ પીંક હીરા ૧૫ લાખથી ૧૫ કરોડ સુધી અને બ્લુ હીરા ૨૫ લાખથી ૧૫ કરોડ સુધી મળે છે. વિશ્વભરના અમીરો અને વેપારીઓ વિવાહ અને વિશેષ પ્રસંગો માટે આ હીરા પહેરે છે, જેનાથી

(અનુ. આઠમા પાને)

### એશિયામાં રંગીન હીરાનું આકર્ષણ સૌથી વધુ

રંગીન હીરા વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, ખાસ કરીને એશિયામાં. જુલાઈમાં નેચરલ ડાયમંડ કાઉન્સિલ (એનડીસી)ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૪માં રંગીન હીરાનું વોલ્યુમ ૪.૫ બિલિયન ડોલરથી વધુ છે. આ ડેટા ઈઝરાયલના ફેન્સી કલર રિસર્ચ ફાઉન્ડેશન (એફસીઆરએફ) પાસેથી છે.

### વિશ્વમાં ઉત્પાદિત હીરાઓમાં ૧ ટકા જ રંગીન હીરાઓ હોય છે

ઉદ્યોગના નેતાઓ કહે છે કે વૈશ્વિક હીરા ઉત્પાદનના ૧% કરતાં ઓછા રંગીન હીરા છે, અને માત્ર થોડા ખાણોમાંથી મળે છે. ૨૦૨૦માં રિયો ટિન્ટોનું આર્ગાઈલ ખાણ બંધ થયું, જે વિશ્વના ૯૦% પીંક અને રેડ હીરા આપતું હતું. ત્યારથી કોઈ વૈકલ્પિક સ્ત્રોત નથી મળ્યું, જેથી સપ્લાય ખૂબ જ ઓછી થઈ છે અને વેપારીઓ જૂના સ્ટોક માટે મજબૂર છે. આ ટ્રેન્ડથી ભારતીય જ્વેલરી બજારમાં નવો ઉત્સાહ છે, અને રંગીન હીરા હવે ફક્ત સૌંદર્ય માટે નહીં, પણ ભવિષ્યના રોકાણ માટે પણ જાણીતા થઈ રહ્યા છે.

જોઈએ છે વાયરમેન
પાર્ટ/ફુલ ટાઈમ હાજરી ૭૦૦ રૂા.
રહેવાની સગવડ મળશે
અપ્પુ
ખમણ માટે સ્પેશ્યલ
ચણાદાળ
ગુજરાતના તમામ જિલ્લા-તાલુકા લેવલે એજન્સી આપવાની છે
98242 00970 દયાલ દાલ રાજકોટ

# હૂંફનો હાથ, લાગણીનો સાથ: બાળકના હૃદયભંગમાં માઁ-બાપની ભૂમિકા

## તમારે સમજવું પડશે કે આ સમસ્યા તમારા સંતાનની છે, તમારી નહી તમે તેની સાથે ફક્ત તેને સધિયારો આપવા માટે છો, સમસ્યાને ઉકેલવા માટે નહીં: બાળકોના ભાવનાત્મક વિકાસ અને સુખી જીવન માટે સધિયારો આધારસ્તંભ સમાન

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના યુગમાં બાળકના ઉછેર સાથે દરેક મા-બાપે બાળકનું મનોવિજ્ઞાન સમજવું પડશે. આજે જ્યારે પણ સમય મળે ત્યારે બાળક સાથે સમય વિતાવવાથી તેનો સર્વાંગી વિકાસ ઝડપી થાય છે. સંસારનું સૌથી મોટું સુખ માતૃત્વ અને પિતૃત્વ પ્રાપ્ત કરવાનું હોય છે. દરેક બાળકની સાથે માત્ર એક જ નહિં પરંતુ ત્રણ નવી જીંદગીની શરૂઆત થાય છે. જ્યારે કોઈ દંપતિને ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે તે સ્ત્રી-પુરૂષ મટીને માતા-પિતા બને છે અને તેમાં વૈયકિતક પરીણમે છે. પરંતુ જ્યારે બાળકો મોટા થઈને મુગ્ધાવસ્થામાં પહોંચે છે. ત્યારે તેમનું સર્વસ્વ કોઈ અજાણ્યું માણસ બની જાય છે. પોતાના જીવનની તમામ ખુશીઓને તે કોઈ એવી વ્યક્તિના હાથમાં સોંપી દે છે. જેને દૂર-દૂર સુધી તેની કોઈ ચિંતા નથી હોતી.દરેક માણસ પોતાના જીવનના એક તબક્કામાં આ અવસ્થામાંથી પસાર થાય છે. આ અવસ્થા એટલે પ્રેમની અવસ્થા, કોઈના વ્યક્તિત્વમાં મુગ્ધ થવાની અવસ્થા. આજના સમયમાં યુવાવસ્થામાં રહેલ માતા-પિતાઓ પણ એક સમયે મુગ્ધાવસ્થામાંથી પસાર થયા હશે. પરંતુ ત્યારનો સમય અલગ હતો, અત્યારે જો કોઈનું હૃદયભંગ થાય તો જે તે વ્યક્તિને જ પોતાનું સર્વસ્વ માનીને કંઈક કરી દેખાડવાની ભાવના પ્રગટાવે છે. હૃદય ભંગ થયેલા બાળકો માટે માતા-પિતાનો સધિયારો એટલો જરૂરી છે કે તે બાળકના



ભાવનાત્મક ઘાવને ધીમે ધીમે ભરી શકે છે, અને તેને ફરીથી જીવનમાં વિશ્વાસ સાથે આગળ વધવાની તાકાત આપે છે.આજનો સમય તદ્દન વિરુધ્ધ છે. આજે બાળકો પાસે મોબાઈલ ફોન આવ્યો છે, મોકળાશ વધી છે. સોશિયલ મીડિયા નામનું શસ્ત્ર આવ્યું છે અને આ બધાના પરોક્ષ પરિણામે સંતાનમાં આગળ વધી જવાની ભાવનાનો અંત આવ્યો છે. આ સમયે માતા-પિતાની ફરજ છે કે તેઓ તેના સંતાનોની પડખે ઉભા રહીને તેમના મિત્રો બનીને તેમને સાચો રસ્તો બતાવે. જો તમારું સંતાન તેના પ્રથમ બ્રેકઅપ કે હૃદયભંગ સમયે કિશોરાવસ્થામાં હોય તો તેને સૌથી વધુ જરૂર માતા-પિતાની પડે છે.તમારે સમજવું પડશે કે આ સમસ્યા તમારા સંતાનની છે, તમારી નહિં તમે તેની સાથે ફક્ત તેને સધિયારો આપવા માટે છો. સમસ્યાને ઉકેલવા માટે નહીં. માતા-પિતાએ સંતાનોને સામનો કરવા મદદરૂપ થવું, તેમને ગમતું કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ. આવા સમયે મુશ્કેલી થાય છે. કારણ કે આ અવસ્થામાં વ્યક્તિ દરેક લાગણીઓને તીવ્ર રીતે અનુભવતા હોય છે. તેમના માટે તેમના લક્ષ્ય પર ટકી રહેવું મુશ્કેલ બને છે અને ભટકી પણ જાય છે, પરંતુ તે સમયે કોઈ સ્વાનુભૂતિ કે કાલ્પનિક વાર્તા કહીને આ ઉંમરે એ બધુ સામાન્ય છે, તેમ કહેવાનું નથી. જ્યારે તેમની પીડા ઓછી થાય ત્યારે આ બધું તેને રાહત અને પ્રેરણા આપશે, તાજા-તાજા તે કંઈ સાંભળવા નહીં માંગે પરંતુ તમે તેને સાંભળો તેવું ઈચ્છશે. તેમની પીડાને સામાન્ય સમજવાની ભૂલ ન કરો. બ્રેકઅપ કે હૃદયભંગની અવસ્થામાં એવું બની શકે કે તેઓ વધુ સમય એકલા પસાર કરવા માંગે તો તેઓને એમ કરવા દો. બસ તેમની એટલી ખબર હોવી જોઈએ કે પરિસ્થિતિ વિશે જ્યારે પણ તેઓ વાત કરવા ઈચ્છે, ત્યારે તમે વાત સાંભળવા તૈયાર હોવ જોઈએ. તેમને એવું સમજાવો કે સોશિયલ મીડિયા પર જે તે વ્યક્તિની નિંદા કરવી યોગ્ય નથી કારણકે આ વાત પર તેઓને કદાચ પાછળથી પસ્તાવો થઈ શકે છે. સંતાનોને આ પરિસ્થિતિનો સામનો કરવામાં મદદ કરો, તેઓને ગમતી રમતો રમવા દો. તેઓને એવું ન લાગવું જોઈએ કે જો તેઓ



દેખાવમાં વધુ સારા હોત વધુ પ્રભાવશાળી. રીતે વાતચિત કરતા હોત તો આવુ કંઈ ન થયું હોત. આ વાતને ધ્યાનમાં રાખીને જ તેઓ દુઃખની અનુભૂતિ કરે તે અગત્યનું છે. તેઓએ પોતાની પીડાનો સ્વીકાર કરીને પોતાની જાતને પાછી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.જો તમારું સંતાન આ પીડામાં બે અઠવાડિયા કરતાં વધારે સમય રહે છે, તો તમે કોઈ નિષ્ણાંતની મદદ લઈ શકો છો, યાદ રાખો, તમે તમારા બાળકને સાચા-ખોટા વિશે ગમે તેટલો કહેવાનો પ્રયત્ન કરશો. અમુક પરિસ્થિતિઓ અનિવાર્યપણે સર્જાશે જ, તેથી જ્યારે જે થાય તે થવા દો અને તમારા સંતાનને પ્રેમ અને હુંફ આપતા રહો. હૃદયભંગ એ બાળકો માટે એક તીવ્ર ભાવનાત્મક અનુભવ હોય છે, જે તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે. આ સમયે માતા-પિતાનો સહારો અત્યંત જરૂરી છે કારણ કે બાળકો હજુ પરિપક્વ નથી અને તેમની લાગણીઓને સમજવા અને તેની સાથે વ્યવહાર કરવા માટે તેમને માર્ગદર્શનની જરૂર પડે છે. જો માતા-પિતા તેમના બાળકને સાંભળે, તેમની વેદના સમજે અને તેમને આશ્વાસન આપે તો બાળકોને એકલતા અને નિરાશાના ભાવથી બચાવી શકાય છે, જે અન્યથા તેમને ડિપ્રેશન કે આત્મવિશ્વાસના અભાવ તરફ જઈ શકે છે.

માતા-પિતાનો સહારો બાળકોને તેમની લાગણીઓને વ્યક્ત કરવાની તક આપે છે, જે તેમના મનમાંથી બોજને હળવો કરે છે. આ સહારો કેવળ શબ્દોમાં જ નહીં, પરંતુ ક્રિયાઓમાં પણ હોવો જોઈએ, જેમ કે તેમને વધુ સમય આપવો, તેમની સાથે વાત કરવી અને તેમને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રોત્સાહિત કરવું. આવા સમયે જો માતા-પિતા તેમના અનુભવો શેર કરે અને સલાહ આપે તો બાળકોને ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓનો સામનો કરવાની તાકાત મળે છે, જે તેમના વ્યક્તિત્વના વિકાસમાં મદદરૂપ થાય છે.

લાંબા ગાળે જોવા જઈએ તો, હૃદયભંગના સમયે માતા-પિતાનો સહારો બાળકોને મજબૂત અને સ્વતંત્ર બનાવે છે, જે તેમના જીવનના અન્ય પડકારોમાં પણ કામ આવે છે. આ સહારો વિના બાળકો અસુરક્ષિત અનુભવ કરી શકે છે અને તેમના સંબંધોમાં વિશ્વાસની કમી આવી શકે છે. તેથી, આ સહારો માત્ર તાત્કાલિક રાહત જ નહીં, પરંતુ બાળકોના ભાવનાત્મક વિકાસ અને સુખી જીવન માટે આધારસ્તંભ સમાન છે.

**હૃદયભંગના સમયે માતા-પિતાનો સહારો બાળકોને મજબૂત અને સ્વતંત્ર બનાવે છે, જે તેમના જીવનના અન્ય પડકારોમાં પણ કામ આવે છે: તમારા સંતાનોની વાત સાંભળો, સમજો અને સહયોગ આપો**

# અંગ્રેજી વર્ષ ૨૦૨૬માં ૧૨ રાશીઓના ફળ

શાસ્ત્રી રાજદીપ જોષી
(વેદાંત રત્ન)

પોષ શુદ તેરશને ગુરૂવાર તા. ૧-૧-૨૦૨૬ના દિવસથી ખ્રિસ્તીવર્ષની શરૂઆત થશે ખાસ કરીને આ વર્ષ દરમ્યાન પુરૂષોતમ માસનો લાભ મળશે આ વર્ષે હોળીના દિવસે એક ચંદ્રગ્રહણ દેખાશે. ૨૦૨૬ દરમ્યાન ગુરૂગ્રહ મિથુન રાશીમાં ત્યારબાદ કર્ક રાશીમાં અને નવેમ્બર, ડિસેમ્બર મહિના દરમ્યાન સિંહ રાશીમાં રહેશે. રાહુ ગ્રહ કુંભ રાશીમાં તથા કેતુ ગ્રહ કર્ક રાશીમાં રહેશે. જે રાહુ ૫-૧૨-૨૬ના દિવસે રાશી બદલશે મકર રાશીમાં આવશે. જયારે શનીગ્રહ મીન રાશીમાં રહેશે.

**બાર રાશીનું ૨૦૨૬નું રાશીફળ**

**મેષ (અ.લ.ઈ.):** મેષ રાશીના જાતકો ને શનીની મોટી પનોતી લોઢાને પાયે આખા વર્ષ દરમ્યાન ચાલશે તે ઉપરાંત ગુરૂ તથા રાહુ શુભ રહેશે ખોટી દોળધામથી બચવું વિચારો ઉપર કાબુ રાખવો વ્યશનોથી દૂર રહેવું આ વર્ષે આપની આવક મધ્યમ રહેશે. ખાસ કરીને કરીયાણાનો વ્યાપાર, લોખંડનો વ્યાપાર કરતા હો તો ખુબ ખ્યાલ રાખવો નોકરી કરતા લોકોને કામનો બોજો રહી શકે છે. બહેનોમાટે પણ જસ મળવાની આશા વગર કામ કરવું વિદ્યાર્થી માટે આ વર્ષ મધ્યમ ગણાય હનુમાનજીની ઉપાસના ફળદાઈ રહેશે.

**વૃષભ (બ.વ.ઉ):** વૃષભ રાશીના જાતકોને આ વર્ષ દરમ્યાન કોઈ નાની મોટી પનોતી નથી. રાહુ પણ દોષ કારક નથી ગુરૂ પણ સહાયક છે. આ વર્ષ પ્રગતીકારક જશે જેટલી મહેનત કરો તેટલુ ફળ પામસો મહેનત પ્રમાણે વ્યાપારમાં અને નોકરીમાં આ વર્ષ લાભ મળવાની સંભાવના ખરી બહેનો માટે પણ આ વર્ષ સારૂ છે. વિદ્યાર્થી વર્ગ માટે આ વર્ષ ઉતમ છે. કુળદેવીની ઉપાસના ફળદાઈ રહેશે.

**મિથુન (ક.છ.ઘ.):** મિથુન રાશીના જાતકો માટે કોઈ નાની મોટી પનોતી નથી રાહુ પણ શુભ છે ખાસ કરીને વર્ષની શરૂઆતમાં આપની રાશીમાં ગુરૂ રહેતા ગજકેશરી યોગ બનશે જે માર્ચ મહિના સુધી લાભકારક છે ખાસ કરીને આ વર્ષ તમારી જેટલી બુધ્ધિ શકિતનો આધ્યાત્મિક શકિતનો ઉપયોગ કરશો તેટલો લાભ આપને ભવિષ્યમાં વ્યાપારમાં અને નોકરીમાં મળશે આ વર્ષે નવા આયોજનો કરવા ઉતમ રહેશે. ભાગ્યોદય થશે બહેનોમાટે પણ કઈ નવું કરવાની તક મળશે વિદ્યાર્થીગણ માટે આ વર્ષ ઉતમ ગણાશે શ્રી કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી.

**કર્ક (ડ.હ):** કર્ક રાશીના જાતકોને આ વર્ષ દરમ્યાન રાહુ આઠમા સ્થાનેથી પસાર થશે ાનીની નાની મોટી પનોતી નથી જયારે ૧૧ માર્ચ ૨૦૨૬થી ગજકેશરી યોગ બનશે આઠમે રાહુલના કારણે વાહનધીમે ચલાવવું વારસાગત બીમારીઓથી ખ્યાલ રાખવો વારસાગત વ્યાપાર જાળવીને કરવો. ૧૧ માર્ચ બાદ થોડી રાહત મળે પ્રગતી થાય નોકરીમાં પ્રમોશનના યોગ ખરા વ્યાપારમાં જથ્થાબંધ વ્યાપાર કરતા હોય તેને વધારે લાભ મળો. બહેનો માટે ખાસ સુચના કાવાદાવામાં વચમાં પડવું નહી વિદ્યાર્થી માટે એકચિંતે અભ્યાસ કરવાથી લાભ મળે. મહાદેવજીની ઉપાસના કરવી ઉતમ.

**સિંહ (મ.ટ):** સિંહ રાશીના જાતકોને શનીની નાની પનોતી ૨૦૨૬ દરમ્યાન લોઢાના પાયે ચાલશે જે કષ્ટદાઈ ગણાય મહેનત વધારે કરાવે જોકે બીજા ગ્રહો લાભ કારક છે આ વર્ષ દરમ્યાન ખાસ કરીને બચતોનું જોર વધારે રાખવું જરૂરી બનશે સંતાનોના ભવિષ્યઅંગે તકેદારી રાખવી વ્યાપારમાં આયોજન પૂર્વક કામ કરવું નોકરીમાં મધ્યમ વર્ષ રહેશે બહેનો માટે પણ આ વર્ષ મધ્યમ રહેશે. ખાસ કરીને આ વર્ષ દરમ્યાન ઝેરી બીમારી તથા ગેસ અપચાની બીમારીથી સાવચેત રહેવું જરૂરી બનશે. વિદ્યાર્થી લોકોને થોડી વધારે મહેનત બાદ લાભ મળે. સૂર્ય ઉપાસના તથા શનીગ્રહની ઉપાસના કરવી શનીવારના એકટાણા રહેવા.

**કન્યા (પ.ઠ.ણ):** કન્યા રાશીના જાતકોને આ વર્ષે નાની મોટી પનોતીનથી રાહુ પણ શુભ છે આ વર્ષે પ્રગતીકારક ગણાય ભાગ્યોદય કારક ગણાય રાહુ તથા ગુરૂ અને શની આપના માટે શુભ ચાલી રહેલ છે. પ્રગતી કરાવશે વ્યાપારમાં નવા આયોજન કરી શકો શત્રુઓ દૂર થાય નોકરીમાલાભ મળે પ્રમોશન નવી નોકરીના યોગ ખરા બહેનો માટે પણ આ વર્ષ સારૂ રહેશે. કુટુંબમાં માન સન્માન મળે વિદ્યાર્થીઓમાટે ઉચ્ચ અભ્યાસના યોગ બને છે શ્રી કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી.

**તુલા (ર.ત.):** તુલા રાશીના જાતકોને આ વર્ષદરમ્યાન શનીની નાની મોટી પનોતી નથી રાહુ વર્ષના અંત સુધી શુભ છે ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ મકર રાશીમાં પ્રવેશતા વર્ષના અંતિમ દિવસોદરમ્યાન ખ્યાલ રાખવો. ભૌતિક સુખોની પ્રાપ્તી થાય જોકે ખર્ચાઓમા પણ વધારો થાય. વ્યાપાર માટે ઉતમ વર્ષ ગણાય પ્રગતી થાય વર્ષની શરૂઆતમાં વિદેશ વ્યાપારથી લાભ મળે. નોકરીયાત વર્ગને નવી તકના યોગ ખરા. બહેનો માટે જે બહેનો ગૃહ ઉદ્યોગ કરે છે તેના વ્યાપારમાં કામમાં પ્રગતી થાય સંતાનો બાબતે ખ્યાલ રાખવો. વિદ્યાર્થી લોકોએ આ વર્ષ ખોટી સોબતોથીદૂરરહેવું જરૂરી નહિતર નુકશાન થઈ શકે છે. લક્ષ્મીજીની વિષ્ણુ ભગવાન સહિત ઉપાસના કરવાથી લાભ મળે.

**વૃશ્ચિક (ન.ય):** વૃશ્ચિક રાશીના જાતકોને આ વર્ષ નાની મોટી પનોતી નથી. રાહુ ચોથા સ્થાનેથી પસાર થાય છે. આથી જમીન, મકાન, વાહન લેતા પૂર્વ ખુબ ખ્યાલ રાખવો જરૂરી બનશે કુટુંબીક કામમાં જશ મળવાની આશા રાખવી નહિ. જેટલુ કામ કરશો તેટલુ ફળ મળશે વ્યાપાર થોડો મંદ રહે નોકરીયાત વર્ગ માટે આ વર્ષ મધ્યમ ગણાય. બહેનોએ ધાર્મિક બની ફળની આશા જસની આશા રાખ્યા વગર આ વર્ષ ઘરમાં કામ કરવાનું છે. શાંતીથી વર્ષ પસાર કરવું. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એકડમીશનમાં પ્રોબ્લેમ થઈ શકે છે. ગણપતી દાદાની ઉપાસના કરવી રાહુ માટે બુધવારનો એકટાણા રહેવા મહાદેવજીને કાળા તલ ચડાવવા રૂદ્રી કરાવી.

**ધન (ભ.ફ.ધ):** ધન રાશીના જાતકોને આ વર્ષ દરમ્યાન શનીની નાની પનોતી લોઢાના પાયે ચલશે જે કષ્ટ અપાવે જયારે રાહુ પરાક્રમ ભુવનમાંથી પસાર થશે જે લાભ કારક રહે આથી આ વર્ષ આપના માટે મિશ્ર રહે. ધણી દોળધામ બાદ પણ વ્યાપારમાં લાભ મળે ખરો ખર્ચાઓ વધે વ્યાપારમાં ખર્ચાઓમાં કાબુ રાખવો જરૂરી બનશે. નોકરીયાત વર્ગને આ વર્ષ મધ્યમ રહેશે જે જન્મનો ગુરૂ સારો હશે તો પ્રગતી કરાવશે. બહેનોમાટેઆ વર્ષ મિશ્ર રહેશે ઘરમાં ચોખ્ખાઈ રાખવી જરૂરી અને સારી બનશે તીખા તથા તેલવાળા ખોરાક ઓછો ખાવો વિદ્યાર્થીઓ માટે આ વર્ષ થોડુ કસોટી કારક ગણાય આથી વધારે મહેનતની જરૂર ખરી ગુરૂ મંત્રના જપ કરવા ગુરૂવારના એકટાણા રહેવા.

**મકર (ખ.જ.):** મકર રાશીના જાતકોને આ વર્ષ નાની મોટી પનોતી નથી અને રાહુ પણ મધ્યમ શુભ છે. આ વર્ષ ખાસ કરીને આપનો વાણી વ્યવહાર શુધ્ધ રાખવો વ્યશનોથી દૂર રહેવું ખોટુ બોલવાનું ઓછુ રાખવું વ્યાપારમાં પણ બોલી મીઠી રાખવી ધન મેળવા મે કાવાદાવા કરવા નહી નહીતર ફસાઈ જશો આ વર્ષ વ્યાપારી લોકો માટે મધ્યમ રહેશે. નોકરીયાત લોકોને થોડો લાભ મળવાની શકયતા ખરી ધન ની બચત કરવી દાતની બીમારી તથા આંખોની બીમારીથી સાવચેત રહેવું બહેનો માટે આ વર્ષ મધ્યમ રહેશે વિદ્યાર્થીઓને આ વર્ષ લાભ મળી શકે છે. મહેદેવજીની ઉપાસના કરવી શુભ રહેશે.

**કુંભ (ગ.શ.સ):** કુંભ રાશીના જાતકોને શનીની મોટી પનોતીનો અંતિમ તબકકો ચાલે છે. પગેથી પસાર થઈ રૂપાને પાયે છે.લાભ કારક ગણાય દેહ ભુવનમાંથી રાહુ પસાર થશે ચિંતા કરાવે વિચારવાયું રહે આરોગ્ય જાળવું જરૂરી દાંમ્પત્ય જીવનમરાં વિવાદ આવી શકે છે.વ્યાપાર માટે જે લોકો ભાગીદારીથી વ્યાપાર કરે છે.તેવોએ સાવચેત રહી અને લખાણથી વ્યાપાર કરવો. નોકરીયાત વર્ગે આ વર્ષ શાંતી પૂર્વક અને સમદારી પૂર્વક કામ કરી અને પસાર કરવુહ. બહેનોએ ધર્મપુજા પાઠમાં ધ્યાન આપી માનસીક શાંતી મેળવી. વિદ્યાર્થી વર્ગે આ વર્ષદરમ્યાન ખોટો વિચારવાયું રાખવો નહિ. શનીવારના એકટાણા રહેવા હનુમાનજીની ઉપાસના કરવી.

**મીન (દ.ચ.ઝ.થ):** મીન રાશીના જાતકોને શનીની પનોતીનો બીજો તબકકો છાતીએથી પસાર થાય છે. સોનાના પાયે છે. ચિાતા કરાવે રાહુ બારમેથી પસાર થાય છે. ખોટી સોબત ખોટા મિત્રો અને વ્યસનોથી દૂર રહેવું ખર્ચા ઉપર કાબુ રાખવો આરોગ્યનું ધ્યાન રાખવું ખોરાકમાં પરેજી રાખવી જરૂરી. વ્યાપારમાં દેવું કરવું નહિ સાવચેતી રાખવી કોઈના ઝઘડામાં પડવું નહિ.રાહુ મોટી લાલચ આપી અને ફસાવી શકે છે. નોકરીયાત વર્ગ અધિકારી સાથે તાલમેલ રાખી નોકરી કરવી વધારે પગારની લાલચમાં આવવું નહિ. બહેનોએ ઘરમાં શાંતી પૂર્વક સમજદારી પૂર્વક વાતાવરણ જાળવું જતુ કરવાની ભાવના રાખવી. વિદ્યાર્થીઓએ આ વર્ષે વધારે મહેનત કરવી પડશે. શનીવારના એકટાણા રહેવા શિવ તથા હનુમાનજીની ઉપાસના કરવી.

ખાસ કરી જન્મકુંડળી રાશીકુંડળી તથા ગ્રહબળ મહાદશા પણ રાશી ફળમાં મહત્વનો ભાગ ભજવે છે. આથી બધુ સાથે ઉમેરીતો વધારે મળતુ રાશીફળ આવે.

**ભારત દેશ માટે ૨૦૨૬નું વર્ષ કેવું રહેશે**

૨૩-૨-૨૦૨૬ થી ૨-૪-૨૦૨૬ સુધી ગોચરના રાહુ મંગળ સાથે રહેશે આ સમય ગાળો આકસ્મીક ઘટના માટે દેશ દુનીયા માટે મહત્વનો રહેશે આ સમય ગાળા દરમ્યાન ભારતના પશ્ચિમ ભાગમાં કોઈ મોટી દુર્ઘટના બની શકે છે. ભારતમાં રાજકીય અસ્થીતા રહે વાદ વિવાદો માં વધારો થાય ગુનાખોરીમાં વધારો થશે હજુ પણ અમેરીકા સાથેના સંબંધો આ વર્ષે પણ સુધરતા જણાતા નથી. સોનાચાંહદીના ભાવમાં માર્ચ મહિના સુધી વધઘટ રહેશે માર્ચ મહિના બાદ સોના ચાંદીના ભાવમા સ્થિરતા આવી શકે છે. ખાસ કરીને દેશના દરેક નાગરીકે ફેબ્રુઆરી અને માર્ચ મહિના દરમ્યાન સાવચેત રહેવું જરૂરી છે. અપ્રીય ઘટના બની શકે છે.

# રાજકોટમાં કાલથી ત્રણ દિવસ સત્સંગ મહોત્સવ

## હળવદના શ્રી હરિકૃષ્ણધામ (રણજીતગઢ)ના સંતોનો જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને નિમંત્રણ

**અબતક, રાજકોટ:** હરિભકતોના આસ્થાના કેન્દ્ર સમા હળવદ તાલુકાના શ્રીહરિકૃષ્ણધામ (રણજીતગઢ)ના સંતો દ્વારા રાજકોટવાસી ભક્તજનો માટે તા.૨ જાન્યુઆરીથી ત્રણ દિવસીય સત્સંગ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.વધુ વિગત મુજબ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન દ્વારા શિક્ષાપત્રી લખાઈ, તેને ૨૦૦ વર્ષો પૂર્ણ થતા અમદાવાદ કાળુપુર તથા મુળીધામ ખાતે સમૈયો ઉજવાશે. તેના ઉપલક્ષમાં આચાર્ય શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને સદગુરુ દેવ શ્રીવિજ્ઞાનદાસજી સ્વામીના શુભ આશીર્વાદથી હળવદ-માળિયા ધોરીમાર્ગ પર આવેલા શ્રીહરિકૃષ્ણધામ (રણજીતગઢ)ના સાધુ સંતો દ્વારા રાજકોટ શહેરના પંચનાથ મંદિર પાસે પંચનાથ પ્લોટ ભગવાન ભુવનની વાડી ખાતે આગામી તારીખ ૨ જાન્યુઆરી ને શુક્રવારથી ત્રણ દિવસીય સત્સંગ જ્ઞાનયજ્ઞ યોજાશે. ત્રણ દિવસીય સત્સંગ જ્ઞાનયજ્ઞમાં દરરોજ રાત્રે ૯ થી ૧૧ સત્સંગ કથા, તા. ૪ જાન્યુઆરીના રોજ સવારે ૧૦થી ૧૨:૩૦ બાલમંચ, સાંજે ૩ થી ૫ યુવા મંચ અને સાંજે ૫થી ૭ કલાકે શાકોત્સવ યોજાશે. સત્સંગ જ્ઞાનયજ્ઞ મહોત્સવનો ધર્મલાભ લેવા સૌને અનુરોધ કરાયો છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૧૨:૨૦ મેષ રાશિનું વાર્ષિક રાશિફળ (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૨:૨૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેનીલા હની પેન કેક)+(તવા પુલાવ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ મૂળાંક મુજબ વર્ષ ૨૦૨૬નું ભવિષ્યફળ (ડો.જીનલ શાહ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૧:૩૦ શ્રી હનુમાન ચાલીસા યુવા કથા (લાઈવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૦૧-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨-૧-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ શુદ ચૌદશ
**નક્ષત્ર** મૃગશીર્ષ
**યોગ** શુકલ **કરણ:** ગર
**સુર્યોદય** ૭.૨૭ **સુર્યાસ્ત:** ૬.૧૫
**ચંદ્ર રાશી** વૃષભ સવારે ૯.૨૬ થી મિથુન
**રાશિ અક્ષર** બ.વ.ઉ/ક.છ.ઘ
**દિશાશૂળ** પશ્ચીમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૮ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | | | | | ૫ |
| | | | ૭ | ૮ | ૫ | | | |
| | ૭ | | | | | ૧ | | |
| | | ૨ | | ૯ | | ૫ | ૬ | |
| ૯ | | | ૮ | | ૪ | | | |
| ૪ | ૩ | | | | | | | ૧ |
| ૧ | ૮ | | ૪ | ૬ | | | ૫ | |
| | | | | | ૯ | | | |
| | ૨ | ૩ | | | | ૪ | ૯ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૨૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | ૩ | ૮ | ૨ | ૧ | ૫ | ૯ |
| ૯ | ૧ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ |
| ૨ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ |
| ૪ | ૯ | ૬ | ૮ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૫ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૧ | ૨ | ૯ | ૬ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૮ | ૫ | ૭ | ૪ | ૯ | ૩ | ૬ | ૨ | ૧ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૭ | ૧ | ૮ | ૯ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨.૧.૨૦૨૬, શુક્રવાર, સંવંત ૨૦૮૨, પોષ સુદ ચતુર્દશી, મૃગશીર્ષ નક્ષત્ર, શુક્લ યોગ, ગર કરણ આજે સવારે ૯.૨૫ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.
**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે, અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.
**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.
**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદથી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું, સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.
**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.
**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.
**વૃશ્ચિક (ન,ય) :** અગાઉની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.
**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# રાજયોના નકશા બદલાયા પણ સંસ્કારોની સરવાણી અકબંધ: સ્વામી ધર્મબંધુજી


## પ્રાંસલા ખાતેની ૨૬મી રાષ્ટ્રકથા શિબિરના પાંચમાં દિવસે વિવિધ રાજયના શિબિરાર્થીઓએ પોતાના રાજયની સંસ્કૃતિને ઉજાગર કરી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ચાર ચાંદ લગાવ્યા

**અબતક, રાજકોટ**

પ્રાંસલા મુકામે પાંચમા દિવસના પ્રવચન સત્રને સંબોધન કરતાં સ્વામી ધર્મબંધુજીએ અતિતનું અધ્યયન કરવાથી વર્તમાનને સમજી શકાય છે અને વર્તમાનની યોગ્ય સમજદારીથી જ ભવિષ્યની નીતિ નિર્ધારિણ કરી શકાય એમ જણાવીને તેમણે પ્રાચીન કાળથી ભારત ઉપર થયેલા આક્રમણો અને ૧૩ વખત થયેલ વિભાજનની તવારીખ રજુ કરી યોગ્ય સુરક્ષા નીતિ નિર્ધારિણ ઉપર ભાર મુકયો હતો.

સ્વામીજી એ જણાવેલ કે, પ્રાચીન કાળમાં ભારત બર્માથી અફઘાનિસ્તાન અને કૈલાસથી કોલંબો સુધીનો વિશાળ દેશ હતો. ભલે તે અલગ રાજ્યમાં વિભાજીત હતો પરંતુ અહીની સંસ્કૃતિ અને સભ્યતામાં સામ્યતા હતી. ભારત ઉપર પહેલા ૬ વિદેશી આક્રમણો નિષ્ફળ રહ્યા હતા. જેમાં ૪૬૦ બી.સી.- પર્શિયન દ્વારા આક્રમણ, ૨૭ બી.સી. - એલેકઝેન્ડર દ્વારા થયેલ હુમલાને ચંદ્રગુપ્ત અને ચાણકયની જોડીએ વિફળ બનાવ્યો, ૧૦૦ બી.સી.- હુસી દ્વારા આક્રમણ, ૭૯ એ.ડી. -શક દ્વારા આક્રમણ, ૫ ૩ ૫ એ.ડી.- હુણ દ્વારા આક્રમણ, ૬૫૦ એ.ડી. -આરબ દ્વારા આક્રમણનો સમાવેશ થાય છે. છેલ્લે વેપાર કરવાના બહાને









અંગ્રેજો ૧૬૦૧માં આવ્યા. ૧૭૫૭ના પ્લાસીના યુધ્ધ પછી અંગ્રેજો વેપાર તરફથી વિવિધ રાજય ઉપર શાસન કરવા આગળ વધતા ગયા અને તા. ૨૮ - ૫-૧૮૫૮થી તા. ૧૫-૮-૧૯૪૭ સુધી અંગ્રેજ શાસન રહ્યું. અમેરિકામાં વર્ષ ૨૦૦૧માં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર હુમલા પછી કોઈ આંતકવાદી હુમલા નથી થયા જ્યારે આપણા દેશમાં ઉરી, પુલવામા, પઠાણકોટ, મુંબઈ, પહલગામ જેવા આંતકવાદી હુમલા અને બોમ્બ ધડાકા દેશદ્રોહીઓ સતત કરતા રહે છે, જે સુરક્ષા નીતિને ઠીક કરવાનો દિશા નિર્દેશ કરે છે.

વધુમાં સ્વામી ધર્મબંધુજીએ ભારત દેશ ૧૩ વખત ખંડિત થયાની માહિતી આપતા જણાવેલ કે, આઝાદી પૂર્વે ભારત પાંચ વખત ખંડિત થયું હતું. જેમાં, ૫૩૫ એ.ડી. માં ખુરાસન ભારતનો પ્રાંત હતો જે ઈરાને તેની સીમામાં સમાવી લીધો. ૧૭૬૩માં અહમદશાહ અબ્દાલી નામના અફઘાનીએ જાહેરાત કરી કે ૬૨૭૯ ચો.કિમી ધરાવતો પ્રાંત હવે સ્વતંત્ર અફઘાનિસ્તાન દેશ તરીકે ઓળખાશે. અંગ્રેજો એ ૧૮૫૦માં નેપાળને સ્વતંત્ર દેશ જાહેર કર્યો. ૧૯૧૧માં શ્રીલંકા અને ૧૯૩૫માં બર્મા (મ્યાનમાર) સ્વતંત્ર થઈ ગયા. ૧૯૪૭માં પૂર્વ અને પશ્ચિમ નામે પાકિસ્તાન અલગ પડયા.

### રાષ્ટ્રનું સન્માન કદાપી ન ઘટવું જોઈએ: દિપક વોરા



વડાપ્રધાનના સલાહકાર અને પૂર્વ રાજદૂત દિપક વોરાએ દેશભકિતના વિવિધ ફિલ્મી ગીતો સાથે શિબિરાર્થીઓની વચ્ચે નાચતા-ગાતા દેશભક્તિ માટે પ્રોત્સાહિત કર્યા હતા અને કદાપી રાષ્ટ્રનું માન-સન્માન ના ઘટે એ માટે પ્રતિબધ્ધ કર્યા હતા.



### સૈનિકો દેશની સુરક્ષા કાજે રાત દિવસ ખડેપગે: કર્નલ આર.એ.સિંગ



સુરક્ષા સંસ્થા રો ના નિવૃત અધિકારી કર્નલ આર.એ. સિંગ એ દેશ સુરક્ષિત રહે તો જ દેશ વિકસિત થઈ શકે એમ જણાવીને ભારતની વિવિધ દેશો સાથેની સરહદી સીમાઓના આંકડા આપતા જણાવેલ કે, આપણે ૧૪૦૦૦થી અધિક ભુમિ સરહદ ઉપર વિવિધ દેશો સાથે જોદાયેલા છીએ. જેમાં સૌથી વધુ બાંગ્લાદેશ સાથે ૪૧૦૦ કિમી, ચીન સાથે તિબેટના સ્વરૂપે ૩૪૮૮ કિમી, પાકિસ્તાન સાથે ૩૩૨૮ કિમી, નેપાળ સાથે ૧૭૫૧ કિમી , મ્યાનમાર સાથે ૧૬૪૩ કિમી અને ભુતાન સાથે ૬૯૯ કિમી અને ૭૫૦૦થી વધુ સમુદ્રી સરહદ ધરાવીએ છીએ. આ બધાની સુરક્ષા માટે બીએસએફ, આઈટીબીપી, આસામ રાઈફલના સૈનિકો તેમજ નેવી દ્વારા રાતદિવસ પહેરો કરવામાં આવી રહ્યો છે.

### ભારતની સંસ્કૃતિ અને સભ્યતાથી પરીચય કરાવતા મોહિન્દ્ર ઓનમ



સતત બીજા વર્ષે મણિપુરથી ૫૬ શિબિરાર્થીઓને લાવનાર મણિપુર રાજયના ઉચ્ચ શિક્ષણાધીકારી મોહિન્દ્ર ઓનમ એ મણિપુરની સંસ્કૃતિ-સભ્યતાથી પરિચય કરાવ્યો હતો. વિશેષપણે ઈમ્ફાલમાં મહિલા દ્વારા સંચાલિત વિશાળ ઈમા માર્કેટની તસ્વીર સ્ક્રીન ઉપર દેખાડીને કહ્યું હતું કે, અહીયા શાકભાજી, કપડા, કરિયાણાથી લઈને અનેક પ્રકારની દુકાનો આવી છે જેમાં માત્ર મહિલા જ દુકાનદાર હોય છે. આવી જ રીતે મણિપુરમાં હોર્સ પોલોની રમત લોકપ્રિય છે તેમ જણાવીને તેની તસ્વીરો બતાવી હતી.

# ગોંડલના યુથ આઈકોન ગણેશભાઈનો જન્મ દિવસ

## ખમીરવંતી ક્ષાત્રવટ અને અડીખમ વ્યકિતત્વ ધરાવતા ગણેશભાઈના જન્મદિવસની અનોખી ઉજવણી

ગોંડલનાં ધારાસભ્ય ગીતાબા તથા પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાનાં પુત્ર ગોંડલનાં લોકપ્રિય યુવા આગેવાન ગણેશભાઈ ઉર્ફ જયોતિરાદિત્યસિંહનો આજે જન્મદિવસ દિવસ છે.જીવન ડગર નાં ૨૬ વર્ષ પુર્ણ કરી ૨૭ વર્ષ માં તેઓ પ્રવેશી રહ્યા છે.

માતા પિતાનાં સંસ્કારો અને સમાજ સેવાનાં કાર્યો ગળથુથીમાં મળ્યાં હોય તેમ સહજ અને શિસ્તમય વ્યકિતત્વ ધરાવતા ગણેશભાઈ ખુબ નાની ઉંમર થી માતાપિતાનાં નકશે કદમ ચાલી સેવા યજ્ઞમાં જોડાયા છે.

કોરોના કાળમાં ગોંડલ આફત વચ્ચે ઘેરાયુ હતુ.હોસ્પિટલોમાં ઓકિસજન ખુટવા માંડ્યુ ત્યારે હજારો દર્દીઓની જિંદગી જોખમી બની હતી.આ સમયે ગણેશભાઈ એ જીવની પરવાહ કર્યા વગર રાતદિવસ મહેનત લઈ હોસ્પિટલો માં ઓક્સિજન નો પુરવઠો પુરો પાડી હજારો ની જિંદગી બચાવી હતી.આ દિવસોને અને ગણેશભાઈ ની સેવાને ગોંડલ આજે પણ ભુલ્યુ નથી.અતિવૃષ્ટિ સમયે પુરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારો માં પોતાની ટીમ સાથે પંહોચી જઈ કમરે દોરડા બાંધી પાણીમાં ફસાયેલા લોકોનો બચાવ કર્યો હતો.

લોકોની નાની મોટી તકલીફો માં મદદે દોડી જતા ગણેશભાઈ લોકો માટે ' કાળી રાત નો હોંકારો બન્યા છે.અનેક સંઘર્ષો વચ્ચે અડીખમ ઉભા રહી ખરી ક્ષાત્રાવટ દાખવી છે.ગણેશભાઈ ગોંડલ પંથક લાખેણી લોકપ્રિયતા ધરાવતા યુવા આગેવાન છે.છેવાડા નાં માનવીનો સધીયારો બની લોખો લોકોનાં હદય માં અદકે રું સ્થાન મેળવ્યુ છે.હસતો ચહેરો અને સાદગી સાથેનું વ્યકિતત્વ ગણેશભાઈ ની ઓળખ બની છે. ગણેશભાઈ નાં જન્મદિવસ નિમિત્તે તેમનાં મો.નં.૯૧૨૭૨૧૧૧૧૧ ઉપર શુભેચ્છાઓ નો ધોધ વહી રહ્યો છે.



# ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રકચરને સાયબર એટેક સામે સજજ કરવા કોરકમિટી-ટાસ્કફોર્સની રચના

## કોર કમિટીમાં ૧૧ સભ્યો અને ટાસ્ક ફોર્સમાં ૧૯ સભ્યોનો સમાવેશ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રકચરને સાયબર હુમલા સામે સજજ કરવા રાજય સરકાર દ્વારા કોર કમિટી અને ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રકચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે. રાજ્યની ૨૪ કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને સ્કાડા જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામા આવી હોવાથી, ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઈંઝ અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. તે સિવાય તેમાં જરૂરી સુધારા અને સાયબર સિક્યોરિટી પ્રણાલીનું નિર્માણ કરવા માટે એક રોડમેપ પણ રજૂ કરશે. તેના માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે ભાગીદારી પણ કરવામાં આવશે અને સાયબર ડ્રિલ અને તાલીમ સાથે જાગરૂકતા કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે. રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે જડબેસલાક બનાવવા માટે એક મજબૂત અને સુવ્યવસ્થિત પ્રણાલી વિકસિત કરવાના ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવામાં આવ્યો છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**ઈલેક્ટ્રિકલ કામ**

**ટેન્ડર નોટિસ ક્રમાંક: DRM/RJT/E-Tender/2025-2026/43 (EL) તારીખ: ૩૦.૧૨.૨૦૨૫ ટેન્ડર ક્રમાંક:** (i) DRM/RJT/EL/2025-2026/43 **કામનું નામ:** (a) રાજકોટ મંડળ - હાપા પીએફ નંબર ૧ અને ઓખા પીએફ નંબર ૧=૧૪૩૧ RM પર બેલાસ્ટ લેસ ટ્રેકની જોગવાઈ (b) રાજકોટ મંડળ: ટ્રેક મશીન સાઈડિંગ્સ પર સ્ટાન્ડર્ડ પાવર સપ્લાય સોકેટ્સની જોગવાઈ. (ii) **આશરે કિંમત:** રૂ.૧,૯૯,૧૧,૭૭૯.૬૫/- (iii) **ઈએમડી કિંમત:** રૂ.૨,૪૯,૬૦૦/- (iv) **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૧.૦૧.૨૦૨૬ થી ૧૫.૦૦ કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ૩૬૦૦૦૧ **વેબસાઈટ વિગતો:** "www.ireps.gov.in" RJT 174

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને સુકામેવાના ધરાયો મનોરથ



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા:** આજરોજ દ્વારકાધીશ જગતમંદિરમાં સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદર પૂજારીના સૌજન્યથી ઠાકોરજીને સુકામેવા મનોરથ યોજવામાં આવેલ. આ દિવ્ય દર્શનનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી લાખો કૃષ્ણભકતોએ નિહાળ્યો હતો.


**The Co-Operative Bank of Rajkot Ltd.**
Raj Bank
Multi State Co-Operative Bank

**મવડી ચોકડી શાખાના લોકર ધારકો જોગ અગત્યની સૂચના**

બેંકની મવડી ચોકડી શાખાના તમામ માનવંતા લોકર ધારકોને જાણ કરવાની કે, બેંકની મવડી ચોકડી શાખાનું તા. ૨૩.૦૨.૨૦૨૬ ને સોમવારથી અદ્યતન સુવિધાઓ સાથે **ભોજલરામ સોસાયટી, શેરી નં. ૨ નો ખૂણો, બિલિપત્ર પ્રાઈમની સામે, બાપા સીતારામ ચોક પાસે, મવડી, રાજકોટ** ખાતે સ્થળાંતર થનાર છે.

બેંકની મવડી ચોકડી શાખાના તમામ માનવંતા લોકર ધારકોને જાણ કરવાની બેંકની મવડી ચોકડી શાખાના લોકરનું તા. ૨૩.૦૨.૨૦૨૬ થી તા. ૦૭.૦૩.૨૦૨૬ દરમ્યાન અદ્યતન સુવિધાઓ સાથેના ઉપર જણાવેલ સ્થળે સ્થળાંતર થનાર હોવાથી આપ આપનું લોકર તા. ૨૩.૦૨.૨૦૨૬ થી તા. ૦૭.૦૩.૨૦૨૬ સુધી ઓપરેટ કરી શકશો નહીં, જેની ખાસ નોંધ લેશો. (આ સમયગાળામાં કોઈપણ ફેરફાર થશે તો તે અંગેની જાણ અલગથી કરવામાં આવશે.)

તા. ૦૯.૦૩.૨૦૨૬ થી મવડી શાખાના ઉપર જણાવેલ નવા સ્થળથી આપ આપનું લોકર નિયમિતપણે ઓપરેટ કરી શકશો.

આ અનુસંધાને માનવંતા લોકર ધારકોને જણાવવાનું કે, આપ આપના લોકરમાં કંઈપણ જાતની ફેરબદલ કરવા માંગતા હોય કે ટ્રાન્સફર દરમ્યાન કોઈપણ જાતનું નુકસાન થાય તેવો સામાન લોકરમાં હોય તો આપ તા. ૨૧.૦૨.૨૦૨૬ સુધીમાં કાઢી જશો અને આ માટે આપની અનુકુળતા મુજબ વહેલીતકે બેંકની શાખાનો રુબરુ સંપર્ક કરી જરુરી કાર્યવાહી કરાવી જશો. અન્યથા આપનું લોકર નવી શાખામાં ટ્રાન્સફર કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો.

વધુમાં બેંકીંગ સેવાઓ અંગેની કોઈપણ જાતની માહિતીની જરુરિયાત હોય તો નીચે જણાવેલ અધિકારીનો સંપર્ક કરી જરુરી માહિતી મેળવી શકશો.

| શાખા ઈન્ચાર્જ | ઝોનલ હેડ |
|---|---|
| કલ્પેશ ગજેરા | ધર્મેન્દ્ર જાડેજા |
| મો.નં. ૯૬૨૪૦ ૮૨૮૦૦ | મો.નં. ૭૬૦૦૦ ૨૪૯૩૫ |

જુલી સાવલિયા
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@tcbrl.com tcbrl.com



5 સફળ વર્ષની ઉજવણી
શિવ મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ

NABH CERTIFIED

શિવ હોસ્પિટલ — શ્રેષ્ઠતા • સત્યનિષ્ઠા • પ્રતિબદ્ધતા — વિશ્વાસનું પ્રતીક

**"શ્રેષ્ઠતા, સત્યનિષ્ઠા અને પ્રતિબદ્ધતા - વિશ્વસનીય અભિપ્રાયો"**

**શ્રી રમેશભાઈ ટીલાળા**
વિધાયક, રાજકોટ સાઉથ - બીજેપી
"મારી બહેનનું સ્પાઇન ફ્રેક્ચર અને મારી ભાણેજની મણકાની ગાંઠની સર્જરી સફળ રહી. હાલ બંને સંપૂર્ણ રીતે સ્વસ્થ છે. શિવ હોસ્પિટલની આધુનિક આઈસીયુ સુવિધાઓ તથા અન્ય તમામ સારવારથી અમે અત્યંત સંતોષ અનુભવીએ છીએ."

**શ્રી મહેશ રાજપૂત**
જનરલ સેક્રેટરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
"મારા કોણીના ફ્રેક્ચરની ટ્રીટમેન્ટ તેમજ મારા દીકરી ડૉ. હીરબા રાજપૂતની આર્થોસ્કોપી (દૂરબીન દ્વારા) સર્જરી સફળ રહી હતી. તે માટે શિવ હોસ્પિટલની ટીમ અને ડૉક્ટર્સનો ખૂબ ખૂબ આભાર."

**શ્રી દિલીપભાઈ લાડાણી**
અગ્રણી બિલ્ડર, રાજકોટ
શિવ હોસ્પિટલ, રાજકોટ ખાતે મારા સાસુજીનું ગોઠણના સાંધા બદલવાનું (TKR) ઓપરેશન સફળતાપુર્વક કરવામાં આવેલું. હોસ્પિટલના નામાંકિત ડૉક્ટરોની ટીમ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની આધુનિક સુવિધાનો અનુભવ ખૂબ જ ઉમદા રહ્યો.

**શ્રી નલીન ઝવેરી**
પ્રેસિડેન્ટ, સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
"મારા ખભાની આર્થોસ્કોપી (દૂરબીન દ્વારા) સર્જરી સફળ રહી હતી. મારા ખભાને ફરીથી સંપૂર્ણ મૂવમેન્ટ મળી છે. શિવ હોસ્પિટલ અને ડૉક્ટરો દ્વારા અપાયેલી સારવારથી સંપૂર્ણ સંતોષ છે."

**ડૉ. વી. આર. ત્રાંબડીયા**
સિનિયર ફેમિલી ફિઝીશ્યન
"શિવ હોસ્પિટલ ખાતે મારા અંગુઠા અને ખભાના ફ્રેક્ચરની સફળ સારવાર થયેલ છે. ઉત્તમ કાળજી અને સહકાર આપનાર સ્ટાફ તેમજ ડોક્ટર્સનો અનુભવ સારો રહ્યો. શિવ હોસ્પિટલની સુવિધાઓ ઉત્તમ છે."

**શ્રી મિતલ ખેતાણી**
પ્રખ્યાત સમાજસેવક અને એનિમલ વેલફેર એક્ટિવિસ્ટ
"મારા સંબંધીની થયેલી ઘૂંટણની ઇલિઝેરોવ સર્જરી સફળ રહી હતી. શિવ હોસ્પિટલની મેડિકલ ટીમે સમગ્ર સારવાર દરમિયાન સારું માર્ગદર્શન અને સહકાર આપ્યો તે બદલ હું ખૂબ આભારી છું."

**સાધ્વીજી વ્રતધારાશ્રીજી**
જૈન સાધ્વીજી સાગર સમુદાય
"મારા ઘૂંટણમાં ભારે પીડાને કારણે મને ચાલવામાં મુશ્કેલી થતી હતી. ઘૂંટણના સાંધા બદલવાની સર્જરી સફળ રીતે થયેલ હતી અને હવે હું સ્વતંત્ર રીતે ચાલી શકું છું. શિવ હોસ્પિટલની સારવાર તથા આધુનિક આઈસીયુ સુવિધાઓથી સંપૂર્ણ સંતોષ થયો છે."

**સાધ્વીજી સરોજબાઈ મહાસતીજી**
જૈન સાધ્વીજી
"મને લાંબા સમયથી કમરદર્દ અને સાથે ચાલવામાં પણ મુશ્કેલી હતી. શિવ હોસ્પિટલમાં થયેલ સફળ માઈક્રો એન્ડોસ્કોપિક (દૂરબીન દ્વારા) સ્પાઇન સર્જરી બાદ હું સંપૂર્ણ રીતે સ્વસ્થ છું. "

ઇમરજન્સી - 95 195 2 95 95 | એપોઇન્ટમેન્ટ - 96389 01000/2000

24/7 SERVICE | Follow us on : | www.shivhospital.in | campaign

મહાપૂજાધામ ચોક, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫



જા.નં.: તા.:

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ત્રાજપર પાસે મેલેરિયા બિલ્ડીંગ બનાવવાનું કામ | ૪૫૦૦/- | ૧,૦૦,૦૪૮/- | ૧.૦૦ કરોડ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અરુણોદય સર્કલ પાસે પાસે આવેલ વરસાદી પાણીના નિકાલ માટે બોક્ષ ડ્રેઈન નાખવાનું કામ.(બીજો પ્રયત્ન) | ૪૫૦૦/- | ૧,૨૫,૧૫૪/- | ૧.૨૫ કરોડ |
| ૩ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પમ્પિંગ સ્ટેશનનું વિતરણ અને અપગ્રેડેશનનું કામ (ચોથો પ્રયત્ન) | ૧૮૭૫/- | ૨૭,૩૨૬/- | ૦.૨૮ કરોડ |
| ૪ | DEVELOPMENT AND BEAUTIFICATION OF RANIBAUGH GARDEN | ૪૫૦૦/- | ૨,૨૧,૧૧૬/- | ૨.૨૧ કરોડ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૨૨/૦૧/૨૦૨૬ ના ૧૮:૦૦ ક લાક સુધી, નાયબ કમિશનર (પ્રો), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ ક લાક | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ ક લા ક | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www. https://tender.nprocure.com/ વેબસાઇટ ઉપર તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર (પ્રોજેક્ટ)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ- ૧૫૩૭ -૨૦૨૫-૨૦૨૬

## તંત્રી લેખ

# મોબાઈલના મોહમાંથી મુક્ત કરી બાળપણને મેદાનમાં ઉતરવાનો પ્રયાસ

મોબાઈલની લતને છોડી ગુજરાતમાં બાળપણને રમતના મેદાનમાં ઉતરવાનો નમ્ર પ્રયાસ કરાશે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 'અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સીઝન ૪.૦'નું આયોજન કરાયું છે.

રાજ્યના ૧,૦૧૬ વિજેતા બાળકો માટે કુલ રૂ. ૨૨ લાખના ઈનામ અને આગળ સીધા પ્રવેશની સુવર્ણ તક મળશે.

આજના ડિજિટલ યુગમાં જ્યારે બાળકો મોબાઈલ અને ગેજેટ્સમાં વ્યસ્ત રહે છે, ત્યારે ગુજરાતના ભાવિ ખેલાડીઓને મેદાનમાં ઉતારવા અને તેમની શક્તિઓને વૈજ્ઞાનિક ઢબે વિકસાવવા માટે ગાંધીનગર સ્થિત 'ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી' દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે.આ એથ્લેટિક્સ મીટ માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ રાજ્યના ખૂણે ખૂણે છુપાયેલી પ્રતિભાને યોગ્ય મંચ પૂરું પાડવાનું એક અભિયાન છે. આ આયોજનમાં કુલ ૧૧ વિવિધ રમતો રમાશે, જેમાં વિજેતા બનનાર ૧,૦૧૬ બાળકોને કુલ રૂ. ૨૨ લાખની પ્રોત્સાહક ઈનામ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત વિજેતા બાળકોને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત 'ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ' માં પ્રવેશ મેળવવાની સીધી તક મળશે, જે તેમની ખેલકૂદની કારકિર્દી માટે 'ગેમ-ચેન્જર' સાબિત થશે.

રમતગમત એ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ બાળકના માનસિક વિકાસ અને ચારિત્ર્ય ઘડતરનું માધ્યમ છે. વૈજ્ઞાનિક અભિગમ સાથે રમતગમતના કૌશલ્યો વિકસાવવાથી બાળકો શારીરિક રીતે સક્ષમ અને માનસિક રીતે વધુ મજબૂત બનશે.

# એસ.ટી.બસની મુસાફરી આજથી મોંઘી: ભાડામાં ૩ ટકાનો વધારો

## ૯ કિ.મી. સુધીની મુસાફરીમાં કોઈ વધારો નહીં: ૧૦ થી ૬૦ કિ.મી.ની મુસાફરીમાં રૂ.૧નો વધારો

**અબતક,રાજકોટ**

અંગ્રેજોના નવા વર્ષના આરંભ સાથે જ આજથી એસ.ટી.,બસમા મુસાફરી કરવી મોંઘી બની છે. ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરી ભાડામાં ૩ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર નિગમની પરિવહન સેવાઓ વધુ મજબુત અને સુવિધાયુક્ત બને તે ધ્યાને લઈ ભાડા વધારામાં ફેરફાર કરવાની સત્તાઓ અનુસાર નિગમના સંચાલક મંડળ દ્વારા નિગમની સર્વિસોમાં ગત મધ્યરાત્રીથી ભાડામાં ૩% વધારો કરવાનો તે નિર્ણય લેવામાં આવ્યો છે.

જેમાં, લોકલ સર્વિસોમાં કુલ મુસાફરો પૈકી ૮૫% ૪૮ કી.મી. સુધીની મુસાફરી કરે છે. જેમાં ૯ કી.મી.સુધીના મુસાફરોને કોઈ ભાડા વધારો થશે નહિ જયારે ૧૦ કી.મી. થી ૬૦ કી.મી. ના મુસાફરોને માત્ર રૂ.૧નો નજીવો ભાડા વધારો કરાયો છે.

આ ભાડા વધારા બાદ પણ અન્ય રાજ્યની સરખામણીએ ગુજરાત એસી.ટી.નું લોકલ તથા એક્સપ્રેસ બસ ભાડુ ઓછું રહેવા પામે છે. જેમ કે, લોકલ સર્વિસમાં પ્રતિ કી.મી /સીટ ગુજરાત- ૦.૯૧, મહારાષ્ટ્ર-૧.૬૮. ઉત્તરપ્રદેશ-૧.૩૦,મધ્યપ્રદેશ-૧.૨૫, આન્ધ્રપ્રદેશ-૧.૦૨ અને રાજસ્થાન-૧.૦૦ જયારે એક્સપ્રેસ સર્વિસમાં પ્રતિ કી.મી / સીટ ગુજરાત- ૦.૯૭, મહારાષ્ટ્ર- ૧.૬૮, ઉત્તરપ્રદેશ-૧.૬૪,મધ્યપ્રદેશ-૧.૩૮, આન્ધ્રપ્રદેશ-૧,૨૫ અને રાજસ્થાન-૧.૧૦ છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૮૦૦૦ થી વધુ બસો થકી ૩૨ લાખથી વધુ કી.મી.નું અંતર કાપી ૨૭ લાખ મુસાફરોને અસરકારક જાહેર પરીવહનની સુવિધાઓ પુરી પાડે છે,

રાજ્યમાં પુર. વાવાઝોડું, આગ, પેન્ડેમિક વિગેરે જેવી આકસ્મિક પણ નિગમ રાજ્યના નાગરિકોને સતત સેવા પુરી પાડે છે.

નિગમ દ્વારા છેલ્લા ૧૪ માસમાં અત્યાધુનિક ટેકનોલોજી વાળાબીએસ ૬ પ્રકારના ૧૪૭૫ નવીન બસો પ્રજાની સેવામાં મુકવામાં આવેલ છે. આ બસોમાં સ્લીપર કોચ, લકઝરી.સેમી લકઝરી,સુપર ડિલક્ષ અને મીની બસનો સમાવેશ થાય છે.

સાથોસાથ પાછલા એક વર્ષમાં ૧૩ બસ સ્ટેશનો અને ડેપોનું કરવામાં આવેલ છે. આ સુવિધાનો દૈનિક ૧ લાખ લોકો લાભ લઈ રહ્યા છે,

ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન મળી રહે અને મુસાફરોને છુટ્ટા ભાડાના પૈસાની ઝંઝટમાંથી મુક્તી મળી રહે તે માટે નિગમ દ્વારા અમદાવાંદ, રાજકોટ. જામનગર અને જુનાગઢ વિભાગમાં ૩૦૦૦ સ્માર્ટ ઈ.ટી.એમ. મશીન ફાળવી બસની અંદર જ ડીજીટલ પેમેન્ટ સ્વીકરવાની શરૂઆત આવેલ છે. તેમજ ટૂંક સમયમાં અન્ય વિભાગો ખાતે નવિન ૭૫૦૦ સ્માર્ટ ઈટીએમ સંચાલનમાં મુકવામાં આવનાર છે,

સુવિધાયુક્ત વિવિધ પ્રકારની બસોની સાથોસાથ બસ સ્ટેશનના ઈન્ફાસ્ટ્રકચરમાં સુધારો થાય અને એરપોર્ટ પ્રકારના બસપોર્ટ રાજ્યની સેવામાં પ્રજા અર્પણ કરવા સરકાર કટિબદ્ધ છે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, પાલનપુર, મહેસાણા ભરુચ, ભુજ અને અમરેલી વગેરે જેવા અદ્યતન બસપોર્ટ કાર્યરત છે તથા નજીકના વધુ બસ પોર્ટ મુસાફરોની સવલતમાં મુકવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાંથી આગામી વર્ષમાં ૨૦૬૦ નવીન બસો પ્રજાની સેવામાં મુકવાનું આયોજન છે,

નિગમ દ્વારા વધુ અને સારી પરિવહન સેવાઓ પુરી પાડવા માટે ૨૩૨૦ કંડક્ટરનીની નિમણુક કરેલ છે. જયરે ટૂંક સમયમાં ૩૦૮૪ ડ્રાઈવર અને ૧૬૫૮ હેલ્પરની નિમણુક કરાશે.

# હિંમતનગરના ભોલેશ્વર અને મોતીપુરામાં ૧૨ જેટલા દબાણોનો સફાયો

## પોલીસ બંદોબસ્ત સાથે પાલિકાએ દબાણ હટાવતા ટી.પી.રોડ ખૂલ્લા કર્યા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરમાં નગરપાલિકાએ ભોલેશ્વર અને મોતીપુરા વિસ્તારોમાં દબાણ વિરોધી ઝુંબેશ હાથ ધરી હતી જેમાં બુધવારે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે કુલ ૧૨ જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા આ કાર્યવાહીથી સોસાયટીના અને ટી.પી રોડના રસ્તાઓ ખુલ્લા થયા હતા.

નગરપાલિકા દ્વારા ભોલેશ્વર ખાતે આવેલી શિવધારા અને સુંદરમ સોસાયટીઓમાં કાર્યવાહી કરવામાં આવી હતી અહીં ૨૦ ફૂટના રસ્તા પરના કાચા અને પાકા દબાણો, જેમાં ઓટલા,પગથિયાં અને શૌચાલયોનો સમાવેશ થતો હતો તે હટાવીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો આ ઉપરાંત મોતીપુરા વિસ્તારમાં આવેલી શરણમ સોસાયટીમાં પણ દબાણ હટાવવામાં આવ્યા હતા રસ્તા પર બનાવેલા પાકા કોટ દૂર કરવામાં આવ્યા હતા ૯ મીટરના ટી.પી રોડ પરના દબાણો પણ હટાવી દેવાયા હતા જે હાઈવેના સર્વિસ રોડને ટીપી રોડ સાથે જોડે છે.

# યુવાધનમાં લોક સંસ્કૃતિની આહલેક જગાડવા પ્રયત્નશીલ લોકગાયક-પત્રકાર નીલેશ પંડ્યાનો આજે જન્મદિન



ગુજરાતની અડધો ડઝનથી વધુ યુનિવર્સિટીઓ અને બસોથી વધુ કોલેજોના ચારેક લાખ યુવા ભાઈ-બહેનો સમક્ષ ગુજરાતી લોકસંગીત રસદર્શન સાથે પ્રસ્તુત કરી તેમને આપણા ભવ્ય લોકસાંગીતિક વારસાથી અવગત કરાવી, યુવાધનમાં લોકસાંસ્કૃતિક આહલેક જગાડવા પ્રયત્નશીલ સુપ્રસિદ્ધ લોકગાયક, પત્રકાર, લેખક, મુલાકાતી અધ્યાપક નીલેશ પંડ્યાનો આજે જન્મદિવસ છે. ઉપલેટાના સમઢિયાળા ગામના વતની અને રાજકોટને કર્મભૂમિ બનાવનાર નીલેશ પંડ્યાને છેલ્લાં ત્રીસ વર્ષથી શિક્ષિત અને યુવાવર્ગ સમક્ષ લોકસંગીતની પ્રસ્તુતિ અને સંશોધન-લેખન બદલ ખૂબ જ પ્રતિષ્ઠિત એવા કવિ દુલા ભાયા કાગ એવોર્ડ, પુષ્કર ચંદરવાકર એવોર્ડ, દીપચંદભાઈ ગારડી એવોર્ડ, ગુજરાત પ્રવાસન વિભાગ અને રાજકોટ મહાપાલિકા પ્રેરિત ઉત્કૃષ્ટ પ્રદાન એવોર્ડ, પ્રાઈડ ઓફ રાજકોટ, અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ સહિત અનેક એવોર્ડ, સન્માન, પુરસ્કાર મળ્યા છે. તેમણે લોકસાહિત્યનાં છ મળીને સાત પુસ્તકો ગુર્જરી ગિરાને ચરણે ધર્યા છે. તેમનું લોકગીતો અને રસદર્શનનું પુસ્તક 'ચાંદો ઊગ્યો ચોકમાં' મુંબઈ યુનિવર્સિટીની ઓટોનોમસ કે.જે.સોમૈયા કોલેજના દ્વિતીય વર્ષ બી.એ. તથા બી.કોમ.ના અભ્યાસક્રમમાં સમાવાયું છે. ઉપરાંત જૂનાગઢની ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ લોકસાહિત્યનાં તેમનાં ત્રણ પુસ્તકો પ્રથમ વર્ષ બી.એ.માં રેફરન્સ બૂક તરીકે સમાવ્યાં છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તેમના પુસ્તકને લોકસાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકનો દ્વિતીય પુરસ્કાર એનાયત થયો છે.

# ધ્રાંગધ્રા: એસ.ટી. બસમાં મુસાફરી દરમિયાન ગુમ થયેલો મોબાઈલ મુળ માલિકને પરત

## કંડકટર પરાગભાઈ કોટકે મુસાફરનું પર્સ અને મોબાઈલ પરત કરી માનવતાનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડયું



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાગધ્રા**

ધ્રાંગધ્રા-અમદાવાદ અને રીટર્નમાં અમદાવાદ-મોરબી-ધ્રાંગધ્રા રૂટ પર દોડતી એસ.ટી. બસમાં મુસાફરી દરમિયાન એક બહેનનું પર્સ ખોવાઈ ગયું હતું. પર્સમાં રૂ. ૧૫,૦૦૦/- કિંમતનો મોબાઈલ તેમજ રૂ. ૫,૦૦૦/- રોકડા નાણાં હતા. બસની તપાસ દરમિયાન કંડકટર પરાગભાઈ કોટકને આ પર્સ મળતા તેમણે કોઈ લાલચ વગર તરત જ ફરજ નિષ્ઠાપૂર્વક પગલું ભર્યું એસ.ટી.ના એ.ટીઆઈ. જોરૂભા ની હાજરીમાં પરાગભાઈએ મૂળ માલિક બહેનને પર્સ તથા સમગ્ર માલમત્તા સલામત રીતે પરત કરી પરાગભાઈ કોટકની આ પ્રામાણિકતા અને માનવતાપૂર્ણ કાર્યને લઈને સમગ્ર એસ.ટી. વિભાગ તેમજ રઘુવંશી સમાજના સૌ કોઈએ પ્રશંસા કરી હતી

# સોમનાથ જિલ્લાના ૨૩૨ બાળકોનાં હાથમાં ફરી શોભશે પુસ્તકો

## શિક્ષકો, આચાર્ય સહિત ડોર ટુ ડોર સર્વેક્ષણ કરી અધૂરો અભ્યાસ છોડી અને ન જતાં ૨૩૨ છાત્રોને પુનઃ અભ્યાસ માટે બેસાડાશે

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદા- જુદા કારણોથી શાળા છોડી ગયેલા કે અન્ય કારણોસર શાળાએ ન જતા ૬ થી ૧૮ વર્ષની વય જૂથના બાળકો જેઓ કોઈ કારણોસર પોતાનું ધોરણ ૧થી ૧૨નું શિક્ષણપૂર્ણ કરી શક્યા નથી તેવા બાળકોનો સર્વે કરી તેમની ઓળખ, નામાંકન અને મુખ્યધારામાં જોડાણ અને શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

આ વર્ષે ગીર સોમનાથ જિલ્લામાં શિક્ષણાધિકારી અશોક પટેલના માર્ગદર્શન હેઠળ ૬થી ૧૮ વર્ષની વયનુ કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેનુ અભિયાન હાથ ધરાયું છે. આ કામગીરી અંતર્ગત શિક્ષકો, આચાર્ય બીઆરસી કો-ઓર્ડીનેટર સહિતના શૈક્ષણિક સ્ટાફ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન અભ્યાસ અધૂરો મુકી શાળાએ ન જતા કુલ ૨૩૨ છાત્રાઓ મળ્યાં હતાં. જેમને તુરંત પુનઃ અભ્યાસ માટે જે-તે શાળામાં બેસાડવામાં આવ્યાં છે.

જો કોઈપણ લોકોને જે અભ્યાસ અધૂરો છોડી શાળાએ ન જતુ હોય તેવુ બાળક દેખાય તો તુરંત નજીકની સરકારી શાળા, કલસ્ટર અથવા તાલુકા કક્ષાના બીઆરસી ભવન ખાતે જાણ કરવા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

# જામજોધપુર ધુનડા સતપુરણ ધામ આશ્રમે સંતવાણી કાર્યક્રમ યોજાયો



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ધુનડા ગામે સતપુરણ ધામ આશ્રમ મુકામે ભવ્ય સંતવાણી લોકડાયરાનું આયોજન જેન્તીરામ બાપાના સાનિધ્યમાં થયું હતું. જેમ) પ્રસિધ્ધ કલાકારો દેવરાજભાઈ ગઢવી ભનુભાઈ ઓડેદરા મેરાણભાઈ ગઢવી સવદાસભાઈ ગાગલીયા સહિતના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. અને તેમની લોકકલા પીરસી ભાવિકોને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ વિસ્તારમાં થી ભાવિકજનો અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા.

# ડિસ્કોબારના બદલે રાસ ગરબા રમી નવા વર્ષને આવકારતા કેશોદવાસીઓ

## બાળકોથી લઈને વડીલો પરંપરાગત વસ્ત્રો ધારણ કરી લોક સંસ્કૃતિના રંગે રંગાઈને થર્ટી ફર્સ્ટની ઉજવણી

**અબતક, જય વિરાણી, કેશોદ**



કેશોદ શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈ એક અનોખું અને સંસ્કૃતિસભર દૃશ્ય જોવા મળ્યું હતું. જ્યાં સામાન્ય રીતે લોકો પાર્ટી, ડાન્સ અને ડિસ્કોબારમાં નવા વર્ષની ઉજવણી કરે છે, ત્યાં કેશોદ રમઝટ ગ્રુપ દ્વારા આધુનિક સંગીતને બદલે પ્રાચીન રાસ-ગરબા સાથે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવામાં આવી હતી.કેશોદ રમઝટ ગ્રુપના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં બાળમિત્રોથી લઈને વડીલ વર્ગ સુધીના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. સૌએ પરંપરાગત વસ્ત્રો ધારણ કરી ઢોલ-નગારા અને તાળીઓના તાલે રાસ-ગરબા રમ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન લોકસંસ્કૃતિનો રંગ છવાયેલો જોવા મળ્યો હતો અને વાતાવરણ ઉત્સાહ તથા આનંદથી ગુંજતું રહ્યું હતું.

આ ઉજવણીમાં પરિવારભાવ, સામૂહિક એકતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો આદર સ્પષ્ટ રીતે પ્રગટ થયો હતો. ખાસ કરીને યુવાપેઢીને પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડવાનો સંદેશ આ કાર્યક્રમ દ્વારા અસરકારક રીતે આપવામાં આવ્યો હતો.

કેશોદ રમઝટ ગ્રુપ દ્વારા થર્ટી ફર્સ્ટની ઉજવણીને સંસ્કૃતિસભર સ્વરૂપ આપીને એ સાબિત કરવામાં આવ્યું કે નવા વર્ષની ઉજવણી માત્ર ડિસ્કોબાર કે પાર્ટીઓ પૂરતી સીમિત નથી, પરંતુ આપણી પ્રાચીન પરંપરાઓ સાથે પણ આનંદ અને ઉત્સાહપૂર્વક કરી શકાય છે.

# સોમનાથ: મોટા ડેસર ગામની પ્રા. શાળાના છાત્રોએ પ્રાકૃતિક કૃષિના પાઠ ભણ્યા



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાનાં મોટા ડેસર ગામની સરકારી માધ્યમિક શાળાનાં ધોરણ ૧૦ના આશરે ૬૫ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાત પૂજાબેન નકૂમ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતી, જમીન ચકાસણી, વર્મીકમ્પોસ્ટ વગેરે જેવા અગત્યના વિષયની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# ચોટીલા: જે.વી.દોશી પ્રાથમિક શાળાના છાત્રોએ સાયકલ યાત્રા સાથે અંગદાનની ઝુંબેશ છેડી

## વધુ બાળકોએ 'અંગદાન મહાદાન'નો સંદેશો પ્રસરાવી ૩૧ ડિસેમ્બરની અનોખી ઉજવણી કરી

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**



ચોટીલા સ્થિત જે વી દોશી પ્રાથમિક શાળાના ૨૫૦ થી વધુ બાળકો એ વર્ષ ના આખરી દિવસ ૩૧ ડિસેમ્બરે વિવિધ પ્રેરક પ્રવુતિઓ થકી આપણી ગૌરવ વંતી ભારતીય સંસ્કૃતિ ની મહામૂલી વિરાસત ને ઉજાગર કરી હતી પશ્ચિમી દેશોના આંધરા અનુકરણ કરી આજનું યુવા ધન બરબાદ થય રહ્યુ છે ત્યારે આ શાળા નાં બાળકો એ એક નવીન કેડી કંડારી ચોટીલા ડુંગર પરિક્રમા માર્ગ પર સાઈકલ યાત્રા કરી માં ચામુંડા નાં સાનિધ્ય માં નીચે પગથિયાં પાસે માં ચામુંડા માતાજીના ભક્તો ને " અંગ દાન - મહાદાન " વિશે સમજ આપી હતી કે માનવ દેહ જ્યારે બ્રેન ડેડ થાય છે ત્યારે લગભગ તેના ૧૨ જેટલા અંગો બીજા દર્દી માં પ્રત્યારોપણ કરી આવા દર્દી ને નવું જીવત દાન મળે છે તેમ સમજાવી પુણ્ય નું કાર્ય કર્યું હતું.

## તેરા તુજકો અર્પણ

# ખંભાળીયા પોલીસ દ્વારા રૂ.૧.૫૮ લાખનો કિંમતી સામાન મૂળ માલીકને પરત કરાયો




**અબતક,વિનાયક ભટ્ટ, જામખંભાળીયા**

ખંભાળીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ, એન.એચ જોષી દ્વારા સ્ટાફને ખોયાયેલ ગુમ તથા ચોરી થયેલ કિંમતી વસ્તુ શોધી કાઢવા સૂચના તથા માર્ગદશન આપેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ સ્ટાફના પો.કોન્સ અરજણભાઈ રાયદેભાઈ આંબલીયા તથા પો.હેડ.કોન્સ. દિવ્યરાજસિંહ પૃથ્વીરાજસિંહ જાડેજા દ્વારા એનાલીસીસ કરી તથા ગુપો.કોન્સ કાજલબેન રમેશભાઈ કોબીયા દ્વારા પોલીસ સ્ટેશન ખાતે cSir.gov.in એપ્લીકેશનનો ઉપયોગ કરી કામગીરી હાથ ધરવામા આવી હતી.

ઈ.ચા.ના.પો.અધિ. વી.પી.માનસેતા ખંભાળીયા વિભાગ ખંભાળીયા તથા ખંભાળીયા પોલીસ સ્ટેશનના ઈ.ચા. પોલીસ ઈન્સ્પેક્ટર એન.એચ.જોષી દ્વારા ખંભાળીયા નાયબ પોલીસ અધિક્ષક , ખંભાળીયા વિભાગ ખંભાળીયાની કચેરી ખાતે ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં શોધી કાઢવામાં આવેલ મોબાઈલ ફોન તેના મુળ માલીકોને સોપવા માટે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કરી જેમો મોબાઈલ કુલ નંગ-૧૦ કુલ કિ. રૂા.૧.૫૮,૦૦૦/- ની માતબાર કિંમતના મોબાઈલ ફોન તેના મુળ માલીકોને સોપવામાં આવ્યા હતા.

# ધ્રાંગધ્રામાં હવામાનનો અચાનક પલટો સાથે કમોસમી વરસાદ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં હવામાનમાં અચાનક બદલાવ જોવા મળ્યો હતો. દિવસભર સામાન્ય અને શાંત વાતાવરણ રહ્યા બાદ અચાનક વાદળછાયું વાતાવરણ સર્જાયું અને ત્યારબાદ કમોસમી વરસાદ શરૂ થયો હતો ભર શિયાળામાં પડેલા આ અણધાર્યા વરસાદના કારણે ધ્રાંગધ્રા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યું હતું. શહેરના મુખ્ય બજાર વિસ્તારોમાં ખરીદી માટે આવેલા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. અચાનક વરસાદ શરૂ થતાં લોકોએ આશ્રય માટે દોડધામ કરી હતી, જ્યારે દુકાનદારોને પોતાનો માલસામાન બચાવવા માટે તાત્કાલિક વ્યવસ્થા કરવી પડી હતી રસ્તાઓ પર વાહનચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભીના માર્ગો અને અચાનક પડેલા વરસાદના કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી

## જીદયાનું ઉત્તમ ઉદાહરણ

# ધ્રાંગધ્રા: ખાંભડા ગામે રેસ્કયુ ટીમે ૪૫ ફુટ ઊંડા કુવામાંથી શ્વાનને હેમખેમ બચાવ્યો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા તાલુકાના ખાંભડા ગામે માનવતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. ખાંભડા ગામે આવેલ કમલેશભાઈ પટેલની વાડીમાં આશરે ૪૫ ફૂટ ઊંડા કૂવામાં એક શ્વાન પડી જતા ગ્રામજનોએ રેસ્કયુ ટીમને જાણ કરી હતી જાણ મળતાની સાથે ધાંગધ્રાના રેસ્કયુઅર જયેશકુમાર ઝાલા, હેમંતકુમાર દવે, પુષ્પરાજ ઝાલા, મેહુલભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, તથા મિતભાઈ પટેલ સ્થળ પર પહોંચ્યા હતા રેસ્કયુ ટીમ દ્વારા સાવચેતી સાથે કૂવામાં પડેલા શ્વાનને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. રેસ્કયુ બાદ શ્વાનની તંદુરસ્તી ચકાસી તેને કુદરતી વાતાવરણમાં સલામત રીતે મુક્ત કરવામાં આવ્યું હતું.

આ સફળ રેસ્કયુ કામગીરીને પગલે ગ્રામજનોએ રેસ્કયુ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો

## રાજકોટ રૂરલ પોલીસની વર્ષ ૨૦૨૫ની કામગીરીનું સરવૈયું

# રૂ.૪૩.૭૩ લાખના ડ્રગ્સ સાથે ૨૪ નશાના સોદાગરો ઝડપાયા : રૂ.૧૭.૮૨ કરોડનો દારૂ કબ્જે કરાયો

### પોકસો એકટ હેઠળ ૧૫૨ ગુના નોંધાયા : ૬૪ અપહૃત બાળાઓને મુકત કરાવાઈ

### ૭૫ અસામાજિક તત્વો પાસાના પાંજરે પુરાયા, ૧૩૫ને હદપાર કરાયા: જુગારધારાના ૧૦૧૮ ગુના નોંધાયા



**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલી કામગીરીની આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને વર્ષ દરમિયાન પોલીસે પ્રોહિબિશન એટલે કે દારૂના ૯,૩૬૧ કેસ કરી રૂપિયા ૧૭.૮૨ કરોડનો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જેમાંથી ૧૫.૫૭ કરોડનો મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત માદક પદાર્થના ૨૦ કેસો કરી ૨૪ આરોપીઓની ધરપકડ કરી રૂપિયા ૪૩.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન કરવામાં આવેલી કામગીરીના આંકડાઓ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં પોલીસે જીપીએકટ ૫૫, ૫૭ હેઠળ ૧૩૫ કેસ કરવામાં આવ્યા હતા. પાસા હેઠળ ૭૫ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. હથિયારધારાના ૧૫ કેસ કરવામાં આવ્યા હતા. જ્યારે જુગારધારાના ૨૦૧૮ કેસ નોંધાયા હતા. વર્ષ દરમિયાન જિલ્લા પોલીસે જેલહવાલે કર્યા હતા.પોકસો એક્ટ હેઠળ ૧૫૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમજ અપહ્યુત ૬૪ બાળકોને શોધી કાઢવામાં આવી હતી.

માદક પદાર્થની હેરફેરને અટકાવવા માટે ખાસ ફોકસ કર્યું હતું. જે અંતર્ગત પોલીસે માદક પદાર્થના ૨૦ કેસો કરી ૨૪ આરોપીઓની ધરપકડ કરી હતી તેમજ રૂપિયા ૪૩.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. માદક પદાર્થનો વેપલો કરતા ચાર આરોપીઓને પીઆઈટી એનડીપીએસ હેઠળ અટકાયત કરી

### સરકારી જમીન પર દબાણ કરનારા સામે કાર્યવાહી રૂ.૬.૭૪ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા આ વખતે સરકારી જમીન પર દબાણ કરનારાઓ સામે પણ લાલ આંખ કરવામાં આવી હતી. દબાણ અંગેના ૬૦ કેસ કરી દબાણ દૂર કરી રૂપિયા ૬.૭૪ કરોડની જમીન ખુલી કરવામાં આવી હતી.

### ગેરકાયદે હથિયારની હેરાફેરીના ૧૫ ગુના: નશાનો વેંપલો કરતા ચાર શખ્સોની પીઆઈટી એકટ હેઠળ અટકાયત

### બ્લેક ફિલ્મના ૧૨૬૫, ઓવર સ્પીડના ૪૬૯ કેસ કરાયા

રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા અલગ અલગ શહેરમાં અને ખાસ કરીને હાઈવે પર સમયાંતરે સઘન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લા પોલીસે કાળા કાચ ધરાવતી ૧૨,૪૬૫ કારનાચાલકો સામે કેસ કરવામાં આવ્યા હતા તેમજ ઓવર સ્પીડના ૪૫૯ કેસ કરાયા હતા. આ ઉપરાંત ૩૦૭૩૭ વાહનો ડીટેઈન કરાયા હતા. દારૂ પી વાહન ચલાવનાર વાહન ચાલકો સામે પણ જિલ્લા પોલીસે કડક કાર્યવાહી કરી ડ્રીંક્સ એન્ડ ડ્રાઈવના ૮૦૦૭ કેસ કર્યા હતા.

### સાયબર ફ્રોડમાં ગયેલા રૂ.૩.૩૩ કરોડની રકમ પરત અપાવાઈ ઓપરેશન મ્યુલ હંટ હેઠળ ૩૧ આરોપીની ધરપકડ

વર્તમાન સમયમાં પોલીસ માટે પડકાર સમાન સાયબર ફ્રોડ સામે પણ રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી હતી. સાયબર એકટ હેઠળ થયેલી અરજીમાં એકાઉન્ટ ફ્રીજ કરાવી રૂ. ૩.૩૩ કરોડની રકમ અરજદારોને પરત અપાવી હતી. ઓપરેશન મ્યૂલ હંટ અંતર્ગત ૧૨ ગુના દાખલ કરી ૩૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

# જૂનાગઢ: પોલીસ કર્મી.ના પગારના બિલ પેન્ડિંગ રાખનાર મહિલા કલાર્ક સસ્પેન્ડ

### બીલની સમય મર્યાદામાં નિકાલ ન કરી પેન્ડીંગ રાકતા એસ.પી.એ પગલા ભર્યા

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ પોલીસે વડાએ કડક વલણ અપનાવી પોલીસ કર્મીઓના પગાર સહિતના ૭૦ જેટલા બિલ પેન્ડિંગ રાખનારા મહિલા કલાર્કને સસ્પેન્ડ કરતો હુકમ કરતા પોલીસ બેડામાં ખડભડાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જુનાગઢ ડીએસપી કચેરીમાં હિસાબી શાખામાં શ્રીમતી વિલસુબેન જેઠાભાઈ કરંગીયા જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હોય, અને તેમની પાસે જિલ્લાના એક સદગત પોલીસ કર્મીનું ઉચ્ચતર પગાર ધોરણનું પગાર તફાવત પુરવણી બિલ બે માસ સુધી પેન્ડિંગ રાખ્યું હોવાની જિલ્લા પોલીસે વડાને એક રજૂઆત મળી હતી. જે અંગે જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાએ તપાસનો હુકમ કર્યો હતો.

આ તપાસ દરમિયાન બે માસ સુધી મૃતક પોલીસ કર્મીનું બિલ નિષ્કાળજી અને બેદરકારી રાખી, પેન્ડિંગ રાખ્યું હોવાનું તે સાથે પગાર દફતર પર મહિલા કર્મચારીની નિમણૂક થયા બાદ ૭૦ જેટલા અલગ અલગ વિષયના બિલ બિનજરૂરી રીતે સમય મર્યાદામાં નિકાલ ન કરી, પેન્ડિંગ રાખ્યા હોવાનું સામે આવતા, જુનાગઢ પોલીસ વડા સુબોધ ઓડેદરા એ તાત્કાલિક અસરથી કોઈની પણ શેર શરમમાં આવ્યા વગર, જુનાગઢ પોલીસ અધિક્ષક કચેરીની હિસાબી શાખાના જુનિયર કલાર્ક શ્રીમતી વિલ્સુબેન જેઠાભાઈ કરંગીયાને ફરજ મોકુફીનો આદેશ કર્યો હતો.

એક વાત મુજબ, પોલીસ વિભાગમાં મહિલા કલાર્કને ફરજ મોકૂફ કર્યો હોવાનો જુનાગઢ જિલ્લામાં આ પ્રથમ કિસ્સો બન્યો છે, ત્યારે પોલીસ અધિક્ષકના આ કડક પગલાથી ફરજમાં બેદરકારી દાખવતા કર્મચારીઓમાં પણ હલચલ મચી જવા પામી છે.

# જામકંડોરણા: વેપારીને હનીટ્રેપમાં ફસાવી રૂ.૭.૫૦ લાખ પડાવનાર ટોળકીના જામીન ફગાવાયા

### રાજકોટની બે મહિલા સહિત સાતને ઝડપી લીધા રૂ.૧.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો

**અબતક, રાજકોટ**

જામકંડોરણા વિસ્તારના કાપડના વેપારીને રાજકોટની ટોળકીએ હનીટ્રેપમાં ફસાવી ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી રૂપિયા ૭.૫૦ લાખ પડાવી લેવાના ગુનામાં જેલ હવાલે રહેલી બે મહિલા સહિત સાત શખસોની જામીન અરજી ધોરાજીની અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ જામકંડોરણા વિસ્તારના વેપારીને મોબાઈલમાં મેસેજ કરી મહિલાએ મળવા બોલાવ્યા બાદ તેના સાગરીતોએ અહીં ધસી આવી વેપારીને ખોટા કેસમાં ફીટ કરી લેવાની ધમકી આપી રૂપિયા ૭.૫૦ લાખની લૂંટ ચલાવી હતી. હનીટ્રેપના આ બનાવને ગંભીરતા લઈ પોલીસે વિપુલ જેઠાભાઈ સુસરા, સવજી ઉર્ફે સાગર રામજીભાઈ ઢુંગા, વિશાલ ભીખાભાઈ પરમાર , વિજય સિંધાભાઈ જોગડીયા , પૂજા સિદ્ધપુરા તેનો પતિ ગોપાલ ગીરધરભાઈ સિધ્ધપુરા અને જાનવી મિલનભાઈ પંચોલીની ધરપકડ કરી રૂપિયા ૧.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસ પૂર્ણ થતા તમામને જે હવાલે કર્યા હતા બાદ રહેલા તમામ શખ્સોએ જામીન પર છૂટવા ધોરાજી સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલી હતી જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય મનોજભાઈ પારેખે દલીલોમાં જણાવેલ હતું કે જામીનના સિદ્ધાંતો છે તે ડિસ્કશનરી પ્રકારના છે પરંતુ હાલમાં જ સર્વોચ્ચ અદાલતે કુશલસિંગ વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા બાદ ગુજરાતની વડી અદાલતે તે માટેના નિયમો પણ ઘડેલા છે, અને તે નિયમ પ્રમાણે આરોપીએ પોતાની સામેના તમામ ગુન્હાઓ જામીન અરજીમાં દર્શાવવા ફરજીયાત છે. અને આરોપી પક્ષ તરફથી તે દર્શાવેલા નથી તેથી જામીન ઉપર છોડી શકાય નહીં. તપાસ નાજુક તબક્કામાં છે આરોપીઓના જામીન મંજૂર કરવા ન જોઈએ અને જો જામીન મંજૂર કરવામાં આવશે તો સમાજ ઉપર પણ વિપરીત અસર પડશે તેવી દલીલો કરી હતી. એ દલીલ ધ્યાને લઈ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલા શેખએ બંને પક્ષની દલીલો સાંભળી અને તમામ આરોપીઓના જામીન અરજી રદ કરેલી હતી.

# જેતપુરમાં ઘરમાં ઘુસી પાડોશીએ પરિણીતાનો બે વાર દેહ ચૂંથ્યો

### તારો પતિ કયાં કામે જાય છે અને તારા બાળક કયાં સ્કુલે જાય છે? તે મને ખબર છે તેવી ધમકી આપી દુષ્કર્મ ગુજાર્યુ : આરોપીની ધરપકડ

**અબતક, રાજકોટ**

જેતપુરમાં સતત બીજા દિવસે દુષ્કર્મનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. ગઈકાલે યુવતી પર પિતાના મિત્રએ દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાયા બાદ સતત બીજા દિવસે જેતપુર સિટી પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. જેતપુરમાં રહેતી પરિણીતા પર પાડોશમાં રહેતા શખસે ધમકી આપી બે વખત દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે પરિણીતાએ અંતે હિંમત દાખવી પતિને વાત કર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દુષ્કર્મના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, જેતપુરમાં ખીરસરા રોડ પરના વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતાએ તેના જ વિસ્તારમાં રહેતા શભુ વિનુભાઈ ઠાકોર(ઉ.વ.૨૨) નામના શખસ વિરૂધ્ધ જેતપુર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ અને ધમકીની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, અહીં તે પતિ અને બાળકો સાથે રહે છે. આરોપી શંભુ ઠાકોર તેના જ લતામાં રહેતો હોવાથી તેની સાથે પરિચય થયો હતો. બાદમાં બંને વચ્ચે વાતચીત થતી હતી. દરમિયાન આરોપીએ વિસેક દિવસ પૂર્વે પરિણીતા ઘરે એકલી હતી ત્યારે તેની એકલતાનો લાભ લઈ ઘરમાં ઘૂસી આવ્યો હતો. બાદમાં આરોપી શંભુ ઠાકોરે પરિણીતા સાથે જાતીય સતામણી કરવા લાગતા તેણે ઈનકાર કરતા આરોપીએ તારો પતિ કયાં કામે જાય છે અને તારા બાળક કયાં સ્કુલે જાય છે? તે મને ખબર છે તેમ કહી ગર્ભિત ધમકી આપી પરિણીતા પર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં આરોપીએ આટલેથી ન અટકતા ફરી એક વખત પરિણીતાના ઘરે આવી તેને ધમકાવી તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. જેથી આ શખસની પજવણીની કંટાળી જઈ અંતે પરિણીતાએ પતિને આપવીતી કહી હતી. બાદમાં પતિએ હિંમત આપતા પરિણીતાએ આ અંગે જેતપુર સિટી પોલીસ મથકમાં પાડોશી શખસ વિરૂધ્ધ આ ફરિયાદ નોંધાવી છે. દુષ્કર્મના આ બનાવને લઈ જેતપુર સિટી પોલીસ મથકના પીઆઈ એ.ડી.પરમારની રાહબરી હેઠળ પીએસઆઈ જે.પી.મલ્હોત્રા તથા ટીમે તપાસ હાથ ધરી આરોપી શંભુ વિનુભાઈ ઠાકોર(ઉ.વ. ૨૨) ને ઝડપી લઈ તેની સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલનો કેતન માકડીયા ચોરાઉ મોબાઈલ સાથે ઝડપાયો

### ગોંડલ બી ડિવિઝને જયશ્રીનગરમાં રહેતા શખ્સને ઝડપી રૂ.૧૫ હજારનો મોબાઈલ કબજે કર્યો

**અબતક, રાજકોટ**

ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે ચોરાઉ મોબાઈલ સાથે ગોંડલના જયશ્રીનગરમાં રહેતા શખસને ઝડપી લઈ તેની પાસેથી રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.


રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર અને ગોંડલ ડીવાયએસપી કે.જી. ઝાલા દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને અનડિટેકટ ગુનાઓ શોધી કાઢવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકના પી.આઈ જે.પી. રાવની રાહબરી હેઠળ ટીમ તપાસમાં હતી. દરમિયાન હ્યુમન સોર્સીસ તેમજ અગાઉ ચોરીમાં પકડાયેલ આરોપીઓ અંગેની માહિતી મેળવી ગોંડલમાં જેતપુર રોડ પર જયશ્રીનગર પાર્થ સ્કૂલ પાસે રહેતા કેતન ભગવાનજીભાઈ માકડીયા (ઉ.વ. ૫૩) ને ઝડપી લીધો હતો.



પોલીસે આ શખસ પાસે રહેલા મોબાઈલનં બિલ માંગતા તે બિલ રજુ કરી શકયો ન હતો. બાદમાં પોલીસે સઘન પૂછતાછ કરતા આ મોબાઈલ ફોન ચોરીનો હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે રૂપિયા ૧૫૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી મોબાઈલ ફોન ચોરી અંગેના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. આ કામગીરીમાં પીઆઈ જે.પી. રાવની રાહબરી હેઠળ એએસઆઈ મદનસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ શકિતસિંહ, કોન્સ્ટેબલ ઓમદેવસિંહ, સુરપાલસિંહ, જીતેન્દ્રસિંહ વિપુલભાઈ અને મીનુબેન સાથે રહ્યા હતા.

### અંજાર: ઘરફોડીના ગુનામાં તસ્કર ૧૨ વર્ષે ઝડપાયો

**અબતક**
**ભારતી માખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છ જીલ્લામાં ''Mission Fugitive'' અંતર્ગત નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ સુચનાના આધારે એલસીબી પીઆઈ એન.એન.ચુડાસમાની આગેવાનીમાં પીએસઆઈ ડી.જી.પટેલ તથા એલ.સી.બી ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધવા સતત પ્રયત્નશીલ હતી દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે અંજાર પો.સ્ટે.નાં ઘરફોડ ચોરીનાં ગુના કામે છેલ્લા બાર વર્ષથી નાસતા ફરતા આરોપી શેરસીંહ પાબુદાનસિંહ સોઢાને રાજસ્થાન રાજય ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે અંજાર પો.સ્ટે.ને સોંપવામાં આવેલ છે.

### ચેક રિટર્ન કેશનો વોન્ટેડ સુલતાનપુર ગામેથી ઝડપાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે રહેતો વિજય હરેશભાઈ જાદવ નામના શખ્સ વિરુદ્ધ ગાંધીનગર કોર્ટમાં ચેક રિટર્નનો કેશ ચાલતો હતો જેમાં વિજય ને કોર્ટે સજાનો હુકમ કરતા,તે કોર્ટના હુકમની અવગણના કરી છેલ્લા ચાર મહિનાથી નાસતો હતો. જે દરમિયાન સુલતાનપુર પોલીસની ટીમને બાતમી મળી હતી કે, વિજય જાદવ અત્યારે સુલતાનપુર ગામે આવેલા મોટાસખપર રોડ પર આવેલા હનુમાનજીના મંદિર પાસે હોવાની બાતમી મળી હતી. સુલતાનપુર પોલીસ માહિતી સ્થળે પહોંચી વિજય



હરેશભાઈ જાદવને ઝડપી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી સુલતાનપુર પીઆઈ જે એ ખાચર, હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ દવેરા અને કોન્સ્ટેબલ વિજયભાઈ સરીયા સહિત બતાવી છે.

# રાજકોટ સહિત ગુજરાતભરમાં ચોરી-ધાડ પાડતી ગરબાળા ગેંગના બે સાગરીત ઝબ્બે

### પડધરી-વાવડીમાં લૂંટ અને ચોરી, સામખીયાળીમાં ચોરીના પ્રયાસના ગુનાનો ભેદ ઉકેલાયો: ગરબાળા ગેંગના કુલ ૮ શખ્સો સાથે મળી ચોરી-લૂંટને અંજામ આપવાં નીકળતા, અન્ય છની શોધખોળ

**અબતક, રાજકોટ**

પડધરી સહિત ગુજરાતભરની ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ધાડ પાડતી, ચોરીને અંજામ આપનાર ગરબાળા ગેંગના બે સાગરીતને રાજકોટ રૂરલ એલસીબીની ટીમે પકડી પાડ્યા હતાં. જ્યારે આ ગેંગના છ શખ્સો હાથમાં ન આવતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે. પડધરી-વાવડીમાં લૂંટ અને ચોરી, સામખીયાળીમાં ચોરીનો પ્રયાસના ગુના ડિટેકટ થયા છે.

રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં વણશોધાયેલ ચોરી, લુંટ, ધાડના ગુનાઓ શોધી કાઢી આરોપીઓને પકડી પાડવાની આપેલ જરૂરી સુચના અને માર્ગદર્શનથી એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહીલ અને આર.વી.ભીમાણી અલગ અલગ ટીમ સાથે અલગ અલગ અન ડિટેકટ ગુના શોધી કાઢવા તપાસમાં હતાં ત્યારે એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રીજરાજસિંહ જાડેજા, વકરભાઈ અરબ, રોહિતભાઈ બકોત્રા અને પ્રકાશ પરમાર દ્વારા પડધરી પોલીસ મથકમાં નોંધાયેલ લૂંટ-ધાડનો ગુનો તથા ચોરીનો ગુનો શોધી કાઢવા બનાવ સ્થળ આજુબાજુના તેમજ હાઈવે રોડ તેમજ રાજકોટ શહેર વિસ્તારના ઘણા બધા સીસીટીવી ફુટેજ ચેક કરી, ટેકનીકલ અને હ્યુમન સોર્સીસથી માહિતી મેળવી તેમજ ઈ-ગુજકોપ પોર્ટલથી માહિતી મેળવી આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી સુભાષ ઉર્ફે સોબો ઉર્ફે સુભમ નવરીયા રસુલ ભાભોર (ઉ.વ.૨૭, રહે.છરછોડા, થરાળ ફળીયુ, ગરબાળા, દાહોદ) અને ગોરો ઉર્ફે કૈલાશ વરસીંગ ફુલજી મોહનીયા, (ઉ.વ.૨૫, રહે.હાલ. શિતલપાર્ક પાસે, સીનર્જી હોસ્પીટલ પાછળ, રાજકોટ, મુળ ગામ બીલીયા, ધાનપુર, દાહોદ) ને પકડી પાડી કાર્યવાહી કરી હતી. ઉપરાંત

રાજકોટ તાલુકા પોલીસ મથક વિસ્તારના ઘરફોડ ચોરીના ગુનામા પણ આરોપી સંડોવાયેલા હોવાથી તે ગુનો પણ ડિટેકટ થયો હતો. જો કે, આ ગેંગ સાથે સંકડાયેલ અન્ય આરોપી રાજુ સવસીંગ બારીયા (રહે.છરછોડા, ગરબાળા, દાહોદ), ભરત બાદરસીંગ પલાસ (રહે.આંબલી, દાહોદ), રાકેશ રાળીયા પલાસ (રહે.ખજુરીયા (આંબલી) દાહોદ), જયંતી ઉર્ફે જેન્તી જવસીંગ પલાસ (રહે ખજુરીયા (આંબલી), ગરબાળા), પ્રકાશ દીતીયા પલાસ (રહે છરછોડા,ગરબાળા), મડીયા ઉર્ફે સંજય તીતરીયા બામણીયા (રહે.સંડા, ભાભરા, અલીરાજપુર) ફરાર થઈ જતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે. ઉલ્લેખનીય છે કે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પરના તમામ પોલીસ મથકમાં ચોરીના અનેક ગુના નોંધાયેલ છે.

આ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, આર વી ભીમાણી, એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, વકારભાઈ આરબ, રોહિતભાઈ બકોત્રા, ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, શકિતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, મનોજભાઈ બાયલ, રસિકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, નિલેશભાઈ ડાંગર, દિવ્યેશભાઈ સુવા, રાજુભાઈ શામળા, હરેશભાઈ પરમાર, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમાર, મહિપાલસિંહ ચુડાસમા, અબ્બાસભાઈ ભારમલ, ભાવેશભાઈ મકવાણા, વિજયભાઈ સિંહાર, દિલીપસિંહ જાડેજા અને અનિરુદ્ધસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

### ગરબાળા ગેંગે આચરેલા ગુના

દોઢેક મહિના પહેલા આ તસ્કર ગેંગે તા.૧૩-૧૧-૨૦૨૫ ના રાજકોટના વાવડી જીઆઈડીસીમાં છ સાત કારખાનામાં ચોરી અને ચોરીની કોશીષ કરેલ હતી. જે અંગે તાલુક પોલીસ મથકમાં ગુનો નોંધાયેલ છે. બાદ બીજા દિવસે તસ્કર ગેંગે સામખીયાળી બાજુ કયાંક ચોરી કરવા માટે લઈ ગયેલ પરંતુ રાત્રીના જગ્યા નહી મળતા ચોરી કરેલ નહી અને ત્યાં ખેતરમાં સુઈ રહેલ હતા.

તેના બીજા દિવસે તા.૧૫/૧૧/૨૦૨૫ ના આ તસ્કર ગેંગે પડધરી પાસે જીઆઈડીસી વિસ્તારમાં ત્રણ-ચાર કારખાનામાં તાળા તોડવાની કોશિષ કરેલ પરંતુ તુટેલ નહીં. બાદ એક ગોડાઉન પાસે એક માણસ સુતેલ હોય તેને ભરત બાદરસીંગ પાસે લોખંડનો સળીયો બતાવી બીવડાવેલ અને તેની પાસેથી સાતેક હજાર રૂપિયા હતા તે લઈ લીધેલ બાદ બીજા એક કારખાનામાં જઈ શટર તોડતા હતા તે વખતે મજુર જાગી જતા તેઓ જોઈ ગયેલ હોય જેથી મજુરો પાસે જઈ તેમની પાસેથી ફોન અને પાકીટ અને રોકડ રૂપિયા લઈ લીધેલ બાદ મજુરોને તેમની ઓરડીમાં પુરી દઈ બહારથી દરવાજાના આંગળીયા બંધ કરી મોબાઈલ ફોન ત્યાંજ મુકી ભાગી ગયેલ હતા.

તેમજ વિસેક દિવસ પહેલા તા.૦૫-૧૨ ના આ તસ્કર ગેંગે પડધરી પાસે જીઆઈડીસી વિસ્તારમાં એક કારખાનાની દિવાલ ટપી અંદર જઈ કારખાનાની ઓફીસમાંથી રોકડ રૂપિયા અને લેપટોપની ચોરી કરેલ અને ત્યાંથી પાણીનો ગોળો હતો તે પણ પાણી પીવા માટે લઈ ગયેલ બાદ ત્યાંથી બીજા કારખાનામાં ચોરી કરવા જતા પથ્થરના ઘા થતા ત્યાંથી ભાગીને નિકળી ગયેલ હતા.



### ટોળકી વિરૂદ્ધ રાજ્યભરમાં ૨૫થી વધુ ગુના: રાજકોટ રૂરલ એલસીબી ટીમની કાર્યવાહી

# નવા વર્ષની ભેટ: સિરામિક એકમોને અપાતા નેચરલ ગેસના ભાવમાં રૂ. ૪.૫૦ નો ઘટાડો

## ગેસના ખર્ચમાં ઘટાડો થતાં ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર રાહત મળશે: સિરામિક ઈન્ડસ્ટ્રીઝના વિકાસને વધુ વેગ મળશે

**અબતક, ૠષિ મહેતા**

મોરબી: રાજ્ય સરકારના અગત્યના નિર્ણય હેઠળ મોરબી અને સુરેન્દ્રનગર-થાનગઢના સિરામીક એકમોને આપવામાં આવતા નેચરલ ગેસના ભાવમાં રૂ.૪.૫૦ પ્રતિ ક્યુબિક મીટરનો ઘટાડો કરાયો છે. આ ભાવ ઘટાડો આજથી અમલમાં આવશે, જે સિરામિક ઉદ્યોગ માટે મોટી રાહતરૂપ સાબિત થશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને ઊર્જા મંત્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સિરામિક ઉદ્યોગોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા કરાર હેઠળ મોરબી તેમજ સુરેન્દ્રનગર-થાનગઢ વિસ્તારના સિરામીક એકમોને આપવામાં આવતા નેચરલ ગેસના ભાવોમાં રૂ.૪.૫૦ પ્રતિ ક્યુબિક મીટરનો ઘટાડો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલો આ ભાવ ઘટાડો આજથી અમલમાં આવશે. ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા



આ બાબતે મોરબી તથા સુરેન્દ્રનગર-થાનગઢના તમામ સંબંધિત સિરામીક એકમોને સત્તાવાર રીતે જાણ પણ કરવામાં આવી છે.

નેચરલ ગેસના ભાવમાં થયેલો આ ઘટાડો મોરબીની સિરામિક ઈન્ડસ્ટ્રી માટે સંજીવની સમાન માનવામાં આવી રહ્યો છે. ગેસના ખર્ચમાં ઘટાડો થતાં ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર રાહત મળશે, જેના કારણે ઉદ્યોગોની સ્પર્ધાત્મક શક્તિ વધશે. આ નિર્ણયથી હજારો ઉદ્યોગકારો તેમજ તેમાં કાર્યરત કામદારોને નવી ઊર્જા અને આત્મવિશ્વાસ મળશે. મોરબીની સિરામિક ઈન્ડસ્ટ્રીને વધુ મજબૂત, આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે લેવાયેલો આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજ્ય સરકાર તથા ઊર્જા વિભાગનો રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા સીરામીક ઉદ્યોગકારોએ આભાર અને અભિનંદન વ્યક્ત કર્યા છે. આ નિર્ણયને સિરામિક ઉદ્યોગના વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

# માળીયા (મિ) ના રોહિશાળા ગામે ખેડુતની હત્યામાં શ્રમિકને આજીવન કેદ

## મજૂરની પત્ની સાથે અયોગ્ય માંગણી કરવામાં આવતા બન્ને વચ્ચે થયેલી બોલાચાલીમાં ઢીમ ઢાળી દીધું તુ

**અબતક, ૠષિ મહેતા**

મોરબી સેસન્સ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે, જેમા માળીયા(મી) તાલુકાના રોહિશાળા ગામે વર્ષ ૨૦૨૩માં ખેત-શ્રમિક દ્વારા ખેતર-માલીકની હત્યાના કેસમાં કોર્ટે મુખ્ય આરોપી શ્રમિકને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે આરોપીની પત્નીને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરવામાં આવી છે.મોરબી જીલ્લાના માળીયા(મી)ના રોહિશાળા ગામમાં બે વર્ષ અગાઉ ખેતર-માલીકની હત્યા મામલે રોહિશાળા



ગામના ચંદુભાઈ કાલરીયાએ તા.૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમના ભાઈ પરેશભાઈ જાદવજીભાઈ કાલરીયાની હત્યા કરવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી પરેશભાઈના ખેતરમાં કામ કરતા શ્રમિક રાગેશ ઉર્ફે રાકેશ જુવાનસિંગ બંધેલ તથા તેની પત્ની રાજબાઈની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન ખુલ્યું હતું કે પરેશભાઈએ આરોપીઓને જમીન વાવવા આપી હતી. આ દરમિયાન પરેશભાઈ દ્વારા રાજબાઈ સમક્ષ અયોગ્ય માંગણીઓ કરવામાં આવતી હોવાના કારણે રાજબાઈએ કામે આવવાનું બંધ કર્યું હતું. ત્યારબાદ પરેશભાઈએ રાકેશને તેની પત્નીને ફરી કામે મોકલવા કહ્યું હતું, જેને લઈને બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ ઝઘડામાં રાકેશે પાવડા વડે પરેશભાઈના માથા પર હુમલો કરી બાદમાં છરીથી ગળાના ભાગે ઘા મારી તેમની હત્યા કરી હતી અને લાશ ખેતરના શેઢે ફેંકી દીધી હતી.

આ કેસની સુનાવણી મોરબીના બીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એમ. આર. નાદપરાની કોર્ટમાં ચાલી હતી. જ્યાં સરકારી વકીલ સંજય દવે દ્વારા રજૂ કરાયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અને કાયદાકીય દલીલોના આધારે કોર્ટે આરોપી રાગેશ ઉર્ફે રાકેશ જુવાનસિંગ બંધેલને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે તેની પત્ની રાજબાઈને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### એમએમસી @1 અંતર્ગત

# મનપા આયોજીત આતશબાજી કાર્યક્રમ શહેરીજનોએ મનભરીને માણ્યો

## નવા વર્ષમાં શહેરને અનેક વિકાસ કાર્યોની ભેટ: મનપા કમિશનર સ્વપ્નિલ ખરે, ધારાસભ્ય દુર્લભજી દેથરીયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિ

**અબતક, ૠષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થતાં એમએમસી @1 અંતર્ગત ઉજવણી સપ્તાહ ચાલી રહ્યો છે. આ ઉજવણીના ભાગરૂપે શનાળા ખાતે આવેલ પટેલ સમાજવાડીના પટાંગણમાં ભવ્ય આતશબાજી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને જોવા માટે મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ આતશબાજીના કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય સોની, સહિતના મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે મોરબીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા પણ હાજર





રહ્યા હતા. શહેરીજનોએ આતશબાજીનો કાર્યક્રમ મનભરીને માણ્યો હતો. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેએ જણાવ્યું હતું કે રૂ.૪.૬૩ લાખના ખર્ચે અંદાજે ૪૦ મિનિટનો આતશબાજી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું કે નવા વર્ષમાં મોરબી શહેરને અનેક વિકાસકાર્યોની ભેટ મળવાની છે. જેમાં વિસીપરા વિસ્તારમાં કોમ્યુનિટી હોલનું કામ ચાલી રહ્યું છે, ચાર નવા અર્બન હેલ્થ સેન્ટરનું કામ ટૂંક સમયમાં શરૂ થવાનું છે.

# કોલસા કૌભાંડનો સુત્રધાર પાસાના પિંજરે પુર્યો

## એલસીબીએ અટકાયત કરી સાબરમતિ જેલમાં ધકેલાયો

**અબતક, ૠષિ મહેતા**

મોરબીના ચકચારી કોલસા કૌભાંડના મુખ્ય આરોપી નવઘણભાઈ બાલાસરાને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી ક્રાઈમ બ્રાન્ચ મોરબી દ્વારા અમદાવાદની સાબરમતી જેલમાં મોકલવામાં આવ્યો છે.મોરબી જુનાસાદુળકા ગામે પ્લોટમાં રેઈડ કરી હતી.એલસીબીએ સ્થળ પરથી ઈમ્પોર્ટ કોલસો, હલકી ગુણવત્તાનો કોલસો, ટ્રક, ટ્રેક્ટર-લોડર, હિટાચી મશીન, મોટરસાયકલ, મોબાઈલ ફોન સહિત કુલ અંદાજે રૂ.૧.૦૯ કરોડનો મુદામાલ જપ્ત કરી ચાર આરોપીઓને સ્થળ પરથી ઝડપી લેવાયા હતા. તપાસ દરમિયાન કુલ ૯ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.



આ ગુનાની ગંભીરતા જોતા મોરબી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર તથા અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઈસમો સામે અસરકારક અટકાયતી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. તપાસમાં ખુલ્યું કે આ કૌભાંડનો મુખ્ય આરોપી નવઘણભાઈ જશાભાઈ બાલાસરા અગાઉ પણ વર્ષ ૨૦૨૪માં સમાન પ્રકારના કોલસા કૌભાંડમાં સંડોવાયેલ રહ્યો હતો. આથી મોરબી એલ.સી.બી.ના પીઆઈએ આરોપી સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતા જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યો હતો. જેના આધારે મોરબી એલ.સી.બી.ની અલગ-અલગ ટીમોએ કાર્યવાહી કરી આરોપી નવઘણભાઈ જશાભાઈ બાલાસરા રહે. મોરબી વાવડી રોડ સતનામ સોસાયટી શેરી નં.૧ મૂળ રહેવાસી કેરાળી તા.જી. મોરબી વાળાને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી અમદાવાદની સાબરમતી જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# યુવા ભાજપ-રઘુવંશી અગ્રણી કેયુર અનડકટનો આજે જન્મદિવસ

રઘુવંશી યુવા અગ્રણી અને રાજકોટ શહેર યુવા ભા.જ.પ. પૂર્વ મંત્રી કેયુર અનડકટ આજે જન્મ દિન છે. તેઓનો જન્મ વાંકાનેર તાલુકા ખીજડીયા ગામે તા. ૦૧/૦૧/૧૯૯૧ ના રોજ જન્મ થયો હતો.



છેલ્લા દોઢ દાયકાથી તેઓ રાજકોટ શહેરમાં લોકસેવાર્થે સ્થાયી થઈ રાજકોટને પોતાની કર્મભુમી બનાવી જાહેર જીવનમાં રહી ભા.જ.પ.ની વિચારધારા સાથે જોડાય શહેર યુવા ભા.જ.પ. મંત્રી પદે જવાબદારી નિભાવી હતી.લોકસભા, વિધાનસભા, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીઓમાં પણ પદાધિકારીઓ અને ભા.જ.પ. અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ સુપેરે વિવિધ જવાબદારીઓ ખંતપૂર્વક અને ઉત્સાહભેર નિભાવેવ, તેમના પિતા સ્વ. રસીકલાલ અનડક્ટ જુના જનસંઘી, સૌરાષ્ટ્ર ભા.જ.પ. ના અગ્રણી અને વાંકાનેર ભા.જ.પ. ના પાયાના પથ્થર હતા. સ્વ. રસીકલાલ અનડકટે રઘુવંશી સમાજને એક્ત્રીત કરવા અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેનાની સ્થાપના કરેલ. કેયુર અનડકટ પોતાના પિતા સ્વ. રસીકલાલ અનડક્ટના ચિંધ્યા માર્ગે જાહેર જીવનમાં ચાલી સક્રિયપણે લોકસેવાના કાર્યોને આગળ ધપાવી રહ્યા છે.

આજે તેમના જન્મ દિવસે રાજકીય આગેવાનો, સહકારી ક્ષેત્રના આગેવાનો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અને કાર્યકર્તા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી તેઓનાં મો.નં. ૯૪૨૬૪ ૮૦૨૮૦ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.


# ટ્રક માલિકને ગ્રાહક અદાલતથી ન્યાય મળ્યો

## અકસ્માતથી થયેલા નુકશાનનું વળતર વીમા કંપનીને રૂ. ૧.૦૩ લાખ ચૂકવવાનો આદેશ

**અબતક, ૠષી મહેતા**

મોરબી ત્રાજપરના વતની ટ્રક-માલિકને અકસ્માત બાદ ટ્રકમાં થયેલ નુકસાની અંગેનો દાવો વીમા કંપનીએ નકારતા, ગ્રાહક અદાલતે વીમા કંપનીની સેવામાં ખામી ઠરાવી રૂ.૧,૦૩,૭૨૮/- સાથે વ્યાજ અને ખર્ચ ચુકવવાનો હુકમ કરી ગ્રાહક તરફી ચુકાદો આપ્યો હતો.

મોરબી ત્રાજપરના વતની પરેશભાઈ મનુભાઈ ગોલતર પોતાના ટ્રકનો વીમો રોયલ સુંદરમ ઈન્સ્યોરન્સ કંપનીમાંથી લીધેલ હતો. માળીયાથી મોરબી તરફ આવતા સમયે તેમની આગળ જતાં ટ્રકના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતા પરેશભાઈના ટ્રક પાછળના ભાગે અથડાયો હતો. આ અકસ્માતમાં પરેશભાઈના ટ્રકને અંદાજે રૂ. ૧,૨૨,૭૫૦/-નું નુકસાન થયું હતું. અકસ્માત બાદ



પરેશભાઈ ગોલતરે વીમા કંપનીને તાત્કાલિક જાણ કરી અને જરૂરી તમામ દસ્તાવેજો રજૂ કર્યા હતા. તેમ છતાં વીમા કંપનીએ રિપ્યુડ લેટર પાઠવી દાવો નકાર્યો હતો. કંપનીએ કારણ આપ્યું હતું કે ગૂગલ ટાઈમલાઈન મુજબ અકસ્માત સમયે ફરીયાદી સ્થળ પર હાજર ન હોવાથી વીમો ચૂકવવાનો નથી. વીમા કંપનીના આ નિર્ણયથી પરેશભાઈ ગોલતરે મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા માર્ગદર્શન મેળવી ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન અદાલતે નોંધ્યું હતું કે વીમા કંપની રિપ્યુડ લેટરમાં દર્શાવેલા કારણથી બહાર કોઈ બચાવ લઈ શકે નહીં. વાહનનો વીમો લેવાયેલ છે, પ્રીમિયમ ભરવામાં આવ્યું છે અને વાહનને નુકસાન થયાનું સ્પષ્ટ છે. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે વીમા કંપની દ્વારા નિયુક્ત સર્વેયરે પણ નુકસાનનો આંક રૂ.૧,૦૩,૭૨૮/- નક્કી કર્યો છે. તેથી વીમા કંપનીની સેવામાં સ્પષ્ટ ખામી સાબિત થાય છે. આ આધાર પર ગ્રાહક અદાલતે રોયલ સુંદરમ ઈન્સ્યોરન્સ કંપનીને પરેશભાઈ મનુભાઈ ગોલતરને રૂ.૧,૦૩,૭૨૮/- તા.૧૫/૦૩/૨૦૨૫ થી ૬ ટકા વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત રૂ. ૫,૦૦૦/- કેસ ખર્ચ પણ ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# માળીયા(મી) નજીક ટ્રકમાંથી રૂ.૬૬ હજારની માલમત્તાની ચોરી કરી ડ્રાઈવર ફરાર

## સામખીયારીના ટ્રાન્સફોર્મર ટ્રક-માલિકની ફરિયાદના આધારે ચાલક સામે ગુનો નોંધાયો

**અબતક, ૠષિ મહેતા**

માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીક સામખીયારી સ્થિત ટ્રાન્સપોર્ટ કંપનીના ડ્રાઈવરે ડ્રાઈવર ટ્રકમાંથી સાધન સામગ્રી, સ્પેર વ્હીલ અને ૨૫૦ લીટર ડીઝલ સહિત રૂ.૬૬,૧૫૦/-ની માલમત્તાની ચોરી કર્યાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કચ્છ જીલ્લાના સામખીયારી ગામે ઓમ બંગલો બાંગ્લા નંબર ૫ જંગી રોડ વિસ્તારમાં રહેતા ટ્રાન્સપોર્ટર મીતુલભાઈ ભરતભાઈ અયાચી ઉવ.૪૭એ આરોપી સાજનસિંગ પલવિંદરસિંગ સામે માળીયા(મી) પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ત્યારે ગઈ તા.૦૨/૧૧/૨૦૨૫ના રોજ ટ્રક નં. જીજે-૧૨-બીવાય-૪૮૬૬માં ઈલેક્ટ્રોથર્મ કંપનીનો આશરે ૫૬ ટન લોખંડના બીલેટનો માલ ભરી અમદાવાદ ઓઢવ જવા માટે આરોપી ડ્રાઈવર સાજનસીંગ પલવીંદરસીંગને રવાના કરાયો હતો. જીપીએસ મોનિટરિંગ દરમિયાન ટ્રક સામખીયારી નજીક સિકારપુર પાસે તથા બાદમાં માળીયા નજીક ભીમસર ચોકડી પાસે હોલ્ટ થયાનું જણાયું હતું. તપાસમાં ટ્રક લોક હાલતમાં મળી આવી હતી પરંતુ ડ્રાઈવર સાજનસિંગ ફરાર હતો. જે બાદ ટ્રકમાં ચેક કરતા, ટ્રકમાંથી ૧૬ ડી સર્કલ, લોખંડની ચેન, બાટલા, ખુટલા, બેલ્ટ, તીરપાલ, સ્પેર વ્હીલ તેમજ ૨૫૦ લીટર ડીઝલ ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. ચોરી ગયેલ સામગ્રી અને ડીઝલની કુલ કિંમત રૂ.૬૬,૧૫૦ થતી હોવાનું જણાવવામાં આવ્યું છે. હાલ માળીયા(મી) પોલીસે ફરાર ટેકના ડ્રાઈવર વિરુદ્ધ ચોરીની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વોટ્સએપ .apk ફાઈલ વાળા મેસેજ થકી કારખાનેદાર સાથે બે લાખની ઠગાઈ

## આરટીઓ ચલણના બહાને મોબાઈલ હેક કરી ચાર બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર

**અબતક, ૠષિ મહેતા**

મોરબીમાં વોટ્સએપ ઉપર આવેલી .apk ફાઈલ ખોલતાં વધુ એક સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. આર.ટી.ઓ. ચલણની .apk ફાઈલ ખોલતા જ કારખાનેદારનો મોબાઈલ હેક થયો અને રૂ.૨ લાખ ચાર અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી સાયબર ઠગાઈ કરવામાં આવી હતી.

મળતી વિગત મુજબ, મોરબીના એસ.પી. રોડ શિવાલય વાટીકા એપાર્ટમેન્ટ ૨૦૧માં રહેતા અને સીલ્વર પોલીટેક કારખાનામાં ભાગીદાર અશ્વિનભાઈ ગોવિંદભાઈ શેરસીયા ઉવ.૪૪ સાયબર ઠગાઈનો ભોગ બન્યા હતા. જેમાં ગત તા.૧૯ જૂન ૨૦૨૫ના રોજ તેમના વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી આરટીઓ ચલણ બાબતની .apk ફાઈલ આવી હતી, જે ખોલતાં તેમનો મોબાઈલ હેક થયો હતો. થોડી જ વારમાં તેમના એચડીએફસી બેંક એકાઉન્ટમાંથી રૂ.૫૦,૦૦૦/-ના ચાર અલગ અલગ ટ્રાન્જેક્શન થવાના મેસેજ આવ્યા હતા અને કુલ રૂ.૨,૦૦,૦૦૦/- ડેબિટ થઈ ગયા હતા. આ રકમ કોટક મહિન્દ્રા બેંક, એનએસડીએલ પેમેન્ટ્સ બેંક, આઈડીઆઈ બેંક અને પંજાબ એન્ડ સિન્ડ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. જેથી તુરંત અશ્વિનભાઈ દ્વારા બેંકમાં ખાતું બ્લોક કરાવી સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બાદ આ અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ઉપરોક્ત ચાર બેંક એકાઉન્ટ હોલ્ડર તથા તપાસમાં ખુલ્લે તેની સામે સાયબર ઠગાઈની ફરિયાદ નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

# રવિવારે બાળ પ્રતિભા શોધ સ્પર્ધા

## વકૃતત્વ નિબંધ લેખન લોકગીત સહિતની સ્પર્ધા યોજાશે

**અબતક, ૠષિ મહેતા**

મોરબી: ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા આયોજીત અને જીલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, મોરબી દ્વારા સંચાલીત જીલ્લાકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૨૫-૨૬નું વિનય ઈન્ટરનેશનલ સ્કૂલ, ઘુનડા રોડ, મોરબી ખાતે સવારે ૮.૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાઓમાં (૧)વકતૃત્વ, (૨)નિબંધ લેખન, (૩)દુહા-છંદ, ચોપાઈ, (૪)લોકવાર્તા, (૫)સર્જનાત્મક કારીગરી, (૬)ચિત્રકલા, (૭)લગ્નગીત, (૮)લોકવાદ્ય સંગીત, (૯)એકપાત્રીય અભિનય, (૧૦)લોકગીત, (૧૧)ભજન, (૧૨)સમૂહગીત અને (૧૩)લોકનૃત્ય સહિતની સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ નિયત તારીખ, સમય અને સ્થળ મુજબ ભાગ લેવા હાજર રહેવાનું રહેશે

# રાજયકક્ષાની આઈસ સ્ટોક સ્પર્ધામાં ૧૦ જિલ્લાના ૮૦ ખેલાડીઓએ બતાવ્યું કૌશલ્ય

## વિજેતા ખેલાડીઓ, જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગ ખાતે યોજાનારી આઈસ સ્ટોક સ્પોર્ટસ વિન્ટર નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

**અબતક, ૠષિ મહેતા**

મોરબી આઈસસ્ટોક સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા મોરબીની વિનય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'ગુજરાત સ્ટેટ આઈસસ્ટોક સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ'નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતના ૧૦ અલગ-અલગ જીલ્લાઓમાંથી કુલ ૮૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય રજૂ કર્યું હતું. સ્પર્ધા દરમિયાન ગ-૧૬, ગ-૧૯, ગ-૨૩ તેમજ ઓપન એજ ગ્રુપ જેવી વિવિધ કેટેગરીમાં ખેલાડીઓ વચ્ચે રસપ્રદ અને રોમાંચક મુકાબલા યોજાયા હતા. ચેમ્પિયનશિપના અંતે આયોજિત



મેડલ સેરેમનીમાં શહેરના આગેવાન મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભરતભાઈ અમૃતીયા તેમજ વિશેષ અતિથિ તરીકે જયેશભાઈ ગામી, પરેશભાઈ પારીયા, વિકાશ કુમાર વર્મા, ઉપસ્થિત રહ્યા હતા.

આ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનેલા ખેલાડીઓની પસંદગી હવે આગામી તા. ૨૩ થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગ ખાતે યોજાનારી 'આઈસસ્ટોક સ્પોર્ટ્સ વિન્ટર નેશનલ ચેમ્પિયનશિપ' માટે કરવામાં આવી છે, જ્યાં તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

# મોરબી-સુરેન્દ્રનગર કલસ્ટર કક્ષાનો શનિવારે જોબફેર

## યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ લિંક પર રજીસ્ટ્રેશન કરી શકશે

**અબતક, ૠષિ મહેતા**

જીલ્લા રોજગાર કચેરી મોરબી અને સુરેન્દ્રનગરના સંયુકત ઉપક્રમે તા.૦૩/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે આઈ.ટી.આઈ- મોરબી (મહેન્દ્રનગર) ખાતે કલસ્ટર કક્ષાના મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે.આ જોબફેરમાં ખાનગીક્ષેત્રનાં વિવિધ નોકરીદાતાઓ વિવિધ જગ્યાઓની ભરતી માટે પસંદગી માટે ઉપસ્થિત રહેવાના છે, મોરબી જીલ્લાના ધો. ૫ થી ૧૨, કોઈપણ ટ્રેડમાં આઈ.ટી.આઈ./ડિપ્લોમાં કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની ઉમર ધરાવતા ઉમેદવારો પોતાની શૈક્ષણિક લાયકાત મુજબનાં અસલ પ્રમાણ-પત્રો અને બાયોડેટા ( ૩ થી ૪ નકલમાં) સાથે સ્વ-ખર્ચે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે. ઈન્ટરવ્યુ આપવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાનું રજીસ્ટ્રેશન https://forms.gle/UidNBEcty2U2qEceA લિંક પર કરવા જણાવવામાં આવે છે. જે ઉમેદવારો લિંકમાં રજીસ્ટ્રેશન ન કરાવેલ હોઈ તે ઉમેદવારો પણ ભરતી મેળામાં ભાગ લઈ શકશે તેવું મોરબી જીલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# અંજાર: વૃધ્ધની હત્યાનો ભેદ ઉકેલી બે આરોપીની ધરપકડ: બેની શોધખોળ



**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

અંજાર ટાઉનમાં દેવળીયા નાકા નજીક નજીવી બાબતે ૬૫ વર્ષે વૃદ્ધની હત્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. નોંધાયેલ ગુના મુજબ આરોપીઓ તથા ફરીયાદીના પરીવારના સભ્યો સાથે થયેલ બોલાચાલીમાં આરોપીઓએ ફરીયાદીના પરીવારના સભ્યો સાથે ગાળા-ગાળી કરી લાકડી, પાઈપ તેમજ ધારીયા જેવા હથીયારો વડે હુમલો કરી ફરીયાદીના પિતા આમદભાઈ ઈસ્માઈલભાઈ નોંડે ને શરીરે ગંભીર ઘા મારી ધક્કો મારી પાડી દઈ મોત નિપજાવી આરોપીઓ ભાગી ગયા હતા.જેથી આરોપીઓને શોધી કાઢી સત્વરે પકડી પાડવા અંજાર પીઆઈ એ.આર.ગોહિલ ના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસની અલગ-અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સીસ દ્વારા ખુનને અંજામ આપનાર આરોપીઓ પૈકી બે આરોપીઓ ઈકબાલ નુરમામદ નોંડે અને ઈલીયાસ નુરમામદ નોંડેને ગણતરીના દિવસમાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ ગુનામાં સામેલ આરોપીઓ અકરમ હુસૈન નોંડે અને હુસૈન નુરમામદ નોંડે હજુ પકડવાના બાકી હોવાનું પોલીસે જણાવ્યું છે.

આ કામગીરી અંજાર પીઆઇ એ.આર.ગોહિલ, પીએસઆઇ એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવી છે.

# સોરઠ પંથકમાં થર્ટી ફર્સ્ટે સઘન ચેકીંગ ૧૦૦થી વધુ પીધેલા પકડાયા

## એસપી. સુબોધ ઓંડેદરા સતત બે દિવસ પોલીસ ટીમ સાથે પેટ્રોલીંગમાં જોડાયા: ૪ ડીવાયએસપી; ૨૭ પીઆઇ; પીએસઆઇ. એસઓજી; એલસીબી. સહિતની ૨૨ ટીમ કાર્યરત

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

થર્ટી ફર્સ્ટ ઉપર પાર્ટી સાર્ટી કરવા માંગતા ઈસમો ઉપર પોલીસે બાજ નજર હાથ ધરી હતી. એસઓજી; એલસીબી. સહિતની બ્રાન્ચ અને જિલ્લાના તમામ થાણા અમલદારો, પોલીસ કર્મીઓની સાથે ખુદ જિલ્લા પોલીસ વડા, અને ૪ ડીવાયએસપી. દ્વારા સતત બે દિવસ સુધી પેટ્રોલિંગ સાથે ચેકીંગ હાથ ધરાયું હતું જે દરમિયાન ૧૦૦ થી વધુ ઈસમો નશો કરેલી હાલતમાં પોલીસે ઝબ્બે કર્યા હતા. આ સાથે છરી, ધોકા જેવા હથિયારો લઈને નીકળી પડેલાને પકડી લીધા હતા. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ૪ ડીવાયએસપી, ૨૭ પીઆઈ;





પીએસઆઈ; ૪૩૫ પોલીસ, ૧૨૦ હોમગાર્ડની સાથે એસઓજી; એલસીબી. સહિતની ૨૨ પેટ્રોલિંગ ટીમને જિલ્લાભરમાં કાર્યરત કરી, થર્ટી ફર્સ્ટ પર પાર્ટી સાર્ટી કરનારા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા અને કાયદાનો ડંડો વીંઝવા પૂરી તૈયારી કરી લીધી હતી. અને જુનાગઢ જિલ્લામાં અને ખાસ કરીને જૂનાગઢ શહેર સહિત ગીર વિસ્તારમાં આવેલ હોટેલ, મોટેલ, રિસોર્ટ, ગેસ્ટ હાઉસ, ફાર્મ હાઉસ ઉપર બાજ નજર રાખી સઘન ચેકિંગ હાથ ધરાયું છે. તે સાથે જિલ્લામાં આવેલ ૩૧ ચેક પોસ્ટ અને ૧૫ વાહન ચેકિંગ પોઇન્ટ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી હતી. જ્યાં બ્રૂથ એનેલાઇઝર, બોડી વોર્ન કેમેરા, નાઈટ રિફ્લેક્ટર, લાઈફ બેટન, ટોર્ચ, બેરીકેટીંગ સહિતના સાધનો દ્વારા પોલીસે વાહન ચેકિંગ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ સાથે પોલીસ દ્વારા મેંદરડા પોલીસ સ્ટેશન સહિતના વિસ્તારમાં ડ્રોન કેમેરાથી દારૂની મેફીલો પર વોચ ગોઠવવામાં આવી હતી.

ખુદ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા પણ સતત બે દિવસ સુધી પોલીસની આ કામગીરીમાં જોડાયા હતા અને પોલીસ દ્વારા પીધેલાઓને પકડવાની હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન બે દિવસમાં જિલ્લા માંથી ૧૦૦ થી વધુ દારૂ પી મોજમાં આવેલા ઈસમોને ઝબ્બે કરી, કાયદાનું ભાન કરાવ્યું હતું. તે સાથે છરી, ચાકા, લાકડી, ધોકા લઈને ફરતા ઈસમોને પણ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિરપુરમાં પતિએ લાકડીનો એક જ ઘા ઝીંકી પત્નીનો હાથ ભાંગી નાખ્યો

## ગાઉન પહેરીને બહાર જવાની ના પાડતા પત્નીએ સાડી પહેરી લીધી છતાં વહેલી સવારે ઝગડો કરી પતિએ માર માર્યો : વિરપુર પોલીસમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિરપુરમાં રહેતી પરિણીતાને અવાર નવાર શારીરિક-માનસિક ત્રાસ આપતાં પતિએ લાકડીનો એક જ ઘા ઝીંકી હાથ ભાંગી નાખ્યો હતો. ગાઉન પહેરીને ઘરની બહાર નહિ નીકળવાનું જણાવતા પત્નીએ સાડી પહેરી લીધી હતી તેમ છતાં પતિએ પત્નીને માર માર્યો હતો. જે બનાવમાં વિરપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે વિરપુર રેલવે સ્ટેશન રોડ પર ધર્મશાળાની સામે રહેતા ૪૦ વર્ષીય પરિણીતા હંસાબેન વિકેશભાઈ ઉર્ફે વિકી દેવાભાઈ ચાવડાએ વિરપુર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં એક દીકરી રાધીકા(ઉ.વ.૧૫) ની છે. મારા લગ્નનો સમયગાળો અઢાર વર્ષનો છે. ગઈ તા.૨૫/૧૨/૨૦૨૫ ના સવારના આશરે સાડા પાંચ વાગ્યે હુ જાગેલ ત્યારે મારા પતિ વિકેશ ઉર્ફે વિકી પણ જાગેલ હતો. હુ ઘરમાંથી બહાર પેશાબ કરવા માટે જતી હતી. તે દરમ્યાન મારા પતિએ મને કહેલ કે તે ગાઉન પહેરેલ છે અને ઘરની બહાર બાપુજી હશે. જેથી મે ગાઉન બદલીને સાડી પહેરી લીધેલ હતી છતા પણ મારા પતિ મારી સાથે બોલાચાલી કરતા હતા. બાદમાં તેણે ઉશ્કેરાયને તેની પાસે રહેલ લાકડી મને ડાબા હાથમા મારી દીધેલ હતી. જેથી દુખાવો થતા હુ મોટેથી રાડો પાડેલ તેવામા મારા સસરા દેવાભાઈ હીરાભાઈ ચાવડા આવી ગયેલ અને મને વધુ મારમાંથી બચાવેલ હતી.

બાદ મને હાથમા વધુ દુખાવો થતા મારા સસરા દેવાભાઈ મને રીક્ષા મારફતે ગોંડલ સરકારી હોસ્પીટલ ખાતે સારવારમાં લઇ ગયેલ હતા. જયા મારા ડાબા હાથમાં ફ્રેકચર થયાનું તબીબે જાહેર કરી વધુ સારવર માટે રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે રીફર કરેલ હતી.

પરિણીતાએ ફરીયાદ નોંધાવતા વધુમાં જણાવ્યું હતું કે, મારા પતિ વિકેશભાઈ ઉર્ફે વિકી મને અવાર નવાર માનસીક તેમજ શારરીક ત્રાસ આપે છે.

જે અંગે વિરપુર પોલીસે પરિણીતાની ફરિયાદ પરથી પતિ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# ગોંડલના યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## એકના એક પુત્રનાં અંતિમ પગલા થી માતા પિતા હતપ્રત: ચક્ષુદાન કરાયુ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં જેતપુર રોડ ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા અને ગુંદાળા ફાટક પાસે ખોડિયાર ફેબ્રિકેશન નામની દુકાન ધરાવતા ૩૦ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઘોઘાવદર અને હાલ ગોંડલ નાં જેતપુર રોડ ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા ઘનશાયમ દિલીપભાઈ રૂપારેલીયા ( ઉ.વ. ૩૦) નામનો યુવાન તેના માતા જગાડવા ગયા હતા અને યુવાનને નાહવા જવાનું કહી નીચે જતા રહ્યા હતા. ત્યારબાદ આશરે બે કલાક બાદ ઘનશ્યામ નીચે નહીં આવતા ફરી માતા ઉપર રૂમમાં જઈ જોતા યુવાન પંખામાં કમર બેલ્ટ(પટ્ટા) વડે ગળાફાંસો ખાઈ ગયેલી હાલતમાં જોવા મળતા માતાએ ચીસાચીસ કરી મુકતા પરિવારના અન્ય સભ્યો સહિત આસપાસના લોકો દોડી આવ્યા હતા.

બનાવની જાણ બી ડિવિઝન પોલીસનાં આર.ટી.પરમાર ઘટના સ્થળે પહોચી કાર્યવહી હાથ ધરી હતી.મૃતક યુવાનના મૃતદેહને પી.એમ માટે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવાનના પિતા કડીયા કામ કરી પરિવાર ગુજરાન ચલાવે છે. મૃતક યુવાન પરિવારનો એકનો એક પુત્ર હોય અને પરિવારનો આધાર સ્તંભ હોય અચાનક યુવાને આપઘાત કરી લેતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતુ. બી ડિવિઝન પોલીસે આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.મૃતક યુવાન નાં પરીવાર ની ઈચ્છા મુજબ તેની આંખોનું ચક્ષુદાન કરાયું હતું.જે માટે ગોંડલ શિવમ સાર્વજનિક ટ્રસ્ટ નાં દિનેશભાઈ માધડ, જયભાઈ માધડ, ધોરાજી માનવ સેવા યુવક મંડળ નાં ધર્મેન્દ્રભાઈ બાબરીયા,ભોલાભાઈ સોલંકી તથા ધોરાજી સરકારી હોસ્પિટલ નાં અધ્યક્ષ ડો.જયેશ વસેટીયન સહિત મેડીકલ ટીમે સેવા આપી હતી.

# બંધારણ જ સર્વોપરી: કોઈ જ્ઞાતિવાદ કે કોમવાદ નહીં ચાલે: ઉપલેટાના એડવોકેટ બી. ડી. મેકમહૂ

## આંતરજ્ઞાતિ લગ્ન કરનાર યુગલોના સમર્થનમાં ઉતર્યા એડવોકેટ બી. ડી. મેકમહૂ

**અબતક કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા સમતા સૈનિક દળના ગુજરાત પ્રદેશ પ્રભારી તથા એડવોકેટ બી.ડી. મેકમહૂએ આંતરજ્ઞાતિ લગ્ન કરનાર યુવક-યુવતીના સમર્થનમાં સ્પષ્ટ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે ભારતીય સંવિધાન મુજબ દરેક પુખ્ત વયના યુવક-યુવતીઓને પોતાની ઈચ્છા મુજબ ગમે તે જ્ઞાતિમાં લગ્ન કરવાનો પૂર્ણ અધિકાર છે.



કોમવાદ અને જ્ઞાતિવાદના આધારે યુવાનોના મૂળભૂત અધિકારોમાં અવરોધ ઉભો કરનાર તત્વો બંધારણ વિરુદ્ધ છે તેમ તેમણે જણાવ્યું. ગોંડલ ખાતે યોજાયેલી આંતરજ્ઞાતિ લગ્ન વિષયક કોન્ફરન્સને કાયદેસર ગણાવી તેમણે પૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. બી.ડી. મેકમહૂએ ગુજરાતના તમામ યુવક-યુવતીઓને સંદેશ આપ્યો કે તેઓ નિર્ભય બની પોતાની મરજી મુજબ લગ્ન કરી શકે છે, તેમને કોઈ રોકી શકશે નહીં.

# ગાંધીધામ: અપહરણના ગુનામાં આરોપીની ધરપકડ

**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છ એલસીબી પીઆઇ એન.એન ચુડાસમાની આગેવાનીમાં એલ.સી.બી ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધવા સતત પ્રયત્નશીલ હતી દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ગાંધીધામ એ ડીવી. પો.સ્ટે.ના અપહરણનાં ગુના કામેના આરોપીઓ જે નાસતા ફરતા હતા જેમાં આરોપી પ્રિન્સ સ/ઓ મહેન્દ્રકુમાર માજીરાણા અને કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર તથા ભોગ બનનારને સાબરકાંઠા તથા મહેસાણા ખાતેથી શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે ગાંધીધામ એ ડીવી. પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ છે.

# હિંમતનગરનાં મહેતાપુરા વિસ્તારમાં પાર્ક કરેલા બે વાહનો 'ભડભડ' સળગ્યાં

## ફાયર વિભાગની ટીમે પાણીનો સતત મારો ચલાવી આગ બુઝાવી

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં મહેતાપુરા વિસ્તારમાં પાર્ક કરેલા બે સાધનોમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી આ ઘટનાની જાણ થતાં જ હિંમતનગર ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવી હતી પરંતુ આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી ચોક્કસ જાણી શકાયું નથી.આ અંગે હિંમતનગર ફાયર વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ મહેતાપુરા ચાર રસ્તાથી ઈડર તરફના માર્ગ પર આવેલી સધી મોટર્સ સામે એક સ્વીફ્ટ કાર અને એક છોટા હાથી પાર્ક કરેલા હતા અને આ બંને વાહનોમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી આગનો



કોલ મળતા જ ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને અંદાજે ૨૫૦૦ લીટરથી વધુ પાણીનો મારો ચલાવીને આગને સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી પરંતુ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ પણ અકબંધ છે અને તેની તપાસ ચાલી રહી છે.

# રાજકોટના કે.એમ.ખપેડ સહિત રાજ્યના ૧૭ આરટીઓ અધિકારીની બઢતી સાથે બદલી

## ભાવનગર આરટીઓ અધિકારી ઈન્દ્રજિત ટાંકની રાજકોટમાં નિમણુંક અપાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વર્ષના અંતિમ દિવસે વહીવટી પ્રક્રિયાને વેગ આપવા માટે આરટીઓ અધિકારીઓની બઢતી સાથે બદલી કરી છે. રાજ્યના મોટર વાહન વિભાગમાં ફરજ બજાવતા ૧૭ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) તરીકે બઢતી આપી તેમની બદલીના આદેશ કરાયા છે.

રાજકોટ ખાતે કાર્યરત કેતનકુમાર મથુરભાઈ ખપેડની વડોદરા ખાતે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી તરીકે બઢતી સાથે બદલી કરવામાં આવી છે. તેમની ખાલી પડેલી જગ્યા પર ભાવનગરના આર.ટી.ઓ. ઈન્દ્રજિત સુરેશભાઈ ટાંકને રાજકોટના નવા આર.ટી.ઓ. તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



અમદાવાદના હાર્દિકકુમાર પટેલની પાટણ ખાતે બદલી કરાઈ છે. જૈમિનકુમાર ચૌધરીની બદલી પાટણથી નાયબ નિયામક, વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. સુરતના આકાશ પટેલની નવસારી બદલી થઈ છે.ભાવનગરના ઈન્દ્રજિત ટાંકની રાજકોટ બદલી કરવામાં આવી છે. પ્રતિક લાઠીયાને બારડોલીથી વલસાડ, કનકસિંહ પરમારને અમદાવાદ પૂર્વથી ગાંધીનગર, વિનિતા યાદવને ગાંધીનગર વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી ખાતેથી મહેસાણા, હાર્દિકકુમાર પટેલની અમદાવાદથી પાટણ, આકાશ પટેલને સુરતથી નવસારી, જીગર પટેલને વડોદરાથી હિંમતનગર, દીપસંગ ચાવડાને બોટાદથી આણંદ, મિતેષ ભંગાલેને ભરૂચથી નડિયાદ, ચિંતન પટેલને દાહોદથી બારડોલી, ઉત્તમ સોલંકીને ગાંધીનગર વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીથી પાલનપુર, તપનકુમાર મકવાણાને હિંમતનગરથી મોરબી, જીગર કનુભાઈ પટેલને પાલનપુરથી ગાંધીનગર રોડ સેફ્ટી ઓથોરિટી, સ્વપિનલ પટેલને મહેસાણાથી બાવળા અને શૈશવ ગામિતને વ્યારાથી દાહોદ ખાતે બદલી કરવામાં આવી છે.

# માંગરોળ પંથકમાં કૌટુંબિક ભત્રીજીને વાસનાનો શિકાર બનાવનાર નરાધમ પકડાયો

## ધમકીઓ આપી કાકાએ ગેરકાયદે ગર્ભપાત્ર કરાવી નાખ્યો હતો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માંગરોળ પંથકમાં એક નરાધમ કાકાએ પોતાની કૌટુંબિક ભત્રીજીને વાસનાનો શિકાર બનાવી,.ગર્ભવતી બનાવી દીધા બાદ ગેરકાયદેસર ગર્ભપાત કરાવી નાખ્યાની યુવતીની ફરિયાદ બાદ માંગરોળ પોલીસે આ નરાધનો શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ માંથી પ્રાપ્ત અનુસાર,.માંગરોળ પંથકનો એક નરાધમ કુટુંબીક કાકો છેલ્લા ચારેક વર્ષથી તેની કુટુંબીક ભત્રીજીને ફોટો વાયરલ કરવાની ધમકીઓ આપી, વારંવાર દુષ્કર્મ આચરતો રહેતો હતો. અને પોતે પરણી તો હોવા છતાં ખોટા દસ્તાવેજોના આધારે ભત્રીજી સાથે લગ્ન કરી, દુષ્કર્મ આચરવાની સાથે ધમકીઓ આપતો રહેતો હતો. જેના કારણે પીડિત યુવતીને ચાર માસનો ગર્ભ રહી જતા, આરોપી શખ્સે યુવતીનો ગર્ભપાત્ર કરાવી નખાવ્યો હતો. જે અંગેની પીડિત યુવતીએ તેના કુટુંબીક કાકા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી શખ્સને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### રાજકોટ ખાતે આયોજીત વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત

# ગાંધીધામમાં કાલે ઉદ્યોગકારો માટે 'લાલ જાજમ' સમા ડિસ્ટ્રીકટ લેવલના વાયબ્રન્ટ કાર્યક્રમ

## કચ્છના જિલ્લા કક્ષાના વાયબ્રન્ટ કાર્યક્રમમાં એમઓયુ એકઝિબિશન સહિતના વિકાસને મળશે ગતિ: કલેકટર આનંદ પટેલ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

જાન્યુઆરી મહિનાના બીજા સપ્તાહમાં રાજકોટ ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કચ્છ જિલ્લાના ડિસ્ટ્રીકટ લેવલ વાઈબ્રન્ટ પ્રોગ્રામનું આયોજન કાલે ગાંધીધામમાં ડો.બાબાસાહેબ આંબેડકર કન્વેશન સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે. આ વાઈબ્રન્ટ પ્રોગ્રામમાં મહત્વપૂર્ણ એમઓયુ સાથે વિવિધ ટેક્નિકલ સેશન, એક્ઝિબિશન તેમજ પેનલ ડિસ્કશન યોજાશે. કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને આયોજિત બેઠકમાં વાઈબ્રન્ટ કચ્છ પ્રોગ્રામના આયોજનને લઈને વિવિધ



તૈયારીઓને સમીક્ષા કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે અધિકારીઓને વાઈબ્રન્ટ કચ્છ પ્રોગ્રામના આયોજન અંગે માર્ગદર્શન પુરુ પાડતા જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ પ્રોગ્રામમાં ઉદ્યોગો સાથે કોલેજકક્ષાના વિદ્યાર્થીઓને પણ સાંકળીને ઈવેન્ટનું આયોજન કરવાથી નવા સ્ટાર્ટઅપને વેગ મળશે. કલેક્ટરએ ઉદ્યોગો વચ્ચે સંકલન થાય અને તે માટે બી ટુ બી(બિઝનેસ ટુ બિઝનેસ) બેઠકો બાબતે ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, બિઝનેસ ટુ ગર્વમેન્ટ બેઠકોમાં સરકારના વિવિધ ડીપાર્ટમેન્ટ ઉત્સાહભેર સહભાગી બને તેમ કલેક્ટરએ જણાવ્યું હતું. નાના ઉદ્યોગો, હેન્ડીક્રાફ્ટસ વગેરે સંલગ્ન યુનિટ પણ વાઈબ્રન્ટના જિલ્લાકક્ષાના પ્રોગ્રામમાં હાજર રહીને પોતાના પ્રોડક્ટ કે સેવાઓનું પ્રદર્શન કરી શકે તે પ્રકારે આયોજન કરવા કલેક્ટરએ સૂચન કર્યું હતું.

વાઈબ્રન્ટ કચ્છ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામમાં ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈવેન્ટ પાર્ટનર તરીકે જ્યારે દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ વેન્યૂ પાર્ટનર તરીકે જોડાયા છે. આ ઉપરાંત ફોકિયા અને કચ્છ મેનેજમેન્ટ એસોસિએશન એ નોલેજ પાર્ટનર તરીકે સહભાગી બન્યા છે. ૬૦ થી વધુ સ્ટોલ ઉભા કરાશે

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર ડી.પી. ચૌહાણ ઈન્ડસ્ટ્રીઝના જોઈન્ટ કમિશનર હિમાંશુ મેવાડા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સના નિયામક નિકુંજ પરીખ, ગાંધીધામ મ્યુનિ. કોર્પોરેશનના નાયબ કમિશ્નર મેહુલ દેસાઈ તમામ પ્રાંત અધિકારીઓ, જિલ્લા ઉદ્યોગ અધિકારી ભરત નકુમ, નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આજથી મહા જનસંપર્ક અભિયાનનો આરંભ

# ૧૭ મહાપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ જનતાના સુચનો મેળવી 'મેનીફેસ્ટો' બનાવશે

## જિલ્લા પંચાયતની ૧૦૯૦ બેઠકો અને તાલુકા પંચાયતની ૫૨૦૦ બેઠકો પર જનતા સાથે સીધો સંવાદ કરાશેઃ અમિત ચાવડા

**અબતક, રાજકોટ**

કોંગ્રેસ દ્વારા આજથી રાજયવ્યાપી મહાજન સંપર્ક અભિયાનનો આરંભ કરી દેવામાં આવ્યો છે. રાજયની ૧૭ મહાપાલિકા વિસ્તારમાં વોર્ડના કાર્યકર્તાઓ દ્વારા ઘરે-ઘરે જઈ લોકોના સુચનો અને અભિપ્રાય મેળવી તેના આધારે જનતાનો મેની ફેસ્ટો તૈયાર કરવામાં આવશે. જિલ્લા પંચાયતની ૧૦૯૦ બેઠકો અને તાલુકા પંચાયતની ૫૨૦૦ બેઠકો ઉપર કોંગ્રેસના નેતાઓ જનતા સાથે સીધો સંવાદ કરશે તેવી જાહેરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિતભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, આગામી ૨૦૨૬ના વર્ષ માટે સંગઠનાત્મક આયોજન અને જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે 'મહા જનસંપર્ક અભિયાન'ની જાહેરાત કરવામાં આવી છે.

આજથી કોંગ્રેસ આક્રમક રીતે 'મહા જનસંપર્ક અભિયાન' અને 'ગો ટુ ધ પીપલ' કાર્યક્રમ સાથે મેદાનમાં ઉતરશે. આ અભિયાન અંતર્ગત રાજ્યની તમામ ૧૦૯૦ જિલ્લા પંચાયત બેઠકો અને તેમાં સમાવિષ્ટ ૫૨૦૦ તાલુકા પંચાયત બેઠકો પર કોંગ્રેસ સીધો 'જનસંવાદ' સ્થાપિત કરશે. આ કાર્યક્રમ દ્વારા ગ્રામીણ સ્તરે સિસ્ટમની ખામીઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કરી આંદોલનાત્મક લડાઈ લડવામાં આવશે.

શહેરી સ્તરે કોંગ્રેસે 'કોંગ્રેસ આપને દ્વાર' કાર્યક્રમની જાહેરાત કરી છે, જે અંતર્ગત રાજ્યના ૧૭ મહાનગરોમાં કોંગ્રેસનો કાર્યકર દરેક ઘર સુધી પહોંચશે. રાજકીય ઈતિહાસમાં પ્રથમવાર કોંગ્રેસ એસી ઓફિસમાં બેસીને નહીં પરંતુ શિક્ષણ, રસ્તા, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા પાયાના પ્રશ્નો પર પ્રજાના પ્રત્યક્ષ સૂચનો



મેળવી 'જનતાનો મેનિફેસ્ટો' તૈયાર કરશે. આ ઉપરાંત, શહેરોમાં જે લોકોની રજૂઆતો સરકારી કચેરીઓમાં સાંભળવામાં આવતી નથી, તેમના માટે વોર્ડ દીઠ 'જનમંચ' પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. આ મંચ પરથી પ્રાપ્ત થયેલી ફરિયાદો અને ગેરવહીવટના પુરાવાઓને આધારે વોર્ડ વાઈઝ 'જનાક્રોશ પદયાત્રા' યોજી પ્રજાના ટેકસના પૈસાની લૂંટ ચલાવનારાઓને ખુલ્લા પાડવામાં આવશે. કોંગ્રેસ પક્ષે સ્પષ્ટ કર્યું છે કે આ અભિયાન મુઠ્ઠીભર લોકોના હિત માટે નહીં, પરંતુ ગુજરાતના બહોળા જનસમૂહના હક અને અધિકાર માટે છે.

કાર્યક્રમ વિસ્તાર લક્ષ્યાંક મુખ્ય હેતુ અને પ્રવૃત્તિઓ

જનસંવાદ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તાર ૧૦૯૦ જિલ્લા પંચાયત અને ૫૨૦૦ તાલુકા પંચાયત બેઠકો દરેક ગામ સુધી પહોંચીને લોકો સાથે સીધો સંવાદ કરવો અને ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલનાત્મક લડાઈ લડવામાં આવશે.

કોંગ્રેસ આપને દ્વાર

જનતાનો મેનિફેસ્ટો શહેરી વિસ્તાર ૧૭ મહાનગરોના તમામ વોર્ડમાં કાર્યકર્તાઓ દ્વારા ઘેર-ઘેર જઈને સુચનો અને અભિપ્રાયો મેળવીને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રજાલક્ષી જનતાનો મેનિફેસ્ટો વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવશે.

જનમંચ -

જન આક્રોશ પદયાત્રા શહેરી વિસ્તાર - વોર્ડ દીઠ તમામ મહાનગરોમાં જે લોકોની રજૂઆત સરકારી કચેરીઓમાં સાંભળવામાં નથી આવતી, રાજકીય પક્ષાપક્ષીથી દુર તેમને પ્રશ્નો રજૂ કરવા માટે મંચ આપવામાં આવશે. જનમંચ પરથી ઉજાગર થયેલા ભ્રષ્ટાચાર અને જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે લોકોની સાથે મળીને પદયાત્રા કરવામાં આવશે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી અને મીડીયા કોકન્વીનર અને પ્રવકતા હેમાંગભાઈ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધોરાજીમાં મેમણ સમાજ દ્વારા સોમવારે "સમુહ શાદી"

## સંકલન સમિતીના ટ્રસ્ટી હાજી અમીન સર ગોડીલ સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે

**અબતક, રમણીક ટોપિયા, ધોરાજી**

ધોરાજીઃ- મેમણ સમાજ માં શાદી (નિકાહ) ને લગતા કુરિવાજો નાબુદ થાય, નિકાહ માં આમ પરિવાર સરળ, સાદાઈ અને સન્માન થી જોડાઈ તેવા નેક અને ઉમદા હેતુ સાથે ધોરાજી માં બીજી વાર "મેમણ સમુહ શાદી' નો આયોજન તારીખઃ- ૦૫-૦૧-૨૦૨૬ સોમવાર સવારે અત્રે ના શાહજી હોલ માં રાખવામાં આવેલ છે.આ સમુહ શાદી નું આયોજન સંકલન સમિતી-ધોરાજી ધ્વારા બીજી વાર કરવામાં આવી રહેલ છે.સંકલન સમિતી ના હાજી અમીન સર ગોડીલ (ટ્રસ્ટી એમ.એમ.સ્કુલ-ધોરાજી) તથા હાજી અફરોઝ હાજી હારુન લકડકુટા, અને હાજી ઈમ્તિયાઝ હાજી ઈબ્રાહીમ પોઠીયાવાલા (પ્રમુખઃપોઠીયાવાલા મેમન જમાત-ધોરાજી), હાજી બાશીત અ.શકુર પાનવાલા, આસીફબાપુ હાજી ઈકબાલબાપુ કાદરી, યાસીન ઈકબાલભાઈ નુરાની ઉપરોક્ત સમુહ લગ્ન ના આયોજન ની ભવ્ય તૈયારી મા જોડાઈ રહયા છે.

# નવા વર્ષે એલપીજી સિલિન્ડરની કિંમતમાં રૂ.૧૧૧નો વધારો

## ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથીઃ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલએલપીજી સિલિન્ડરની કિંમત હવે ૧૬૯૧.૫૦ થશે

**અબતક, રાજકોટ**

નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆત સાથે જ મોંઘવારીનો આંચકો લાગ્યો છે. સરકારે ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૧ રૂપિયાનો વધારો કર્યો છે. આ વધારો આજથી અમલમાં આવ્યો છે. આ વધારાથી હોટલ, રેસ્ટોરન્ટ અને નાના વ્યવસાયો માટે ખર્ચમાં વધારો થશે. દિલ્હીમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલએલપીજી સિલિન્ડરની કિંમત હવે ૧૬૯૧.૫૦ થશે, જે અગાઉ ૧૫૮૦.૫૦ રૂપિયા હતી. કોલકત્તામાં હવે તેની કિંમત ૧૭૯૫.૦૦ રૂપિયા હશે જે અગાઉ ૧૬૮૪ રૂપિયા હતી. મુંબઈમાં હવે તેની કિંમત ૧૬૪૨.૫૦ રૂપિયા હશે જે અગાઉ ૧૫૩૧ રૂપિયા હતી. ૧૪ કિલોગ્રામના ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દેશના મોટાભાગના શહેરોમાં રસોઈ ગેસની કિંમત ૮૫૦ થી ૯૬૦ રૂપિયાની વચ્ચે છે. હાલમાં દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ૮૫૩ રૂપિયામાં ઉપલબ્ધ છે, જ્યારે મુંબઈમાં ૮૫૨.૫૦, લખનઉમાં ૮૯૦.૫૦ રૂપિયા, અમદાવાદમાં ૮૬૦ રૂપિયા, હૈદરાબાદમાં ૯૦૫, વારાણસીમાં ૯૧૬.૫૦ રૂપિયા અને પટનામાં ૯૫૧ રૂપિયામાં મળી રહ્યો છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ અનુસાર, ૧૯ કિલોગ્રામના સિલિન્ડર હવે પટનામાં ૧૯૫૩.૫૦, નોઈડામાં ૧૬૯૧ રૂપિયા, લખનઉમાં ૧૮૧૪ રૂપિયા, ભોપાલમાં ૧૬૯૬ રૂપિયા અને ગુરુગ્રામમાં ૧૭૦૮.૫૦ રૂપિયામાં મળશે

એલપીજી સિલિન્ડરની કિંમત ઘણા પરિબળો પર આધાર રાખે છે. પ્રથમ તે ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈસના આધારે નક્કી કરવામાં આવે છે, જેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસની કિંમત, ડોલર-રૂપિયા વિનિમય દર, નૂર, વીમો અને કરનો સમાવેશ થાય છે. દેશના દરેક રાજ્યમાં કર અને લોજિસ્ટિક્સ ખર્ચ અલગ અલગ હોય છે, તેથી અલગ અલગ રાજ્યોમાં એલપીજી ભાવમાં તફાવત છે.

# જામનગરના સચાણામાં જુથ અથડામણમાં આધેડે દમ દોડ્યોઃ બનાવ હત્યામાં પલટાયો

**અબતક, જામનગર**

જામનગરના સચાણામાં ગત રાત્રે જૂથ અથડામણ થઈ હતી. જેમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા આ દરમિયાન એક આધેડે સારવારમાં દમ તોડતા બનાવ હત્યામાં પલટાયો છે.



જામનગરના સચાણામાં ગત રાત્રે રૂપિયાની લેતીદેતીમાં જૂથ અથડામણ થઈ હતી. બે જૂથ વચ્ચે ખેલાયેલા સશસ્ત્ર ધીંગાણામાં મહિલા, બાળક સહિત ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. સચાણામાં રહેતા બચુભાઈ આસમ નામના આધેડ પોતાના ઘરે બેઠા હતાં. આ દરમિયાન આરોપીઓ તલવાર, છરી સહિતના ઘાતક હથિયારો સાથે ઘસી ગયા હતાં. જ્યાં પરિવારજનો કાઈ સમજે તે પહેલાં જ આરોપીઓ હથિયારો સાથે તૂટી પડતો બન્ને જૂથ વચ્ચે માથાકૂટ થઈ હતી. આ બનાવમાં બાળકો, મહિલા સહિતના ઈજાગ્રસ્ત થતા જેને તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ગઈકાલ રાત્રે થયેલી આ જૂથ અથડામણમાં સામસામે ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. જે તમામની સારવાર દરમિયાન અસમાલ સંધાર નામના આધેડની સારવાર કારગત ન નિવડતા તેમને સારવારમાં દમ તોડી દીધો છે. જેને લઈને બનાવ હત્યામાં પલટાયો હતો. હાલ પોલીસે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર આરોપીઓ રૂપિયા માંગતા હોવાથી તેમણે રૂપિયાની ઉઘરાણી કરી હતી. આથી અન્ય પક્ષે રૂપિયા થોડા સમય પછી આપવાની વાત કરી હતી. જે બાબતે સમાધાન પણ થયું હતું બાદમાં ઓચિંતો હુમલો કરાયાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# મુન્દ્રા બંદરે "ચેન્જ બીફોર ક્લાઈમેટ ચેન્જ" સાયકલ યાત્રી ૮ વર્ષની નિક્ષા સાથે નિશા કુમારીનું કરાયું ભવ્ય સ્વાગત



## પર્યાવરણ જતનના સંદેશા સાથે અરુણાચલ પ્રદેશથી ૪૬૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા પૂર્ણ કરનાર આઠ વર્ષની દીકરીને ફૂલડે વધાવાય

**અબતક, રાજકોટ**

પર્યાવરણ જતનના સંદેશા સાથે ચેન્જ બીફોર ક્લાઈમેટ ચેન્જ ના સંદેશા ને વ્યાપક બનાવવા અરુણાચલ પ્રદેશથી મુન્દ્રા સુધીની ૪૬૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા પૂરી કરી આવેલા એવરેસ્ટ વિજેતા નિશા કુમારી અને ટીમનું મુન્દ્રા બંદરે સ્વાગત કરવામાં આવ્યું હતું,અદાણી હાઉસ ખાતે અદાણી પબ્લિક સ્કૂલના બેગપાઈપર બેન્ડે નિશા કુમારી, નિલેશ બારોટ અને યુવાન નિક્ષા બારોટના પ્રેરણાદાયી 'પેડલ ટુ પ્લાન્ટ' અભિયાનના સફળ સમાપન પર ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુન્દ્રા કસ્ટમ કમિશનર નીતિન સૈન, એપસેજના એક્ઝિટિવ ટુ ડાયરેકટર રક્ષિત શાહ અદાણી પોર્ટ મુન્દ્રાના સીઈઓ સુજલ શાહ અદાણી પબ્લિક સ્કૂલ ના ડાયરેક્ટર અમી શાહ અને પ્રિન્સિપાલ હેમંત કુમાર હાજર રહ્યા હતા. ત્રણ સભ્યોની ટીમમાં નિશા કુમારી, શ્નિલેશ બારોટ અને ૮ વર્ષની નિક્ષા બારોટ -એ અરુણાચલ પ્રદેશથી મુંદ્રા સુધીની ૪૬૦૦ કિમીથી વધુની અસાધારણ યાત્રા પૂર્ણ કરી. આ યાત્રા દરમિયાન ફિટ ઈન્ડિયા ચળવળના મજબૂત સમર્થન સાથે પર્યાવરણીય સંરક્ષણ, ટકાઉ જીવનશૈલી અને સક્રિય જીવનશૈલી વિશે જાગૃતિ ફેલાવવામાં આવી. અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ૧,૦૦,૦૦૦થી વધુ વૃક્ષો વાવીને ભારતને હરિયાળું બનાવવાનો છે, સાથે દેશભરના વિદ્યાર્થીઓ, યુવાનો અને નાગરિકોને સ્વસ્થ અને ટકાઉ ભવિષ્ય માટે યોગદાન આપવા પ્રેરિત કરવાનો છે.

આ યાત્રાની સમાપ્તિ માટે મુંદ્રા પોર્ટની પસંદગી ખાસ બની રહી કારણ કે અદાણી પોર્ટ્સ વૈશ્વિક સ્તરે સૌથી હરિયાળા પોર્ટ ઓપરેટરોમાંના એક તરીકે ઓળખાય છે. તેમાં મોટા પાયે મેન્ગ્રોવ વનીકરણ અને વૃક્ષારોપણ દ્વારા ગ્રીન કવર વધારવું, બંદરના સાધનો (જેમ કે ક્રેન અને વાહનો)નું વીજળીકરણ કરી અશ્મિભૂત ઈંધણને તબક્કાવાર દૂર કરવું તેમજ તમામ કામગીરીને નવીનીકરણીય ઊર્જાથી સંચાલિત કરવાની પ્રતિબદ્ધતા સહિતની પહેલ ચાલુ છે. વધુમાં, આવનાર વર્ષોમાં શૂન્ય ઉત્સર્જન તરફ આગળ વધવાનું લક્ષ્ય છે. એપ સેજના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રક્ષિત શાહે ઉમેર્યું કે અદાણી ગ્રૂપ હંમેશા પર્યાવરણીય અને ટકાઉ પહેલ માટે પ્રતિબદ્ધ, આ હેઠળ મુંદ્રા ખાતે અદાણી ગ્રુપ દ્વારા અદાણી વન હેઠળ હજારો વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે, અને આવનાર સમયમાં આ બધીજ જગ્યા ઓ ગાઢ જંગલમાં નિર્માણ પામશે.

સન્માન સમારોહ પછી, નિશા કુમારી, શનિલેશ બારોટ અને ૮ વર્ષીય નિક્ષા બારોટે મુખ્ય મહેમાન નીતિન સૈની (કસ્ટમ કમિશનર, મુંદ્રા), રક્ષિત શાહ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, APSEZ)અને સુજલ શાહ સાથે વૃક્ષારોપણમાં સામેલ થઈ મુંદ્રા બંદર પર તેમની યાત્રાને યાદગાર બનાવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### માવઠું...

સહિતના વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટા છવાયા માવઠાએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. એક તરફ ઓછા વરસાદના કારણે મોટાભાગના ખેડૂતો પાસે પિયતની સગવડ ન હોવાથી શિયાળુ પાકના વાવેતરમાં ઘટાડો થયો છે. તેમાં અચાનક વાતાવરણમાં બદલાવ આવતા ઘઉં, જુવાર, જીરું, વરીયાળી, દાડમ, રાયડાનો પાક અને કેરીમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન છે. જેમાં આગોતરના ઘઉંનું વાવેતર કરનાર ખેડૂતોને પણ નુકશાન થયું છે.

આ ઘઉં પાકવાની તૈયારી પર હોવાથી પવન અને વરસાદથી પાકમાં દાણાના વજનથી આડા પડી ગયા છે. સાથે જ ઘઉંના દાણાની ક્વોલિટી નબળી રહેશે. જેના કારણે ખેડૂતોને ભાવમાં પણ માર પડશે.

સૌરાષ્ટ્ર - કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગની આગાહીના પગલે વરસાદી ઝાપટાં પડતા ટાઢોળા પાણી વહી નીકળ્યા હતા. બીજીતરફ ખેતરોમાં ઉભા શિયાળું પાકને વરસાદે ભીંજવતા પાકને નુકશાન થવાની ભીતી ઉભી થઈ છે. ચોમાસું પાક નિષ્ફળ ગયા બાદ માવઠાના પ્રકોપાથી જીરું, ચણા, બટાટા સહિતના રવિપાકને નુકશાન થવાના ભયાથી કિસાનોના જીવ અધ્ધર થઈ ગયા છે.ખેડૂતો દ્વારા કૃષિ વિભાગને તાત્કાલિક માર્ગદર્શન અને જરૂરી સહાય પૂરી પાડવા માંગ કરવામાં આવી છે.

### સુપ્રીમ કોર્ટ...

સભ્યો, વ્યકિતગત રીતે હાજર રહેલા પક્ષકારો અને તમામ હિસ્સેદારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ દાખલ કરાયેલી બધી નવી અરજીઓમાં સંબંધિત વડાનો ઉલ્લેખ કરે.જેના હેઠળ મામલો ખરેખર આવે છે, અને યોગ્ય સરકારી સત્તાવાળા દ્વારા જારી કરાયેલ દસ્તાવેજી પુરાવા સાથે આ સંદર્ભમાં યોગ્ય અરજી/પત્ર સબમિટ કરે."૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે ૭૫,૦૦૦ કેસોનો નિકાલ કર્યો, જે અન્ય કોઈપણ સુપ્રીમ કોર્ટ માટે રેકોર્ડ છે.વધુમાં, પેન્ડિંગ કેસો માટે વિગતો પ્રદાન કરે જેથી રજિસ્ટ્રી સંબંધિત હેડ હેઠળના કેસોને યોગ્ય રીતે અપડેટ કરી શકે. ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટમાં ૭૫,૨૮૦ કેસ દાખલ કરવામાં આવ્યા હતા - ૫૧,૩૫૭ સિવિલ અને ૨૩,૯૨૩ ફોજદારી. તેણે ૬૫,૪૦૩ કેસ (કુલ ફાઈલિંગના ૮૭%) પર ચુકાદા આપ્યા, જેમાંથી ૪૨,૭૯૩ સિવિલ અને ૨૨,૬૧૦ ફોજદારી હતા.તેનાથી વિપરીત, જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટ દર વર્ષે હજારો કેસ મેળવે છે, ત્યારે તે સુનાવણી માટે ફક્ત ૭૦-૮૦ કેસ સ્વીકારે છે. ૨૯ ડિસેમ્બર સુધીમાં, યુકે સુપ્રીમ કોર્ટે ૨૦૦ થી વધુ કેસ પ્રાપ્ત કર્યા હતા અને લગભગ ૫૦ પર ચુકાદા આપ્યા હતા. તેના ભારતીય સમકક્ષે ૧,૪૦૦ લાંબા ચુકાદાઓ અને કેસોનો નિકાલ કરવા માટે હજારો આદેશો જારી કર્યા હતા.૨૦૨૫માં જસ્ટિસ સંજીવ ખન્ના, બી.આર. ગવઈ અને સૂર્યકાંતના રૂપમાં ત્રણ સીજેઆઈ જોનારા સુપ્રીમ કોર્ટમાં ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી નવા સીજેઆઈ નહીં હોય, જસ્ટિસ કાંત નિવૃત્ત થશે.

૨૦૨૭માં, સુપ્રીમ કોર્ટમાં રેકોર્ડ ચાર સીજેઆઈ હશે - જસ્ટિસ સૂર્યકાંત, વિક્રમ નાથ (ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર સુધી), બી.વી. નાગરત્ના (૩૭ દિવસ માટે) અને પીએસ નરસિંહા.

### કલર હીરા...

ભારતીય અમીરો પણ આ વૈશ્વિક ટ્રેન્ડમાં જોડાઈ રહ્યા છે. મુંબઈ આધારિત પી. હિરાણી એકસપોર્ટ્સના સહ-સ્થાપક દર્શિત હિરાણી કહે છે, "અમીર ભારતીયો વૈશ્વિક ટ્રેન્ડનો ભાગ બનવા માંગે છે. એક રસપ્રદ વાત એ છે કે, બીજા કક્ષાના શહેરો (ટાયર-૨)ના એચએનઆઈઓ પણ રંગીન હીરામાં રસ લે છે અને તેમની પહેલી ખરીદીમાં યલો હીરા લે છે." યલો હીરાની કિંમત ૫ લાખથી ૧૫ લાખ રૂપિયા પ્રતિ કેરેટ છે, જે અન્ય કરતાં સસ્તું છે.

કિંમતો વધવાથી પણ માંગ વધી છે, કારણ કે નવા ખાણો નથી મળતા અને સપ્લાય ઓછી થઈ રહી છે. છેલ્લા ૨૦ વર્ષમાં પીંક હીરાની કિંમત ૧૦ ગણી વધી, બ્લુ ૬-૭ ગણી અને યલો બમણી થઈ છે. આને રોકાણનું સારું વિકલ્પ માનવામાં આવે છે.

હિરાણી, જે ૪૦ વર્ષથી વધુ સમયથી રંગીન હીરામાં કામ કરે છે, કહે છે કે ૪૫ વર્ષથી વધુ ઉંમરના એચએનઆઈઓ ૧-૨ કેરેટના મોટા હીરા ખરીદે છે, જ્યારે યુવા અને મધ્યમ વર્ગના લોકો નાના અને મધ્યમ કદના હીરા લે છે.

મુંબઈની અન્મોલ જ્વેલર્સના સ્થાપક ઈશુ દાત્વાણી કહે છે, "કોવિડ પછી લોકો દુર્લભ વસ્તુઓ પર વધુ ખર્ચ કરવા તૈયાર છે. ભારતીયો હવે વિશ્વભ્રમણ કરે છે અને ચોપાર્ડ, કાર્ટિયર જેવા બ્રાન્ડ્સ જુએ છે. તેઓ આવા ડિઝાઈન્સ બનાવવા કહે છે જે તેમના નવા સ્વાદને મળે." તેઓ કહે છે કે ઓસ્ટ્રેલિયા, રશિયા અને દક્ષિણ આફ્રિકામાંથી મળતા ફેન્સી યલો હીરાની માંગ વધી છે, જેને સુરતમાં કટિંગ અને પોલિશિંગ કરવામાં આવે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### સ્લમ ફ્રી શહેર...

આક્ષેપો પ્રતિ આક્ષેપો અને કાનુની ગુંચવણના કારણે હવે પીપીપી યોજનાની ફાઈલને કોઈ હાથ અડાવવા રાજી નથી. રાજકોટની રોનક વધારવા અને શહેરને સંપૂર્ણ પણે ઝુંપડપટ્ટી મૂકત બનાવવા માટે ગંભીરતા સાથે આગળ વધવાની આવશ્યકતા છે. ગરીબોને પાકા મકાન મળે અને શહેરમાં ઝુંપડાનું દુષણ દૂર થાય તે માટે પીપીપી યોજના શ્રેષ્ઠ છે. પરંતુ અમૂક નેતાઓનાં અંગત હિતના કારણે આ પ્રોજેકટને વિવાદાસ્પદ બનાવી દેવામા આવ્યો છે.રાજ્ય સરકારે નગરો-મહાનગરોને સ્લમ ફ્રી એટલે કે, ઝૂંપડપટ્ટી મુક્ત શહેરો બનાવવા માટે એક મહત્વકાંક્ષી પહેલ કરી હતી. વર્ષ ૨૦૦૬માં સુરતની લગભગ ૩૮ ટકા આબાદી ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતી હતી.

ઝૂપડપટ્ટીમાં વસવાટ કરતા આ નાગરિકોનું જીવન ધોરણ ઊંચું લાવીને શહેરમાં સ્લમ વિસ્તાર ઘટાડવા વડાપ્રધાનએ છેલ્લા બે દાયકામાં અનેકવિધ પ્રયાસો કર્યા છે. જેના પરિણામ સ્વરૂપે આજે સુરતમાં ઝુપડપટ્ટીમાં વસવાટ કરતા નાગરિકોની સંખ્યા ઘટીને ૫ ટકા સુધી પહોંચી છે.

જેથી સુરતમાં સ્લમ વિસ્તાર લગભગ નહિવત થવાના આરે છે અને સુરત રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બને તેવા સાનુકૂળ સંજોગો ઊભા થયા છે,

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ સાનુકૂળ પરિસ્થિતિને ધ્યાને લઈને સુરત શહેરને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર કેવી રીતે બનાવી શકાય તે દિશામાં ચર્ચા-વિચારણા કરીને પરિણામલક્ષી કામગીરી કરવા માટે મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓને નિર્દેશ આપ્યો છે.

સુરત શહેર જો આ સિદ્ધિ પ્રાપ્ત કરશે, તો સુરત ભારતનું પ્રથમ મોટું સ્લમ ફ્રી શહેર બનશે. જોકે, ચંદીગઢ દેશનું પ્રથમ ઝૂંપડપટ્ટી મુક્ત શહેર હોવાનું ગૌરવ ધરાવે છે, પરંતુ તેની વસ્તી લગભગ ૧૦ લાખ છે. જેની સરખામણીમાં, સુરતની વસ્તી આશરે ૭૦ થી ૮૦ લાખ છે, જે આ સિદ્ધિને વ્યાપ અને જટિલતાની દ્રષ્ટિએ વધુ નોંધપાત્ર બનાવશે,

મુખ્યમંત્રીએ સુરતની જ તર્જ પર તબક્કાવાર રાજ્યના અન્ય નગરો અને મહાનગરોને પણ સ્લમ ફ્રી બનાવવાની દિશામાં અત્યારથી જ પરિણામલક્ષી કામગીરી હાથ ધરવા માટે સૂચનાઓ આપી હતી.

### ૩૪ જિલ્લા પંચાયત...

વેગ મળે અને સ્થાનિક અગત્યતા ધરાવતા કામોને પ્રાથમિકતા આપી શકાય તેવા આશયે જિલ્લા પંચાયતના પ્રમુખોને પણ વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાની રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતોનો સકારાત્મક અને ત્વરિત પ્રતિસાદ આપતા આ રૂપિયા એક કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જિલ્લા પંચાયત પ્રમુખને ફાળવવાના આદેશો સામાન્ય વહીવટ વિભાગને આપ્યા છે.

### રાજકોટ આર્મ્સ યુનિટ...

જમ્મુ કાશ્મીર ખાતે ડેપ્યુટેશન પર રહેલ સારા રીઝવી, દિલ્હી ખાતે ડેપ્યુટેશન પર રહેલ શોભા ભુતડા અને પ્રદીપ સેજુલને આઈજીનું પ્રમોશન મળ્યું છે.

અગાઉ રાજકોટમાં ડીસીપી તરીકે ફરજ બજાવી ચૂકેલા ચાર અધિકારીઓ જેમાં હાલ સુરત ઈકોનોમિક વિંગના ડીસીપી તરીકે ફરજ બજાવતા ડો. કરણરાજ વાઘેલા, રાજ્યપાલના એડીસી તરીકે ફરજ બજાવતા બલરામ મીણા, ઈન્ટેલિજન્સ વિભાગમાં ફરજ બજાવતા ડો. સુધીરકુમાર દેસાઈ અને મહેસાણા એસઆરપીએફના કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવતા એસ વી પરમારને ડીઆઈજીનું પ્રમોશન મળ્યું છે. આ ઉપરાંત ડેપ્યુટેશન પર રહેલ સૌરભ સિંઘ અને ગોધરા એસઆરપીએફના કમાન્ડન્ટ એ એમ મુનિયાને ડીઆઈજી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી ડો.હરપાલસિંહ જાડેજા, દ્વારકા એસપી જયરાજસિંહ વાળા, મોરબી એસપી મુકેશકુમાર પટેલ, પોરબંદર એસપી ભગીરથસિંહ જાડેજા, ગીર સોમનાથ એસપી જયદીપસિંહ જાડેજા, ભાવનગર એસપી નિતેશ પાંડે, પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર અને અગાઉ રાજકોટ ખાતે ડીસીપી તરીકે ફરજ બચાવી ચૂકેલ હાલ અરવલ્લી જિલ્લા પોલીસ વડા તરીકે કાર્યરત મનોહરસિંહ જાડેજા સહિત ૨૮ અધિકારીઓને જુનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડનો લાભ આપવામાં આવ્યો છે જયારે અન્ય સાત અધિકારીઓને સિલેક્શન ગ્રેડ હેઠળ બઢતીના લાભો આપવામાં આવ્યા છે.

### ડિસ્ટ્રીકટ બેંક...

જિલ્લામાં નવી બેંકોની રચના થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

બેંકોની રચના માટે રાજ્ય સરકાર હવે નાબાર્ડ મારફતે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ને આ અંગેની દરખાસ્ત મોકલશે અને આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરશે, તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** હેમાંગીબેન નિરંજનરાય કચ્છી શિરીષ (નિવૃત એસબીઆઈ), ચંદ્રેશ, વિજય, તરંગ, મીના નાગેશ ઘોડાના માતા, સ્વ. કનકરાય જીવાભાઈ દિવાનની પુત્રીનું તા. ૨૯ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧-૧-૨૬ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમિયાન બાલકુંજ હોબી સેન્ટર, એરપોર્ટ ફાટક પાસે, રેસકોષ પાર્ક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ સુધાબેન રાવલનું ૩૧/૧૨/૨૦૨૫ના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે જે સ્વ. રમેશચંદ્ર તુલજાશંકર રાવલ ના પત્નિ અને હિમાંશુભાઈ તુલજાશંકર રાવલના ભાભી તેમજ તેજસભાઈ રમેશચંદ્ર રાવલ, ધર્મિષ્ઠા બેન દવે અને નેહા બેન વ્યાસ(રક્ષા બેન)ના માતાનું બેસણું તારીખ -૨/૧/૨૦૨૬ ને શુક્રવારે સાંજે :- ૪:૦૦ થી ૫:૦૦ તેમના નિવાસસ્થાને એવિએશન સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# દ્વારકા જગત મંદિરમાં ભગવાન દ્વારકાધીશના દર્શન પૂજન કરી ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી થયા “ધન્ય..!

## ભગવાન જગન્નાથના દર્શન, દવજપૂજન, પ્રાર્થના સાથે મહાનુભાવો એ વિશ્વ કલ્યાણની કરી કામના



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

વિશ્વપ્રસિદ્ધ દેવસ્થાન દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના દર્શન કરી ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને રાજકીય આગેવાનો ધન્ય થયા હતા, દ્વારકા જગત મંદિર ના દર્શન ને આવેલા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ મંત્રી પરસોતમ રૂપાલા ,અમર ડેરીના પ્રમુખ અશ્વિનભાઈ સાવલિયા, ગીતાબેન સંઘાણી, ઈફકોના યોગેન્દ્ર કુમાર અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડાયરેક્ટર બાબુભાઈ સખવાલા, ગુજકોમા સોલના ડાયરેક્ટરમૌલિકભાઈ નથવાણી, ઋષિ ભાઈ નથવાણી, સહિતના આગેવાનો એ ભગવાન દ્વારકાધીશના દર્શન પૂજન અને ધજારોહણ કરી પૂજા અર્ચના કરી વિશ્વ કલ્યાણ ની પ્રાર્થના કરી હતી.

# આજના યુગમાં એ.આઈ. છાત્રોની કારકીર્દી બનાવવામાં ઉપયોગી: ચેરમેન ગીજુભાઈ ભરાડ

## જૂનાગઢ પ્રેમાનંદ વિદ્યામંદિરના અભિવ્યકિત વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવતા મહંત મૂકતાનંદ બાપુ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢની શૈક્ષણિક સંસ્થા પ્રેમાનંદ વિદ્યામંદિર દ્વારા બિલનાથ મહાદેવના સાનિધ્યમાં બે દિવસીય વાર્ષિકોત્સવ '''અભિવ્યકિત'' સંપ્પન કરાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ૮૬૦ વિદ્યાર્થીઓ દ્વારા ૪૪ જેટલી કૃતિઓ રજૂ કરાઈ હતી. જેમાંની રાષ્ટ્રભકિત, શિવ તાંડવ, વિજ્ઞાન-ગણિતના પ્રયોગો અને સ્ટેમ એજ્યુકેશન જેવી કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ કાર્યક્રમમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



આ તકે સંસ્થાના ચેરમેન શિક્ષણવીદ ગિજુભાઈ ભરાડએ પ્રાસંગિક સંબોધનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને મહત્વનું ગણાવ્યું હતું. અને તેમણે પોતાની ૮૬ વર્ષની ઉંમરે પણ એ.આઈ. નો કેવો સદ ઉપયોગ કર્યો? આ પ્રસંગે સંસ્થાના સ્થાપક અને ભારતીય સાધુ સમાજના પ્રમુખ ચાપરડાના મહંત મૂકતાનંદ બાપુએ સંસ્થાના વિદ્યાર્થીઓ, વાલીઓને આશીર્વચન પાઠવ્યા હતા. ઉદઘાટક અજયભાઈ ગુડકાએ સંસ્થાના ૨૫ વર્ષના સેવાકીય કાર્યો અને '૩૬૦ ડિગ્રી હોલિસ્ટિક ડેવલોપમેન્ટ' અભિગમને બિરદાવ્યો હતો. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ સંસ્થાને સંસ્કાર અને શ્રેષ્ઠ માનવ સર્જનનું કેન્દ્ર ગણાવ્યું હતું. તેમજ ડાયરેક્ટર ડો. માતંગ પુરોહિતે જણાવ્યું હતું કે, આ વર્ષનો ઉત્સવ સંપૂર્ણ ''ઓર્ગેનિક'' રહ્યો, જેમાં તમામ કૃતિઓની તાલીમ બહારના પ્રોફેશનલને બદલે સ્કૂલના શિક્ષકોએ જ આપી હતી. આ પ્રસંગે સંત ગણેશાનંદ બાપુ, પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, ડી.વાય.એસ.પી. હિતેશ ધાંધલિયા, નોબલ યુનિ.ના ટ્રસ્ટી પાર્થ કોટેચા સહિતના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જૂનાગઢ: કાલરીયા સ્કુલ-ભાલોડીયા હાઈસ્કુલના વાર્ષિકોત્સવ 'કલરવ'ની રંગેચંગે ઉજવણી




## ૯૦ થી વધુ સાંસ્કૃતિક કૃતિઓએ મહેમાનોના દીલ જીતી લીધા: તેજસ્વી તારલાઓને સન્માનીત કરાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના પટેલ કેળવણી મંડળ સંચાલિત આર. એસ. કાલરીયા પ્રાયમરી સ્કૂલ અને એન. પી. ભાલોડિયા હાઈસ્કૂલના પ્રી પ્રાયમરીથી ધો. ૧૨ માં અભ્યાસ કરતા ૩૨૪૨ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓએ ત્રણ દિવસ સુધી કાલરીયા સ્કૂલના પટાંગણમાં આવેલ જાવીયા રંગભૂમિના સુશોભિત સ્ટેજ પરથી ગુજરાતી લોકસંગીત, મરાઠી, રાજસ્થાની, પંજાબી અને વેસ્ટર્ન મ્યુઝિકના તાલ ૯૦ થી વધુ અદભુત કૃતિઓ રજૂ કરી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ, મહેમાનોના મન મોહી લીધા હતા.

૧૦૨૦ જેટલા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને શિક્ષણ તથા સહ અભ્યાસી પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બદલ સંસ્થા તરફથી પુરસ્કારો, શિલ્ડ તથા પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ત્રિદિવસીય વાર્ષિકોત્સવ કલરવ ૨૦૨૫ ના કાર્યક્રમમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિભાઈ જી. ફળદુ, પ્રમુખ સી.એ. સવજીભાઈ એમ. મેનપરા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી/ઉપપ્રમુખ રતિભાઈ ડી. મારડિયા, મંત્રી/ખજાનચી શિરીષભાઈ સાપરિયા, મંત્રી કિશોરભાઈ મેંદપરા, તથા અન્ય ટ્રસ્ટીઓ ડો. જમનભાઈ જસાણી, સહિત બહોળી વાલીઓએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓની કલાને બિરદાવી હતી

આ ત્રિદિવસીય કાર્યક્રમમાં અતિથિ વિશેષઓમાં જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, મેયર ધર્મેશભાઈ પોશિયા, મ્યુનિસિપલ કમિશ્નર તેજસભાઈ પરમાર, શહેર જીલ્લા ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા ઉપસ્થિત રહ્યા હતાં.

# સુત્રાપાડા: પોલીસ લશ્કરની ભરતી માટેની તૈયારી માટે મેદાનનો અભાવ

## આશાસ્પદ યુવાનોને પ્રેકટીસની સવલત માટે મેદાનની સગવડતા ન મળતા રોષ

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**




સુત્રાપાડામાં પોલીસ તથા આર્મી ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે ગ્રાઉન્ડનો અભાવ હોવાથી યુવાનોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. આ અંગે ચીફ ઓફિસર, મામલતદાર ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

સુત્રાપાડા પોલીસ ભરતી તથા આર્મીની ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે જરૂરી દોડ અને પ્રેક્ટિકલ પ્રેક્ટિસ માટે યોગ્ય ગ્રાઉન્ડ ન હોવાના કારણે સ્થાનિક યુવાનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સરકાર દ્વારા રાજ્યના વિવિધ ગામો તથા તાલુકાઓમાં પોલીસ અને આર્મી ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે ગ્રાઉન્ડ ફાળવવાની વ્યવસ્થા કરવામાં આવી છે, ત્યારે ગીર સોમનાથ જિલ્લાના મહત્વપૂર્ણ તાલુકા મથક એવા સુત્રાપાડામાં આજદિન સુધી આવો કોઈ ગ્રાઉન્ડ ફાળવવામાં આવ્યો નથી,

આ ગંભીર સમસ્યા અંગે સુત્રાપાડા નગરપાલિકાના ચીફ ઓફિસર વતી નગર પાલિકાના પ્રમુખ મનહર બારડ તેમજ મામલતદાર ને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

સ્થાનિક યુવાનોએ માંગ કરી છે કે સુત્રાપાડા મુકામે તાત્કાલિક ધોરણે પોલીસ તથા આર્મી ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે યોગ્ય ગ્રાઉન્ડ ફાળવવામાં આવે, નહિ તો આગામી દિવસોમાં આ મુદ્દે વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

# કેશોદ: બીઆરસી ભવનમાં શિક્ષકોને આત્મનિર્ભરના અંગે પાઠ ભણાવાયા

## આનંદદાયી શનિવાર બેગલેસ ડે અંગે શિક્ષકોને તાલીમ અપાયું

**અબતક, જય વિરાણી, કેશોદ**

કેશોદ સ્થિત બીઆરસી ભવનમાં તાલુકા કક્ષાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત આનંદાયી શનિવાર કાર્યક્રમ હેઠળ ૧૦ બેગલેસ ડેઝ આધારિત ધોરણ ૬ થી ૮ ના શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં તજજ્ઞ કુસુમબેન શેખાત, રોશનીબેન લાંગણેચા તથા વર્ષાબેન ત્રાંબડીયાએ પૂર્વ-વ્યવસાયિક શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે હર્બલ પૌષ્ટિક અને



સ્વાદિષ્ટ વાનગીઓ,જીવંત પ્રદર્શન કરી શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પરંપરાગત વ્યવસાય પ્રત્યે સન્માનની ભાવના વિકસાવવી, શ્રમના ગૌરવનો અહેસાસ કરાવવો તેમજ પરંપરાગત કૌશલ્યોને આધુનિક સ્વરૂપ આપી લોકલ થી ગ્લોબલ સુધી રોજગારની નવી તકો કેવી રીતે સર્જી શકાય તે અંગે માર્ગદર્શન આપવાનો હતો. કાર્યક્રમ દ્વારા ભવિષ્યમાં બાળક પોતાની રસ-રુચિ અને ક્ષમતાને ઓળખી કૌશલ્ય આધારિત સ્વરોજગાર તરફ આગળ વધે, આત્મવિશ્વાસ સાથે આત્મનિર્ભર બને તથા પોતાના ભવિષ્ય પ્રત્યે આશાવાદી દષ્ટિકોણ વિકસાવે તેવા હેતુઓને ઉજાગર કરવામાં આવ્યા.

### શિવ હી પ્રારંભ, શિવ હી અંત, શિવ હી અનાદિ, શિવ હી અનંત

# સોમનાથ મંદિરના શિખર પર લહેરાતી ધર્મધ્વજા વચ્ચે દિવ્ય સૂર્યાસ્ત

## જય સોમનાથના નાદ સાથે સૌએ કરી કલ્યાણ અર્થે અરજ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



તારામંડળ સુધી પોતાની આભા પ્રસરાવતું સોમનાથ મંદિરનું ગૌરવાન્વિત શિખર, સનાતનની સદંતર અડગતા દર્શાવતા કેસરિયા રંગે રંગાયેલા આકાશમાં પ્રચંડ અનિલના વેગથી દેવદત્ત શંખની જેમ સોમનાથની નિરંતરતાની ઘોષણા કરતો કૌશેય ધ્વજ, અને દેવાધિદેવ સોમનાથ મહાદેવના ચરણ પ્રક્ષાલિત કરતો રત્નાકર સમુદ્ર સૂર્યને પોતાના હૃદય સ્થાનમાં સમાવી લેતો હોય તેવી લાગણી કરાવતી મનોહર સંધ્યા... આ દેવોને પણ દુર્લભ એવું વાતાવરણ ભક્તોને સમય,આકાંક્ષાઓ અને જીવનના લક્ષ્યાંકોથી પર કાળબાહ્યતાનો અનુભવ થયો હતો.

ત્યારે સુખ, દુઃખ, ઉત્સાહ, નિરાશા એ તમામથી પરે યોગરાજ દેવોના દેવ મહાદેવના સોમનાથ દર્શન યુગ યુગાન્તરથી આર્ચકને પોતાની જાતને પુનઃ શોધી આપનાર, ભક્તે ખોયેલું તેજ પુનઃ આપનાર, દરેક સંકલ્પને સિદ્ધિ પ્રદાન કરનાર, દરેક પ્રયાણને વિજયશ્રી સુધી પહોંચાડનાર છે. ભક્તો પ્રત્યેક નવો પ્રારંભ જય સોમનાથના નાદ સાથે કરી સૌના કલ્યાણ અર્થે અને રાષ્ટ્રહિત અર્થે કાર્યાન્વિત રહે તેવી મહાદેવના ચરણોમાં પ્રાર્થના.

# સિહોર: બગદાણા સરપંચના હુમલાખોરો સામે આકરી કાર્યવાહી કરવા ભાવનગર કોળી સમાજની માંગણી

## બગદાણાના સરપંચ પરના હુમલાના કથિત આરોપીઓ સામે પોલીસ સોફ્ટ કોર્નર રાખતી હોવાનીઆક્ષેપ

**અબતક,આનંદરાણા સિહોર**


સૌરાષ્ટ્રના વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ બગદાણા ના સરપંચ અને કોળી સમાજના આગેવાન નવનીતભાઈ બાલવીયા પર થયેલા હુમલા માં કસુર વારો સામે આખરી કાર્યવાહી કરવા ભાવનગર જિલ્લા કોળી સમાજના આગેવાનોએ માંગ કરી છે.




સરપંચ નવનીતભાઈ બાલવિયા પર હુમલા અંગે લોક સાહિત્યકાર માયાભાઈ આહીર ના પુત્ર એક ફરિયાદ નોંધાવી હોવા છતાં પોલીસ દ્વારા કાર્યવાહીમાં ઢીલ રખાતી હોય અને મુખ્ય આરોપી બચાવ કરતા હોવા નો મહુવા પોલીસ સામે આક્ષેપ થયો છે, બગદાણા ના સરપંચ અને કોળી સમાજના આગેવાન પર થયેલા હુમલામાં આરોપી સામે આપવી કાર્યવાહી કરવા ની રાજ્યના તમામ કોળી ઠાકોર સમાજના આગેવાનોએ માંગ કરી છે. આ અંગે ભાવનગર જિલ્લા આગેવાનો અશોકભાઈ ચકવાણા મામસી, કાળુભાઈ જાબુયા, બળદેવાભાઈ સોલંકી, કિશનભાઈ મેર-સુરેશભાઈ ચૌહાણ, હિરેનભાઈ વાઘેલા, અક્ષયભાઈ ચુડાસમા, પરેશભાઈ મેટ, જયેશભાઈ બારૈયા શભુભાઈ વાળા, મુકેશભાઈ મેટલીયા. અશોકભાઈ રાઠોડ, મુકેશભાઈ ઢાપા, માવજીભાઈ સરવૈયા, ચંદુભાઈ ભાલીયા, નીતિનભાઈ બારૈયા, વીડી મકવાણા તેમજ મહુવાની આજુ બાજુના સ્થાનિક આગેવાનો દ્વારા લાખોરો સામે કાર્યવાહી કરવા માંગ કરી છે તેમ અખિલ ભારતીય યુવા કોળી સમાજ ભાવનગર જિલ્લાના યુવા મહામંત્રી સુરેશભાઈ ચોહાણ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ધારીથી ગુમ થયેલા બાળકનું પરિવાર મિલન કરાવતી જૂનાગઢ પોલીસ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



અમરેલી જિલ્લાના ધારી ખાતેથી ગુમ થયેલ ઉતર પ્રદેશના વતની ૧૨ વર્ષીય બાળકનું જુનાગઢ બી ડીવીઝન પોલીસની સતર્કતાથી તેના પરીવાર સાથે મિલન થયું હતું. જુનાગઢ બી ડીવીજન પોલીસ સ્ટેશન વિસ્તારમા પોલીસ ઈન્સ. જે.જે. પટેલ તેમજ પોલીસ સ્ટાફના માણસો હાલ ૩૧ ડિસેમ્બર તહેવાર સબબ વાહન ચેકીંગ, પેટ્રોલીંગ તેમજ જાહેર સ્થળોમા સઘન ચેકીંગ કામગીરીમા હતા. દરમ્યાન જુનાગઢ બસ સ્ટેન્ડ ખાતે આવતા ત્યા એક બાળક એકલો બેસેલ હોય જેથી તુરંત જ તેની પુછપરછ કરતા બાળક બ્રિજેશ છોટૂભાઇ નિસાદ (ઉ.વ. ૧૨) રહેવાસી કાનપુર (ઉતર પ્રદેશ) વાળો હોવાનુ જણાવેલ, જેથી તુરંત જ કાનપુર (ઉતર પ્રદેશ) ખાતે પોલીસનો સંપર્ક કરી, તેના પરીવારનો સંપર્ક કરતા જાણવા મળેલ. બ્રિજેશ નિસાદ ધારી ખાતેથી કોઈને કહ્યા વગર નિકળી ગયેલ હોય અને ત્યાં જુનાગઢ આવી ગયેલ છે, પરિવારજનોએ બી ડીવીજન પોલીસ સ્ટેશન તેમજ જુનાગઢ પોલીસનો આભાર માનેલ હતો.

# વિસાવદર: ગણપતિ ઉત્સવ સમિતિના સેવાભાવી સુરેશ સાદરાણીનો જન્મદિવસ



વિસાવદર શહેરની ગણપતિ ઉત્સવ સમિતિ નામની સંસ્થાના સતત સેવા કાર્યો જોઈ ઈશ્વરીય મદદ મળી રહેતી હોય અને ગણપતિ દાદાના આશીર્વાદથી સતત લોકોની તથા જરૂરિયાત મંદોની સેવા કરવાનો ભગીરથ પ્રયાસ ગણપતિ ઉત્સવ સમિતિ વિસાવદર સેવાભાવી સુરેશભાઈ સાદરાણીનો આજરોજ જન્મ દિવસ છે તેમના જન્મ દિવસ નિમિત્તે વિવિધ સંસ્થાઓ તથા લોકો તરફથી તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે. તેઓ દ્વારા તથા ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા જરૂરિયાતમંદોને રાશનકીટ, ટિફિન સેવા,તહેવારોમાં મીઠાઈ,શિયાળામાં ગરમ કપડાં,રક્તદાન અને આરોગ્ય કેમ્પો ઉપરાંત ખાપણ કાટિયાની સમગ્ર કીટ અને મેડિકલના જરૂરી તમામ સાધનોની વિનામૂલ્યે સેવા પૂરી પાડવામાં આવે છે.

# જૂનાગઢ: વાણંદીયા ગામે ઈજાગ્રસ્ત યુવાન માટે ૧૧૨ જનરક્ષક ટીમ દેવદૂત બની


## માત્ર ૧૯ મિનિટમાં ઘટના સ્થળે પહોંચી લોહી લુહાણ યુવાનને હોસ્પિટલ ખસેડી સમયસર સારવાર આપી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢના વાણંદિયા વાડી વિસ્તારમાં ૨૦ વર્ષીય ધર્મેશભાઈ કાનાભાઈ ભેસો ચરાવતા હતા, જે બાબતે આરોપીઓએ તકરાર કરી, ધર્મેશભાઈ ઉપર હુમલો કરી દેતા તેઓ ઘાયલ થયા હતા. જે ઘટનાની જાણ ૧૧૨ જન રક્ષકને કરવામાં આવતા સાબલપુર ચોકીની પીસીઆર.ના ફરજ પરના હેડ કોન્સ્ટેબલ કમલેશભાઈ માકડીયા અને ડ્રાઈવર ભરતભાઈ કરમટાની ટીમ માત્ર ૧૯ મિનિટમાં ઘટના સ્થળે પહોંચી હતી અને ઘવાયેલા યુવકની હાલત જોતા તાત્કાલિક પોલીસ જવાનોએ સ્થળ પર જ યુવાનને પ્રાથમિક સારવાર આપી, ત્યારબાદ વધુ સારવાર અર્થે જૂનાગઢની હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી સુરક્ષા સાથે માનવતાવાદી કામગીરી કરી હતી, અને ઘાયલ યુવકને સમયસર સારવાર મળી હતી.

# વેરાવળમાં થર્ટી ફર્સ્ટ નાઈટમાં પોલીસનું ચુસ્ત બંદોબસ્ત: વ્યાપક ચેકિંગ

**અબતક, અતુલ કોટેચા વેરાવલ**



વેરાવળ શહેર પંથકમાં ૩૧ ડિસેમ્બર ની ઉજવણી ના નામે છાગટ વેળા કરનારા તત્વોને કાબુમાં રાખવા વેરાવળ શહેરમાં પોલીસ દ્વારા ચુસ્તપણે બંદોબસ્ત વચ્ચે રાતભર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું .શહેરના ટાવર ચોક, નમસ્તે સર્કલ સહિતના પોઈન્ટ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું વ્યાપક પ્રમાણમાં રસ્તાઓ પર પોલીસ દ્વારા ડ્રિંક એન્ડ ડ્રાઈવને વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ ના કડક ચેકિંગથી છેલબટાવ તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો

# ક્રિકેટનો સુવર્ણકાળ: વર્ષ ૨૦૨૫માં ભારતીય ક્રિકેટરો સમગ્ર ક્રિકેટ જગત પર છવાયાં!

## ૨૦૨૫ ક્રિકેટના ઉત્સાહીઓ માટે અવિસ્મરણીય વર્ષ રહ્યું, જેમાં ભારતે પુરુષ અને મહિલા બંનેમાં વર્ચસ્વ દાખવ્યું: હવે ફેબ્રુઆરીમાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતની જીત સાથે વધુ રોમાંચની આશા



**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ માં અગાઉ ક્યારેય કોઈ એક કેલેન્ડર વર્ષમાં ન જોવા મળી હોય એવી સિદ્ધિ ૨૦૨૫ ના વર્ષના અંતે જોવા મળી છે જેમાં એક, બે કે ત્રણ નહીં, પણ આઠ કેટેગરીમાં ભારત અને ભારતીય ક્રિકેટરો વિશ્વભરમાં નંબર-વન રેન્ક પર છે. બીજી રીતે કહીએ તો ભારત અને ભારતીય ક્રિકેટરો સમગ્ર ક્રિકેટ જગત પર છવાઈ ગયા છે.ટેસ્ટ અને વન-ડેમાં ભલે ભારત અત્યારે વર્લ્ડ ચેમ્પિયન નથી, પરંતુ ટી-૨૦માં વિશ્વ વિજેતા છે અને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના રેન્કિંગમાં આઠ રીતે ભારત અથવા ભારતીય ખેલાડીનું નામ હાલમાં મોખરે છે.૨૦૨૫ના વર્ષમાં ભારતીય ખેલાડીઓએ જે પ્રભુત્વ જમાવ્યું એવું અગાઉ ક્યારેય કોઈ વર્ષમાં નહીં જોવા મળ્યું હોય. વન-ડેની ચેમ્પિયન્સ ટ્રોફી અને ટી-૨૦નો એશિયા કપ જીત્યા બાદ હવે ભારતીયોએ ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ના વર્લ્ડ કપ પર નજર માંડી છે.સ્મૃતિ મંધાના ૨૦૨૫ માં સૌથી વધુ ઓડીઆઈ રન બનાવનાર ખેલાડી છે. તે આ વર્ષે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં પણ સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. મંધાનાએ ૨૦૨૫ માં ૨૩ ઓડીઆઈમાં માં ૧,૩૬૨ રન બનાવ્યા છે, જેમાં પાંચ સદીનો સમાવેશ થાય છે. આ એક કેલેન્ડર વર્ષમાં મહિલા ક્રિકેટર દ્વારા સૌથી વધુઓડીઆઈ રન પણ છે.પ્રતિકા રાવલ ભારતીયો માટે યાદીમાં બીજા ક્રમે છે, તેણે આ વર્ષે ૨૦ ઈનિંગ્સમાં ૯૭૬ રન બનાવ્યા છે. જેમીમા રોડ્રિગ્સે આ વર્ષે ૭૭૧ રન બનાવ્યા છે. હરલીન દેઓલે ૬૧૩ અને કેપ્ટન હરમનપ્રીત કૌરે આ વર્ષે ઓડીઆઈ ક્રિકેટમાં ૬૦૬ રન બનાવ્યા છે.

૨૦૨૫ ક્રિકેટના ઉત્સાહીઓ માટે અવિસ્મરણીય વર્ષ હતું, જેમાં ભારતે પુરુષ અને મહિલા બંનેમાં વર્ચસ્વ દાખવ્યું. હવે આ વર્ષે ફેબ્રુઆરીમાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપ સાથે વધુ રોમાંચની આશા છે!

### ટોચના બેટ્સમેન

૧. શુભમન ગિલ: વર્ષના ટોચના રન-સ્કોરર. તમામ ફોર્મેટમાં ૧૭૬૪ રન બનાવ્યા. ટેસ્ટમાં ૯૮૩ રન (એવરેજ ૭૦+), ઈંગ્લેન્ડ સામે અદ્ભુત પ્રદર્શન

૨. અભિષેક શર્મા: ટી૨૦ સૌથી વધુ રન (૮૫૯ રન, સ્ટ્રાઈક રેટ ૧૯૩+). વિસ્ફોટક ઓપનિંગથી ભારતની ટી૨૦ ટીમને મજબૂતી આપી.

૩. કેએલ રાહુલ: ટેસ્ટમાં ૮૧૩ રન, ત્રણ સદી સાથે સ્થિરતા આપી.

૪. વિરાટ કોહલી: વનડેમાં ટોચના સ્કોરર, ચેમ્પિયન્સ ટ્રોફીમાં મહત્વની ઈનિંગ્સ.

૫. મહિલાઓમાં સ્મૃતિ મંધાના: ૧૭૦૩ રન, વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ.



### ટોચના બોલર્સ

૧. કુલદીપ યાદવ: તમામ ફોર્મેટમાં ૬૦ વિકેટ્સ - વર્ષના ટોચના વિકેટ-ટેકર.

૨. મોહમ્મદ સિરાજ: ટેસ્ટમાં ૪૩ વિકેટ્સ,

૩.જસપ્રીત બુમરાહ: વર્કલોડ મેનેજમેન્ટ છતાં અસરકારક, ટેસ્ટમાં મહત્વની વિકેટ્સ.

૪. મહિલાઓમાં દીપ્તિ શર્માએ ૩૯ વિકેટ સાથે વર્લ્ડ કપ ફાઈનલમાં ૫ વિકેટ્સ લીધી.

૫. વૈશ્વિક સ્તરે જેકબ ડફી (ન્યૂઝીલેન્ડ) ૮૧ વિકેટ્સ સાથે ટોચ પર.

### ઓલરાઉન્ડર્સ અને અન્ય સ્ટાર

૧. રવિન્દ્ર જાડેજા: ટેસ્ટમાં બેટિંગ અને બોલિંગ બંનેમાં યોગદાન.

૨.મહિલાઓમાં લૌરા વોલ્વાર્ડ્ટ (સાઉથ આફ્રિકા) અને એમિલિયા કેર (ન્યૂઝીલેન્ડ) પણ ચમક્યા, પરંતુ ભારતીય મહિલાઓએ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો

### મુખ્ય ટુર્નામેન્ટ્સ અને વિજેતાઓ

૧. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫: ભારતે આ ટ્રોફી જીતી, જેમાં વિરાટ કોહલી સહિતના ખેલાડીઓએ મહત્વની ભૂમિકા ભજવી.

૨. મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫: ભારતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટાઈટલ જીત્યું. સ્મૃતિ મંધાના પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બન્યા.


૩. અન્ય મુખ્ય શ્રેણીઓ: ભારતની ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણી ૨-૨થી ડ્રો, વેસ્ટ ઈન્ડિઝ સામે જીત અને સાઉથ આફ્રિકા સામે હાર.

# ન્યુઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝમાં બુમરાહ-પંડ્યાને આરામ અપાય તેવી સંભાવના

## ૧૧ જાન્યુઆરીથી ત્રણ મેચની વનડે શ્રેણીનો પ્રારંભ: શનિવારે ટીમ જાહેર થશે

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમનું ૨૦૨૬નું વર્ષ ધમાકેદાર શરૂઆત સાથે થવા જઈ રહ્યું છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની વનડે સીરીઝથી ટીમ ઈન્ડિયા આ વર્ષની શરૂઆત કરશે. આ સીરીઝમાં મોટા ફેરફારો જોવા મળશે, જેમાં યુવા ઓપનર શુભમન ગિલ ટીમની કેપ્ટનશિપ સંભાળશે. ગિલ ગળાની ઈજામાંથી સંપૂર્ણપણે સાજા થઈ ગયા છે અને તેઓ સાઉથ આફ્રિકા સામેની સીરીઝમાં ચૂકી ગયા હતા, પરંતુ હવે તેઓ પુનરાગમન કરી રહ્યા છે.આ સીરીઝમાં વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને ટીમના બે મુખ્ય ખેલાડીઓ જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને આરામ આપવામાં આવવાની શક્યતા વધુ છે. આગામી ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવી રહ્યો છે.



### વનડે શ્રેણીનું શેડ્યૂલ

“ પ્રથમ વનડે: ૧૧ જાન્યુઆરી - વડોદરા

“ બીજી વનડે: ૧૪ જાન્યુઆરી - રાજકોટ

“ ત્રીજી વનડે: ૧૮ જાન્યુઆરી - ઈન્દોર

બુમરાહ અને હાર્દિક બંને ટી૨૦ વર્લ્ડ કપની ટીમમાં મહત્વના સભ્યો છે, તેથી તેમને તાજા રાખવા માટે વનડે સીરીઝમાંથી આરામ આપવામાં આવશે. જોકે, તેઓ સીરીઝના બીજા ભાગમાં રમાનારી પાંચ મેચની ટી૨૦ સીરીઝમાં પુનરાગમન કરી શકે છે.

શુભમન ગિલને ટી૨૦ વર્લ્ડ કપની ટીમમાંથી ડ્રોપ કરવામાં આવ્યા હતા, જેના કારણે તેઓ વનડે ફોર્મેટમાં વધુ ફોકસ કરી શકશે. વાઈસ-કેપ્ટન શ્રેયસ અય્યરની ફિટનેસ હજુ પૂર્ણ નથી, તેઓ બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સલન્સમાં રિહેબિલિટેશન કરી રહ્યા છે, તેથી તેઓ આ શ્રેણી ચૂકી શકે છે.આ શ્રેણી પછી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ ટી૨૦ મેચની શ્રેણી રમાશે, જે ટી૨૦ વર્લ્ડ કપની તૈયારી માટે મહત્વપૂર્ણ છે.બીસીસીઆઈ ટીમની સત્તાવાર જાહેરાત શનિવારે કરે તેવી અપેક્ષા છે. આ શ્રેણી ભારતીય ટીમ માટે નવા વર્ષની શાનદાર શરૂઆત કરવાનો મોકો છે.

# ચાર નવા શ્રમ કાયદા માટે ડ્રાફ્ટ નિયમો જાહેર : ૧ એપ્રિલથી અમલ શરૂ કરવા તૈયારી

## ૩૦થી ૪૫ દિવસ સુધીમા વાંધા- સૂચનો કરી શકાશે : આ નવા કાયદા હેઠળ લેખિત નિમણૂક પત્રો ફરજિયાત, ૪૦ વર્ષથી વધુ ઉંમરના કર્મચારીઓ માટે મફત આરોગ્ય તપાસ, સમાન કામ માટે સમાન પગાર અને મહિલાઓને વિવિધ શિફ્ટમાં કામ કરવાની તકો મળશે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ચારેય શ્રમ સંહિતા માટે ડ્રાફ્ટ નિયમો બહાર પાડીને આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે બુધવારે આ ડ્રાફ્ટને પ્રી-પબ્લિશ કર્યા છે જેથી તમામ હિસ્સેદારો પાસેથી પ્રતિસાદ મેળવી શકાય.આગામી ૩૦થી ૪૫ દિવસ સુધી વાંધા સૂચનો મંગાવવામાં આવ્યા છે. સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી દેશભરમાં ચારેય શ્રમ સંહિતાનો સંપૂર્ણ અમલ કરવાનો ઈરાદો ધરાવે છે. અમલીકરણ પછી, આ સંહિતા નોકરીની પરિસ્થિતિઓ, પગાર માળખા, સામાજિક સુરક્ષા અને કાર્યકારી પરિસ્થિતિઓમાં મોટા ફેરફારો લાવશે, જેની અસર લાખો કર્મચારીઓ અને કંપનીઓ બંને પર પડશે.

સરકાર જે ચાર શ્રમ સંહિતા લાગુ કરી રહી છે તેમાં વેતન સંહિતા ૨૦૧૯, ઔદ્યોગિક સંબંધો સંહિતા ૨૦૨૦, સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦ અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સંહિતા ૨૦૨૦નો સમાવેશ થાય છે. આ કાયદાઓ પહેલાથી જ સૂચિત કરવામાં આવ્યા છે, પરંતુ સંપૂર્ણ રીતે કાર્યરત થવા માટે તેમના હેઠળ નિયમો જારી કરવા જરૂરી હતા. મંત્રાલય જણાવે છે કે નિયમો વિના કાયદાઓને લાગુ કરી શકાતા નથી. આ જ કારણ છે કે રાજ્યો અને ઉદ્યોગો પાસેથી સૂચનો માંગીને ડ્રાફ્ટ નિયમો જારી કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી સમગ્ર દેશમાં ચારેય શ્રમ સંહિતા એકસાથે લાગુ કરવાની યોજના ધરાવે છે. શ્રમ એક સહવર્તી વિષય હોવાથી, રાજ્યોએ કેન્દ્ર સરકાર સાથે મળીને તેમના સ્તરે નિયમોને સૂચિત કરવાની જરૂર પડશે. ઘણા રાજ્યો પહેલાથી જ આ પ્રક્રિયામાં રોકાયેલા છે. ઔદ્યોગિક સંબંધો સંહિતા ૨૦૨૦ માટે ૩૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, જ્યારે બાકીના ત્રણ સંહિતા પર પ્રતિસાદ માટે ૪૫ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ પછી, સરકાર અંતિમ નિયમોને સૂચિત કરી શકે છે.

નવા શ્રમ સંહિતા લાગુ થયા પછી, કર્મચારીઓ માટે લેખિત નિમણૂક પત્રો આપવા ફરજિયાત રહેશે. ૪૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના કર્મચારીઓ માટે મફત આરોગ્ય તપાસની જોગવાઈ હશે. સમાન કામ માટે સમાન પગાર અને મહિલાઓને વિવિધ શિફ્ટમાં કામ કરવાની સમાન તકો પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.સામાજિક સુરક્ષાના વ્યાપને ઝડપથી વિસ્તૃત કરવાની પણ યોજના છે. સરકાર માર્ચ ૨૦૨૬ સુધીમાં ૧ અબજ કામદારોને સામાજિક સુરક્ષા કવરેજ પૂરું પાડવાનું લક્ષ્ય રાખે છે. જ્યારે ૨૦૧૫ માં કવરેજ માત્ર ૧૯ ટકા હતું, તે ૨૦૨૫ માં વધીને ૬૪ ટકાથી વધુ થઈ ગયું છે.ભારતીય ઉદ્યોગ સંઘના મહાનિર્દેશક ચંદ્રજીત બેનર્જીએ જણાવ્યું હતું કે ચાર શ્રમ સંહિતા માટે ડ્રાફ્ટ નિયમોનું પ્રકાશન શ્રમ સુધારાઓ લાગુ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ ઉદ્યોગને તૈયાર કરવામાં, પાલનને સરળ બનાવવામાં અને કામદારોના રક્ષણને મજબૂત બનાવવામાં મદદ કરશે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ પહેલાથી જ સ્પષ્ટતા કરી છે કે વર્તમાન પરિસ્થિતિઓને પ્રતિબિંબિત કરવા માટે જૂના ડ્રાફ્ટ નિયમોને અપડેટ કરવાની જરૂર છે. આ જ કારણ છે કે સરકારે નવા ડ્રાફ્ટ નિયમો બહાર પાડ્યા છે.ચાર શ્રમ સંહિતાનો અમલ ભારતની શ્રમ પ્રણાલીમાં સૌથી મોટો સુધારો માનવામાં આવે છે. આ કર્મચારી સલામતી, વેતન અને કાર્યકારી પરિસ્થિતિઓ પર વધુ સ્પષ્ટતા પ્રદાન કરશે, જ્યારે વ્યવસાયો માટે નિયમોનું પાલન કરવાનું સરળ બનાવશે. જો બધું નિર્ધારિત સમયરેખા મુજબ ચાલે છે, તો રોજગાર, પગાર અને કામના કલાકો સંબંધિત નિયમો ખરેખર ૧ એપ્રિલ, ૨૦૨૬ થી એક નવું સ્વરૂપ ધારણ કરશે. જો કે, અંતિમ ચિત્ર રાજ્યની સૂચનાઓ અને અંતિમ નિયમો પર આધારિત રહેશે.

# સ્વચ્છતામાં નંબર ૧ ઈન્દોરમાં પાણીના પ્રદૂષણથી હજારો ઝપટે ચડ્યા: નવના મોત

## પીવાના પાણીની લાઈનમાં ગટરનું ગંદુ પાણી ભળી જવાથી ૯ના મોત હોસ્પિટલોમાં ૧૬૨ દર્દીઓ દાખલ

આઠ વર્ષથી સતત દેશનું સૌથી સ્વચ્છ શહેર ગણાતું ઈન્દોર અત્યારે પાણીના પ્રદૂષણને કારણે મુશ્કેલીમાં મુકાયું છે. શહેરના ભગીરથપુરા વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ગટરનું ગંદુ પાણી ભળી જવાથી મોટો રોગચાળો ફાટી નીકળ્યો છે. આ દૂષિત પાણી પીવાને કારણે અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે ઝાડા-ઉલટીની ફરિયાદ સાથે ૧૬૨ જેટલા દર્દીઓ શહેરની અલગ-અલગ ૨૭ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે, જેમાંથી ૨૬ દર્દીઓની હાલત ગંભીર હોવાથી તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે.

આ ગંભીર ઘટનાની તપાસ કરતા જાણવા મળ્યું છે કે, એક પોલીસ ચેક-પોસ્ટ પાસે બનેલા શૌચાલયનું ગંદુ પાણી કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે સીધું પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભળી ગયું હતું. આ વિસ્તારની લગભગ ૧૫,૦૦૦ની વસ્તી પર જોખમ ઊભું થયું છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં આશરે ૮,૦૦૦ ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે, જેમાં ૨,૪૦૦થી વધુ લોકોમાં બીમારીના લક્ષણો જોવા મળતા તેમને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

મુખ્યમંત્રી મોહન યાદવે આ ઘટનાની ગંભીરતાને જોતા મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની સહાય અને તમામ દર્દીઓને મફત સારવાર આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, ફરજમાં બેદરકારી બદલ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને એક એન્જિનિયરને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. હાઈકોર્ટે પણ આ મામલે કડક વલણ અપનાવીને સરકાર પાસે ૨ જાન્યુઆરી સુધીમાં સંપૂર્ણ અહેવાલ માંગ્યો છે.

# વાહ રે ઉદ્યોગપતિ : ૬૦ બોગસ કંપનીથી રૂ.૬૨૦૦ કરોડનું કૌભાંડ આચર્યું

## નકલી બિલ અને રસીદો બનાવી બેંકોને છેતરવામાં આવી અને તેનું ૯૯% વેચાણ માત્ર હિસાબી ચોપડામાં જ હતું

**અબતક દિલ્હી**

બેંકિંગ ઈતિહાસમાં છેતરપિંડીનો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જેમાં કોઈ વાસ્તવિક ધંધા વગર માત્ર હિસાબી ચોપડાઓના આધારે રૂ.૬૨૦૦ કરોડની લોન મેળવીને બેંકોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. મુખ્ય આરોપી સંજય સુરેકાએ પોતાની કંપની 'કોનકાસ્ટ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ' દ્વારા આ ખેલ રચ્યો હતો. તેણે ૬૦ જેટલી નકલી કંપનીઓ ઉભી કરી હતી. હકીકતમાં કોઈ માલની અવરજવર થતી નહોતી, પરંતુ કાગળ પર એવું બતાવવામાં આવતું કે કંપનીઓ વચ્ચે કરોડોનો સ્ટીલનો વેપાર થઈ રહ્યો છે. ટ્રકોના નકલી બિલ અને રસીદો બનાવીને બેંકોને છેતરવામાં આવી હતી. ૯૯% વેચાણ માત્ર હિસાબી ચોપડામાં જ હતું. બેંક ખાતામાં કોઈ વાસ્તવિક નાણાંની લેવડ-દેવડ થતી નહોતી. લાંચના પૈસાથી નકલી કંપનીઓના નામે મિલકતો ખરીદવામાં આવી હતી, જે બાદમાં ગોયલના પરિવારના નામે ટ્રાન્સફર કરી દેવાઈ હતી. ઈડી દ્વારા મે મહિનામાં બેંકના પૂર્વ સીએમડી એસ.કે. ગોયલની અને ૨૦૨૪ માં સંજય સુરેકાની ધરપકડ કરવામાં આવી છે.

બેંકોએ રૂ.૬૨૦૦ કરોડની લોન આપી હતી, પરંતુ તેની સામે રિકવરી માટે કંપનીની મિલકતોની કિંમત માત્ર રૂ. ૬૦૦ કરોડ જ છે. અત્યાર સુધીમાં માત્ર રૂ. ૪૩૪ કરોડની મિલકતો જ વેચી શકાઈ છે . ઈડીએ આ મામલે અત્યાર સુધીમાં રૂ. ૧૦૦ કરોડથી વધુની સંપત્તિ ટાંચમાં લીધી છે. આનાથી એવું લાગી રહ્યું છે કે કેવી રીતે સિસ્ટમની ખામીઓનો લાભ ઉઠાવીને અને ભ્રષ્ટ અધિકારીઓની મદદથી સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી.

# જીડીપી દરમાં વધારો કરવાની દિશામાં કામ કરો: દરેક જિલ્લાને સીએમની સુચના

## જીડીપીમાં વૃધ્ધી માટે ઉચ્ચ સનદી અધિકારીઓને અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

રાજયના તમામ જિલ્લામાં સમાન આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી જીડીપીના દરમાં વધારવાની દિશામાં કામ કરવાની મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને '૫ ટ્રિલિયન ઈકોનોમી' બનાવવાનું જે લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તેને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવશે. આ દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના તમામ જિલ્લાઓના જીડીપી દરમાં વૃદ્ધિ કરીને સમગ્ર રાજયનો આર્થિક વિકાસ દર વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

આ અંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં લેવાયેલા શ્રેણીબદ્ધ આર્થિક સુધારાઓને પરિણામે ભારતના જીડીપી દરમાં ઉત્તરોત્તર વધારો અને મોંઘવારી દરમાં ઘટાડો થઈ રહ્યો છે. દેશની અર્થવ્યવસ્થામાં ગુજરાત હંમેશા ગ્રોથ એન્જિન રહ્યું છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે કેબિનેટ બેઠકમાં રાજ્યના સર્વાંગી અને સમાન આર્થિક વિકાસ માટે એક નવો રોડમેપ રજૂ કર્યો છે.

મુખ્યમંત્રીએ બેઠકમાં અવલોકન કર્યું છે કે રાજ્યના કેટલાક જિલ્લાઓ આર્થિક રીતે ખૂબ પ્રગતિશીલ છે, જ્યારે અમુક જિલ્લાઓમાં હજુ પણ વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ સહિતના તમામ ઉચ્ચ સનદી અધિકારીઓને સૂચના આપી છે કે, દરેક જિલ્લાની આગવી વિશેષતા અને ત્યાં રહેલી વિકાસની સંભાવનાઓને ઓળખીને તે મુજબનો એક્શન પ્લાન તૈયાર કરીને જે જિલ્લાઓનો જીડીપી દર ઓછો છે, ત્યાં આર્થિક ગતિવિધિઓ વધારીને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાની કામગીરી હાથ ધરવામાં આવે.મંત્રીએ અંતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકારના આ સુદ્રઢ આયોજન અને જિલ્લા સ્તરે આર્થિક સશક્તિકરણના કારણે ગુજરાત વડાપ્રધાનના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# હાલાર પંથકમાં ભર શિયાળે માવઠાથી જગતાત ચિંતિત

## વર્ષ ૨૦૨૫ના અંતિમ દિવસે કુદરતનો પ્રકોપઃ જામનગર કાલાવડ દ્વારકા સહિતના વિસ્તારો છૂટોછવાયો વરસાદઃરવિ પાક પર તોળાતું સંકટ


તસવીરઃ રાજુરામોલિયા કાલાવડ


તસવીરઃ મહેન્દ્રકકકડ દ્વારકા

હાલાર પંથકમાં હવામાનનું પાંસું ફરી વળ્યું છે. જામનગર, દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ છવાયું છે, જેના કારણે માવઠાનું મોકાણ થતું હોવાનું જોવા મળી રહ્યું છે. સૂર્યદેવના દર્શન મોડા થતાં ઠંડક સાથે ભેજવાળી હવાએ માહોલ બદલી નાખ્યો છે.હવામાન વિભાગના અનુમાન મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હાલાર પંથકમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શકયતા છે. આ બદલાયેલા વાતાવરણથી એક તરફ ઠંડીમાં નરમાઈ જોવા મળી રહી છે, તો બીજી તરફ રવિ પાક વાવેતર કરેલા ખેડૂતોમાં ચિંતા પણ વધી છે.ખેતીવાડી તંત્ર અને માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોને આગોતરી સાવચેતી રાખવા, ખુલ્લામાં ઉપજ ન મુકવા તથા જરૂરી પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. હાલાર પંથકમાં માવઠાના સંકેતોને લઈ વહીવટી તંત્ર પણ સજાગ બન્યું છે.

આ બદલાયેલ હવામાન વચ્ચે આવનારા કલાકોમાં વરસાદની સ્થિતિ પર સૌની નજર મંડાઈ છે.

આશ્ચર્યજનક રીતે ડિસેમ્બરના અંત સુધી હજુ જોઈએ તેવી ઠંડી પડી નથી. હાલ જામનગરમાં વિચિત્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે, જ્યાં વહેલી સવારે અને રાત્રે ઠંડી, બપોરે ગરમી અને હવે વરસાદની આગાહીને પગલે એકસાથે ત્રણ ૠતુનો સંગમ જોવા મળી રહ્યો છે. આજે પરોઢિયે વાદળછાયા વાતાવરણ અને ધુમ્મસને કારણે નવ વાગ્યા સુધી સૂર્યદેવના દર્શન થયા ન હતા, જેને લીધે ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે.હવામાન વિભાગની આગાહી મુજબ કાલાવડ તાલુકા મા વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો.ભરશિયાળે કાલાવાડ શહેર તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો.ભર શિયાળે કમોસમી વરસાદ પડ્યો.જગત નો તાત ચિંતા માં જોવા મળ્યો.

તાલુકાના નવારણુંજા ,દેવપુર, પીઠડીયા , ધુતારપર, નિકાવા , વોડિસંગ , ખંઢેરા ,હરીપર , વાવડી, ખાંનકોટડા, બાંગા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડતા ખેડૂતો ના ઊભા પાક મા નુકસાની ની ભીતી સેવાઈ જવા પામી હતી.શિયાળાની ઠંડી વચ્ચે ચોમાસા જેવી ૠતુનો અનુભવ થયો.કમોસમી વરસાદને પગલે જગતના તાતની ચિંતામાં વધારો ખેતરો માં ઉભેલ પાક જીરું, લસણ , ચણા , કપાસ , ધાણા, કલેનજી જેવા પાક ને નુકસાનની ભીતિ સેવાઈ. જગત નો તાત મૂંઝાયો. દ્વારકા શહેરમાં હવામાન ખાતાની આગાહી અનુસાર બપોરના સમયે કમોસમી વરસાદનું ઝાપટુ વરસ્યું હતુ. જેના કારણે ઠેર ઠેર રોડ રસ્તા ભીંજાયા હતા અને ખાબોચીયા ભરાયેલા જોવા મળ્યા હતા. શિયાળાના સમયમાં પડેલા વરસાદી ઝાપટાને લીધે તાપમાનનો પારો ગગડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

## કમોસમી વરસાદની આગાહીના પગલે માર્કેટિંગ યાર્ડ બે દિવસ માટે બંધ

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં કમોસમી વરસાદ (માવઠું) પડવાની આગાહી કરવામાં આવી છે, જેની સીધી અસર જામનગરના કૃષિ બજાર પર જોવા મળી રહી છે. સંભવિત વરસાદથી ખેડૂતોના પાકને નુકસાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા રૂપે જામનગર ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ (અઙખઈ) દ્વારા આજથી આગામી બે દિવસ સુધી વિવિધ જણસોની આવક બંધ રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.જામનગર માર્કેટિંગ યાર્ડના ચેરમેનએ જણાવ્યું હતું કે, ખેડૂતોએ પોતાની જણશી વેચવા માટે યાર્ડમાં ન આવવું. તેમજ જે ખેડૂતો કે વેપારીઓનો માલ યાર્ડમાં પડ્યો હોય, તેઓએ તેને સુરક્ષિત સ્થળે ખસેડવા અથવા તાડપત્રી ઢાંકીને રાખવા સાવચેતીના પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.

# પ્રદેશન ભાજપ સંગઠનમાં આશાબેન નકુમને સ્થાન મળતા ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે સન્માન

**અબતક, રાજુ રામોલીયા કાલાવડ**



જામનગર અટલ ભવન ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનના નવનિયુક્ત પ્રદેશ મંત્રી આશાબેન નકુમનું કાલાવડ તાલુકાના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જીલ્લા ભાજપ મહામંત્રી અભિષેકભાઈ પટવા, કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નીરવભાઈ ભટ્ટ, કાલાવડ પૂર્વ શહેર ભાજપ પ્રમુખ હસુભાઈ વોરા, કાલાવડ શહેર ભાજપ મહામંત્રી મીતભાઈ ફળદુ , તરુણભાઈ ચૌહાણ સહિત કાલાવડ શહેર ભાજપ સંગઠન દ્વારા સન્માન કરી શુભેચ્છા પાઠવેલ હતી.

# થર્ટી ફર્સ્ટે ડમડમ હાલતમાં નિકળેલા ૧૬૫ ઝડપાયા

## ટ્રાફિક ભંગ બદલ ૫૭ વાહનો ટિડેઈનઃ ૧૮ જુગારના કેસ કર્યા

**અબતક, જામનગર**



જામનગરમાં થર્ટી ફર્સ્ટના આયોજનને લઈ પોલીસ પણ સતર્ક બની છે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસે જુદી જુદી ટીમો બનાવી છે. પોલીસ દ્વારા હાલ સતત વાહન ચેકિંગ સહિતની કાર્યવાહી ચાલી રહી છે. આ દરમિયાન જામનગર જિલ્લાના જુદા જુદા સ્થળોએથી પ્રોહીબિશનના ૧૬૫ કેસ કરી સપાટો બોલાવવામાં આવ્યો હતો.

બાય બાય ૨૦૨૫ અને વેલકમ ૨૦૨૬ ના વધાવવા માટે જામનગરમાં યુવાધન અધિ બન્યું છે. થર્ટી ફર્સ્ટના આયોજન લઈ પોલીસ દ્વારા કેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે? આ મામલે એસપી પત્રકારોને માહિતી આપતા જણાવ્યું કે પોલીસ દ્વારા હાલ જુદી જુદી ડ્રાઈવ યોજવામાં આવી રહી છે ત્યારે



જામનગર જિલ્લામાં ડ્રાઈવ દરમ્યાન ૧૬૫ કેસ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જુગાર મામલે ૧૮ કેસ અને દારૂનો નશો કરેલી હાલતમાં નીકળેલા ૪૨ વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. વધુમાં આરટીઓના નિયમના ભંગ બદલ ૫૭ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. વધુમાં ફોરવીલમાં ડાર્ક ફિલ્મ લગાવી વાહન ચલાવતા ૧૧૯ શખ્સોને પકડી પોલીસે કાયદાના પાઠ ભણાવ્યા હતા. બીજી તરફ રોંગ સાઈડમાં આવી ધુમ સ્ટાઈલમાં બાઈક ચલાવતા પણ ૨૧ શખ્સો સામે પોલીસે દંડાત્મક કાર્યવાહી કરી છે. થર્ટી ફર્સ્ટની પાર્ટીની ઉજવણીના આયોજન અંગે એસપીએ જણાવ્યું કે જામનગર અને જામનગરની ભાગોળે લગભગ પાંચથી છ જગ્યાએ નવા વર્ષને લઈ આયોજન હાથ ધરવામાં આવ્યા છે.

# લાલપુરના મોડપર ગામે જામનગર જિલ્લા સહકારી બેંકની નવી શાખાનું ઉદ્‌ઘાટન

## આ શાખાથી સ્થાનિક વેપારીઓ-ખેડુતો સ્વસહાય જુથોને ઘર આંગણે ઉત્તમ બેકીંગ સુવિધા મળશેઃ ચેરમેન જીતુ



**અબતક,જામનગર**

જામનગર જીલ્લા સહકારી બેંકની વધુ એક શાખા લાલપુર તાલુકાના મોડપર ગામ ખાતે કાર્યરત કરવામાં આવી છે. મોડપર ગામના જ વતની પૂર્વ રાજ્યમંત્રી હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ની સ્મૃતિમાં તેમના પરિવાર દ્વારા ભૂમિદાન કરી બેંકની શાખા માટે હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) સહકાર ભવનમાં નવી શાખાનું ઉદઘાટન દાતા પરિવારના વડિલ મંજુલાબેન હરિદાસ લાલ તેમજ પરિવારના મોભી અશોકભાઈ લાલના હસ્તે રાખવામાં આવ્યું હતુ.આ પ્રસંગે જામનગર જીલ્લા સહકારી બેંકના ચેરમેન જીતુભાઈ લાલ દ્વારા બેંકના ભવિષ્યના આયોજનો, ટેકનોલોજી આધારિત નવીનતમ બેકીંગ સેવાઓ તેમજ ડીઝીટલ સેવાઓના વિસ્તરણ માટેની માહિતી તેમજ બેંકની નાણાંકિય સ્થિરતા વિષયક આપવામાં આવી હતી

જામનગર જીલ્લા બેંકના મોડપર શાખાના ઉદઘાટક અને બેંકના પૂર્વ ચેરમેન તેમજ લાલપુર તાલુકાના ડાયરેકટર અશોકભાઈ લાલે પ્રાસંગીક વકતવ્ય આપતાં કહ્યું હતું કે, આ નવી શાખાથી સ્થાનિક વેપારીઓ - ખેડુતો- સ્વસહાય જુથો વિગેરેને ઘરઆંગણે ઉતમ બેકીંગ સુવિધા મળશે. તેઓએ ગ્રામ્ય વિસ્તારમાં ચોરી જેવી પરિસ્થિતી રક્ષણ માટે આ બેંકમાં લોકર સુવિધા આપવા કર્યુ હતુ સાથે જ લાલપુર તાલુકામાં જીલ્લા સહકારી બેંકની વધુ શાખાઓ ખોલવા પણ જણાવ્યું હતું.

બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ડો.મૌનિલ હાથીએ આભાર દર્શન કરતાં જામનગર જીલ્લા સહકારી બેંક લી. સહકારી મૂલ્યોને જાળવી રાખી સમાવેશક વિકાસ અને ઉતમ ગ્રાહક સેવાના ઉદ્દેશ સાથે સતત આગળ વધી રહી છે અને હરહંમેશ ખેડુતો ગ્રાહકોના હિતને ધ્યાન ઉપર રાખી કામગીરી કરશે તેની ખાત્રી આપી હતી.

# દ્વારકાધીશને શીશ ઝુકાવી અંબાણી પરિવારે તમામ માટે નવુ વર્ષ મંગલમય રહે તેવી પ્રાર્થના કરી



**અબતક, મહેન્દ્ર કકકડ દ્વારકા**

રીલાયન્સ ગ્રુપના અંબાણી પરિવારના મુકેશભાઈ અંબાણી, તેમના પુત્ર અનંત અંબાણી તેમજ પુત્રવધુ રાધિકા અનંત અંબાણીએ વર્ષ ૨૦૨૫ના અંતિ દિને સાંજના ઠાકોરજીના ઉત્થાપન સમયે યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ મંદિરે કાળિયા ઠાકોરને શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. અને આગામી વર્ષ ૨૦૨૬ સર્વકોઇ માટે સુખ-સમૃધ્ધિ ભર્યુ રહે તેવી કામના કરી હતી. બાદમાં તેઓએ શારદામઠની મુલાકાત લઈ બ્રહ્મચારી નારાયણાનંદજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# ધ્રોલના હરીપર ગામે ૧૦૦૦ વૃક્ષોના સંકલ્પ સાથે સાકાર થયું ‘નારાયણ વન’

**અબતક, સંજય ડાંગર ધ્રોલ**



ધ્રોલઃ ‘‘મન હોય તો માળવે જવાય‘‘ અને જો તમારા ઈરાદા નેક હોય તો સ્વયં કુદરત પણ તમારો માર્ગ પ્રશસ્ત કરે છે. આ ઉક્તિને સાર્થક કરતી એક પ્રેરણાદાયી ઘટના જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના હરીપર ગામે આકાર લઈ રહી છે. અહીં ગ્રામજનોના પર્યાવરણ પ્રેમ અને અતૂટ શ્રદ્ધાએ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. હરીપર ગામે ગોરડીયા હનુમાનજી દાદાના માર્ગ પર સ્થિત ‘નારાયણ વન’ ખાતે પર્યાવરણની જાળવણીના ઉમદા હેતુ સાથે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગની ગંભીર સમસ્યા સામે લડવા અને પ્રકૃતિનું સંતુલન જાળવવાના ભાગરૂપે હરીપર ગ્રામ પંચાયત, પીજીવીસીએલ, વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે આ ‘નારાયણ વન’ બનાવવાનું ભગીરથ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત પર્યાવરણ માટે અત્યંત ઉપયોગી અને ઓક્સિજનના અખૂટ સ્રોત સમાન ૫૦૦ પીપળા અને ઉમરા-વડલા સહિત કુલ ૧૦૦૦ વૃક્ષોનું રોપણ કરવાનું લક્ષ્ય છે, જેના પ્રથમ તબક્કાનું વાવેતર હાલમાં જ સંપન્ન થયું છે.આ કાર્યક્રમમાં પીજીવીસીએલ જામનગર સર્કલ ઓફિસના અધિક્ષક ઈજનેર એચ.ડી. વ્યાસ તેમજ રૂરલ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર એમ.એમ. રાબડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પોતે વૃક્ષારોપણ કરી આ કાર્યને પ્રોત્સાહિત કર્યું હતું. સ્થાનિક નેતૃત્વમાં હરીપર ગામના સરપંચ અને ધ્રોલ તાલુકા સરપંચ સંગઠનના પ્રમુખ રામજીભાઈ મુંગરા, વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક જોડાઈને આ કાર્યને સફળ બનાવ્યું હતું.

# દરેડ ગામે ૧૯૬૨ પશુ હેલ્પલાઈનની ટીમ બની દેવદૂત

## ગાયના ગર્ભાશયનું સફળ ઓપરેશન કરી જીવ બચાવ્યો




૧૯૬૨ પશુ ઈમરજન્સી સેવા રાજ્યના પશુપાલકો માટે ખરા અર્થમાં જીવનદાયી સાબિત થઈ રહી છે.તાજેતરમાં જામનગર જિલ્લાના દરેડ ગામે પશુ ચિકિત્સાની માનવતાભરી કામગીરીનું એક ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું, જ્યાં ૧૯૬૨ની ટીમે એક ગાયને ગંભીર પીડામાંથી મુક્ત કરી નવજીવન આપ્યું હતું.દરેડ ગામના પશુપાલક રાજભાઈ વસોયાની ગાયને અચાનક ગર્ભાશય બહાર આવી જવાની ગંભીર તકલીફ સર્જાઈ હતી. પશુ અસહ્ય પીડામાં હોવાથી પશુપાલકે તાત્કાલિક ૧૯૬૨ હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. કોલ મળતાની સાથે જ ચંદ્રગઢ લોકેશનની એમ્બ્યુલન્સના વેટેનરી ડોક્ટર મીત ચૌધરી અને પાયલટ કમ ડ્રેસર પ્રફુલભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ડોકટરના નિરીક્ષણમાં ગાયનું ગર્ભાશય સંપૂર્ણપણે બહાર નીકળી ગયું હોવાનું જણાતા સ્થિતિ અત્યંત નાજુક હતી. જોકે, ૧૯૬૨ની ટીમે કુશળતા પૂર્વક આશરે બે કલાકની ભારે જહેમત બાદ સફળતાપૂર્વક ગર્ભાશયને મૂળ સ્થાને સ્થાપિત કરી ગાયનો જીવ બચાવ્યો હતો.

# દ્વારકાઃ સનસેટ પોઈન્ટ નિહાળી સહેલાણીઓએ વિતેલા વર્ષના સંભારણા તાજા કર્યા

## સંગમ ઘાટ, ગાયત્રી બીચ, લાઈટ હાઉસ, ભડકેશ્વર ચોપાટી, શિવરાજ બીચ સહિતના સ્થળે યાત્રાળુ ઉમટયાં

**અબતક, મહેન્દ્ર કકકડ દ્વારકા**



ભારતનું પશ્ચિમ દિશાનું છેવાડાના સ્થળે આવેલ યાત્રાધામ દ્વારકામાં વર્ષ ૨૦૨૫ નો અંતિમ દિન હોય ભારતની ભૂમિ પર વર્ષ ૨૦૨૫ ના સૂર્યના છેલ્લા કિરણને નિહાળવાનો અનેરો લ્હાવો લેવા સંધ્યા સમયે દ્વારકાના સહેલાણીઓ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. દ્વારકાના સનસેટ પોઈન્ટ એક દર્શનીય સ્થળ હોય કુદરતના ખોળે વિતેલા વર્ષના સંભારણાને યાદ કરી સનસેટને નિહાળવા દર વર્ષે સહેલાણીઓ એકત્ર થઈ સનસેટ સાથે સેલ્ફી લેતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત દ્વારકાના સંગમ ઘાટ, ગાયત્રી બીચ, લાઈટ હાઉસ, ભડકેશ્વર ચોપટી સહિતના સ્થળે પણ બહોળી સંખ્યામાં સહેલાણીઓ ઉમટયા હતા.

૭૦ લાખથી વધુની આબાદી ધરાવતું

# સુરત બનશે દેશનું પ્રથમ સ્લમ ફ્રી શહેર: રાજકોટની રોનક ક્યારે વધશે?

## બે દાયકામાં સુરતમાં ઝુંપડપટ્ટી વિસ્તાર ૩૮ ટકાથી ઘટી પાંચ ટકા સુધી પહોંચી: રાજકોટમાં પીપીપી યોજના સફળ ન રહેતા ઝુંપડપટ્ટી મૂક્ત સિટી બનતા હજી દાયકાઓ નિકળી જશે

**અબતક, રાજકોટ**

૭૦ લાખથી પણ વધુ આબાદી ધરાવતું ગુજરાતનું સુરત શહેર દેશના પ્રથમ સ્લમ ફ્રી શહેર બનવા તરફ જેટગતીએ આગળ વધી રહ્યું છે. બે દાયકામાં સુરતમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં ૩૩ ટકાનો માતબર ઘટાડો નોંધાયો છે. રાજકોટ પણ ઝુંપડપટ્ટી મૂકત શહેર બને તેવું શહેરીજનોનું સપનું સાકાર થતા હજી દાયકાઓ નિકળી જશે.

શહેરમાં ઝુંપડપટ્ટીનું દુષણ દૂર થાય અને ઝુંપડામાં વસતા લોકોને પાકા મકાન મળી રહે તે માટે



### પાંચ વર્ષમાં પાંચ લાખ આવાસ બનાવશે ગુજરાત સરકાર

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હર સર કો છતના કાર્ય મંત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સમગ્ર દેશમાં આગામી પાંચ વર્ષ દરમિયાન એક કરોડથી વધુ આવાસ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

જે અંતર્ગત ગુજરાત પણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે ૫.૫૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. આ આવાસોના નિર્માણથી ગુજરાતના લાખો ગરીબ પરિવારોને પાકા આવાસ મળશે.આગામી પાંચ વર્ષમાં આવાસ નિર્માણના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીએ અત્યારથી જ જમીન સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને વિવિધ કામગીરી હાથ ધરવા માટે રાજ્યના વહીવટી તંત્રને કેબિનેટ બેઠકમાં આદેશો આપ્યા છે,

પીપીપી યોજના પણ અમલમાં છે. શહેરમાં ચારેક સ્લમ વિસ્તારમાં આ યોજનાની સફળ અમલવારી કરવામાં આવી છે જોકે તેની સામે પણ અનેક અડચણો આવી હતી. રાજકોટના બિલ્ડરોને પીપીપી યોજનામાં રસ નથી બીજા શહેરમાંથી કોઈ ડેવલોપર્સ આવે તો તેને અનેક મુસિબતોનો સામનો કરવો પડે છે. બીજી તરફ હવે આરએમસીને પણ સ્લમ ફ્રી સિટીમાં રસ ઓછો થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. વ્યાપક વિરોધ,

(અનુ. આઠમા પાને)

# ૩૪ જિલ્લા પંચાયતના પ્રમુખોને ૧ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ અપાશે

## ગ્રાન્ટનો ઉપયોગ સ્થાનિક વિસ્તારના અગત્યના કામો માટે કરી શકાશે

**અબતક, રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજયના તમામ ૩૪ જિલ્લાઓમાં જિલ્લા પંચાયતના પ્રમુખોને ૧ કરોડ રૂપીયાની વાર્ષિક વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ માટે મહત્વપૂર્ણ જનહિતલક્ષી નિર્ણય કર્યો છે.

આ હેતુસર મુખ્યમંત્રીએ રાજ્યની બધી જ ૩૪ જિલ્લા પંચાયતોના પ્રમુખને રૂ. ૧ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જે-તે જિલ્લાના સ્થાનિક અગત્યતા ધરાવતા વિકાસ કામો માટે ફાળવવાના દિશાનિર્દેશો આપ્યાં છે.

રાજ્યમાં ધારાસભ્યને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિકાસ કામો માટે ૨.૫ કરોડ રકમની ગ્રાન્ટ ફાળવવાની પ્રથા પ્રવર્તમાન છે.

મુખ્યમંત્રી સમક્ષ જિલ્લા પંચાયતના પ્રમુખએ પોતાના જિલ્લામાં ગ્રામીણ વિકાસ કામોને

(અનુ. આઠમા પાને)

# રાજકોટ આર્મ્સ યુનિટના પ્રફુલ રોશન અને રાજકુમાર પાંડિયનને DGPનું પ્રમોશન: અન્ય ૧૨ને બઢતી

## નરસિમ્હા કોમાર, ડો. વિપુલ અગ્રવાલ ADGP બન્યા: ડેપ્યુટેશન પર રહેલા ત્રણ અધિકારીઓ સહીત ચારને આઈજી તરીકે બઢતી

## રાજકોટના તત્કાલીન ડીસીપી ડો. કરણરાજ વાઘેલા, બલરામ મીણા, સુધીર દેસાઈ અને એસ વી પરમાર સહીત છ અધિકારીઓને ડીઆઈજીનું પ્રમોશન

**અબતક, રાજકોટ**

રાજ્યના ૪૯ આઈપીએસ અધિકારીઓને નવા વર્ષની ભેટ મળી છે. સિનિયર આઈપીએસ રાજકુમાર પાન્ડિયન અને પ્રફુલકુમાર રોશનને ડીજીપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. બે અધિકારીઓને એડીજીપી, ચાર અધિકારીઓને આઈજી અને છ અધિકારીઓને ડીજીપીનું પ્રમોશન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સાત અધિકારીઓને સિલેક્શન ગ્રેડ અને ૨૮ અધિકારીઓને જુનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડનો લાભ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ આર્મ્સ યુનિટના એડીજીપી ડો. પ્રફુલકુમાર રોશન અને લો એન્ડ ઓર્ડરના વડા રાજકુમાર પાન્ડિયનને ડીજીપીનું પ્રમોશન મળ્યું છે. વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને દિલ્હી ખાતે ડેપ્યુટેશન પર રહેલ આઈપીએસ ડો.વિપુલ અગ્રવાલને એડીજીપી તરીકે પ્રમોટ કરવામાં આવ્યા છે. અમદાવાદના એડિશનલ પોલીસ કમિશનર નીરજકુમાર બડગુજર,

(અનુ. આઠમા પાને)

## ૨૮ IPSને જુનિયર એડમિનિસ્ટ્રેટીવ ગ્રેડ અને સાત અધિકારીઓને સિલેક્શન ગ્રેડનો લાભ અપાયો

# જૂનાગઢ જિલ્લા બેંકમાંથી પોરબંદર અને જામનગર બેંકમાંથી દેવભૂમિ દ્વારકા ડિસ્ટ્રીકટ બેંક બનશે

## જિલ્લા બેંકોની રચના માટે રાજય સરકાર દ્વારા નાબાર્ડ મારફત આરબીઆઈને દરખાસ્ત મોકલશે

**અબતક, રાજકોટ**

જુનાગઢ જિલ્લા બેન્કમાંથી અલગ કરી પોરબંદર જીલ્લા બેન્ક અને જામનગર જિલ્લા બેન્કમાંથી દેવભૂમિ દ્વારકા ડિસ્ટ્રીકટ બેન્ક બનવવામાં આવશે.રાજ્યમાં ૯ નવી જીલ્લા મધ્યસ્થ બેંકની રચના કરવા રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.આ અંગે ટૂંક સમયમાં નાબાર્ડ મારફત આરબીઆઈ સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે.

સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા અને પોરબંદર સહિત રાજયના ૯ જિલ્લાઓમાં મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવાનો નિર્ણય રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. આ માટે નાબાર્ડ મારફત રાજય સરકાર દ્વારા આરબીઆઈને દરખાસ્ત મોકલવામાં આવશે.

ગુજરાતમાં ૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચનાને કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય સહકારી બેંકોનો વ્યાપ વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જેને પરિપૂર્ણ કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ ભારતના સહકારિતા મંત્રાલય દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે.

આ પહેલના ભાગરૂપે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી. આ નોટમાં ગુજરાતમાં પણ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, ભારત સરકારના દિશાનિર્દેશ હેઠળ આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે આ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી છેવાડાના ખેડૂતોને ધિરાણ મેળવવામાં સરળતા રહેશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે.

રાજ્યની વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે. જેમાં, પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટાઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જૂનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી

(અનુ. આઠમા પાને)

# ભાજપ હાઈકમાન્ડે મહામંત્રી અનિરૂધ્ધ દવેને સૌરાષ્ટ્ર ઝોનનો હવાલો સોંપ્યો

## પ્રશાંત કોરાટને દક્ષીણ ઝોનના પ્રભારી બનાવાયા સાથે હેડ કવાર્ટરના ઈન્ચાર્જ તરીકે નિયુક્તિ: હિતેન્દ્રસિંહ ચૌહાણને મધ્ય ઝોનની જવાબદારી

**અબતક, રાજકોટ**









પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા ગત શનિવારે સંગઠન માળખાની જાહેરાતની જાહેરાત કરાયા બાદ ચાર દિવસ બાદ અર્થાત બુધવારે રાત્રે ચારેય મહામંત્રીઓને ઝોનની ફાળવણી કરી દેવામાં આવી છે. હવે કમુરતા ઉતર્યા બાદ કારોબારી, પાર્લામેન્ટરી બોર્ડ અને કોર કમિટીની રચના કરી દેવામાં આવે તેવી શકયતા જણાય રહી છે. શહેર અને જિલ્લાના સંગઠન માળખાની પણ રચના કરી દેવામાં આવશે.

ધારાસભ્ય અનિરૂધ્ધસિંહ દવેને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી બનાવવામાં આવ્યા છે જયારે યુવામહામંત્રી ડો. પ્રશાંતભાઈ કોરાટને દક્ષિણ ઝોનના પ્રભારી બનાવવામાં આવ્યા છે. સાથો સાથે હેડ કવાર્ટર અર્થાત કાર્યાલયના ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે.

અજયભાઈ બ્રહ્મભટ્ટને ઉત્તર ઝોનના પ્રભારી બનાવવામાં આવ્યા છે. જયારે હિતેન્દ્રસિંહ ચૌહાણને મધ્ય ઝોનના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. તમામ નિમણુંકની તાત્કાલીક અસરથી અમલવારી કરવાની પણ સુચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાંસદ વિનોદભાઈ ચાવડા ટીમ પાટીલમાં મહામંત્રી હતા ત્યારે તેઓની પાસે સૌરાષ્ટ્ર ઝોનનો હવાલો હતો.

# રાજકોટના પૂર્વ કલેકટર અને પૂર્વ મ્યુનિસિપલ કમિશનર સહિત પાંચ આઈએએસને પ્રમોશન

## ૧૯૯૬ની બેચના પાંચ સનદી અધિકારીઓને એડિશનલ ચીફ સેક્રેટરીનો ગ્રેડ અપાયો

**અબતક, રાજકોટ:** ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૬ બેચના પાંચ આઈએએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમાં રાજકોટના પૂર્વ કલેકટર અને પૂર્વ મ્યુનિ. કમિશ્નરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૪ આઈપીએસને પણ બઢતી આપવામાં આવી છે. હાલ રાજય સરકારના ફુડ, સિવીલ સપ્લાયર્સ એન્ડ કન્ઝયુમર અફેર્સ ડિપાર્ટમેન્ટમાં પ્રિન્સીપાલ સેક્રેટરી તરીકે જવાબદારી નિભાવતા મોનાબેન ખંધાર, ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી ડો. ટી. નટરાજન, હેલ્થ એનડ ફેમીલી વેલફેર ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી રાજીવ ટોપનો, ઈન્ડસ્ટ્રી એન્ડ માઈન્સના પ્રિન્સીપાલ સેક્રેટરી મમતા વર્મા અને એજયુકેશન ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી મુકેશ કુમારને એડિશનલ ચીફ સેક્રેટરીના ગ્રેડ પર પ્રમોશન આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈએએસ મોના ખંધાર રાજકોટના કલેકટર તરીકે અને મુકેશ કુમાર રાજકોટ મ્યુનિ. કમિશ્નર તરીકે ફરજ બજાવી ચૂકયા છે.


**સાધારણ સભા** ટ્રસ્ટ રજી.એ/૧૧૧૯

**શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ-રાજકોટ**
**વિરાણી પૌષધશાળા**

આથી દરેક આજીવન તથા સાધારણ સભ્યોને હાજર રહેવા વિનંતી
**સાધારણ સભા : તા. ૨૫-૦૧-૨૦૨૬, રવિવાર, સમય : સવારે ૧૦.૩૦,**
**સ્થળ : વિરાણી પૌષધશાળા, પેલેસ રોડ, રાજકોટ.**

:: એજન્ડા ::

૧ ગત મીટીંગની મીનીટ્સ વંચાણે લઈ મંજુર કરવા અંગે.
૨ ઓડીટેડ હિસાબો પાસ કરાવવા અંગે.
૩ ઓડીટરની નિમણુંક કરવા અંગે.
૪ પ્રમુખ સ્થાનેથી જે રજુ થાય તે.

**કોરમનાં અભાવે મુલત્વી રાખેલ સાધારણ સભા ૩૦ મીનીટ બાદ શરૂ કરવામાં આવશે ત્યારબાદ કોરમનો કોઈ બાદ રહેશે નહીં.**

ખાસ નોંધ :- જે સભ્યોને કોઈ પણ રજુઆત હોય તો તે સંઘની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન સવારે ૦૯.૩૦ થી ૧૨.૩૦ તથા ૦૪.૩૦ થી ૦૬.૦૦ સુધી લેખીતમાં તા. ૧૯.૦૧.૨૦૨૬ સોમવાર સુધીમાં આપવા વિનંતી. **શ્રી સ્થા. જૈન મોટા સંઘ - મંત્રીશ્રી**






| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | (AAY) | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | (PHH) | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

જાન્યુઆરી -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.